હેયદર હુલાસ.



રચનાર

માસ્તર ઇબ્રાહીમ જુશબ માહામદ
મુખી વરતેજી.

ધી ઇસ્ટર્ન પ્રીન્ટીંગ પ્રેસ મુંબઇ.

૧૯૦૦

કીમત બાર આના.

અરપણ પત્રિકા.

સોરઠો.

ઉદીત સૂર નિહાર
મુદિત મન ચકવા ભયે
બહોત હોત બલિહાર
કાસમ છબી દ્રગ દેખ યાં

—:0:—

કુદરતે

કીરતીના કીરણ રૂપે
ઝળકતી જીંદગી જાણા
વી એવા એ માયાળુ
* મરહુમ શેઠ !



કાશમભાઇ નાનજી

(ના ઉદાર આતમા)

તેં વર્ષ સત્તાવન જીવીને, જશભરી કરી જીન્દગી
નેકી કરી નીરમળપણે, મરતાં ભુલ્યો નહીં બંદગી
કરી કદ્ર કવીની કરમી, કાશમભાઇ કોડે શુધ મન
એ કારણે આ ગ્રંથ, પુરણ ખંતનો અરપુંતને,

---

* દોહરો—

મોહરમ બીજી તારીખે, પ્રગટ થતાં પરભાત
બુધવારે દુખમય બની, કાશમભાઇ વફાત

કાશમ વિરહ ગ્રન્થ ૨ જો.

યાઅલ્લી યુલઅજીમ.

પ્રસ્તાવના.

લાંબી મુદ્દત થયાં મારા કાવ્યનો ગ્રંથ બહાર પાડવા કેટલાકો તરફથી સુચના થએલી પરંતુ આપણી ખોજા કોમમાં આવા ધરમ સબંધી વિશયપર ગુજરાતી કવિતાઓનો પ્રસાર નવોજ હોવાથી તે બાબત જે કાંઇ વિચારવાનું હતું તે ધરમ સબંધી માસીકોમાં નમુના દાખલનાં કાવ્યો પ્રગટ કરાવી છેવટે આવા એક પ્રથમના પગલામાં આનંદીક ગ્રંથ બહાર પાડવા ઠેરાવ્યું. જે કેટલીક મુદ્દતે "દીન દરપણુ" જે આએ ગ્રંથનાં પાછલા ભાગમાં સમાવેલ છે તેવા વિષયનો ગ્રંથ તૈયાર કીધો પણ તેટલા પછી એક ઉરદુ કીતાબમાં જંગે "બીરૂલ અલમ" જે આજ પર્યંત કોઇ પણ ઠેકાણે ગુજરાતીમાં પ્રસિધ આવ્યો નથી અને વળી તે એક તવારીખ દાખલ કે જેનો મતલબ હ૦ ઈમામહુશૈન અ૦ કરબલામાં સહીદ થતી વખતે જે "જાફરજીન" નામે મદદે આવયો હતો તે આએ બીરૂલઅલમના બાદશાહનો દીકરો રાહલ જે તેના બાપનાં માર્યા જવા પછી બાદશાહ બન્યો હતો તેનો દીકરો તે હતો વીગેરે વીગેરે સબબથી તેનું ઉત્તરોતર ગુજરાતી વીરરસ કાવ્યમાં અનુંકરણ કીધું ને ત્યાર બાદ તે કેટલીક મુદ્દત સુધી આલીમોના અભીપ્રાય અરથે મુલતવી રાખવામાં આવ્યું. પછી એવા એક જાણકાર અને બીજા ગ્રહસ્થો સન્મુખ તે વાંચવામાં આવયાથી ધણીક પ્રસન્નતા મેળવી, સાથે બહાર પાડવા પણ સખત સુચના થઇ. આથી તેવી કોશીશને અંગે તેના ચાહક ગ્રાહકની ગણતરી રહેવા તેને "હુયદર હુલાસ" એવે નામે હેન્ડબીલો છપાવી "બાહા ર મજાલીસ" અને "રફીકુલ મોઅમેનીન" માસીકો મારફતે પ્રસાર કીધો. જેથી દુર દેશાવરથી પણ તેના ચાહક નીકળી આવ્યા. છતાં આ કામ એક સંગીન તેમ રંગીન પાયે કરવાનું હોવાથી લગભગ દશબાર માસ સુધી ઢીલ થઇ, છેવટે મુંબઇનાં મહેરબાન માયાળુ મરહુમ શેઠ કાસમભાઇ નાનજીનાં મહદાશ્રયથી છપાવવાનું મુકરર થયું. પરંતુ ગ્રંથ છપાઇ રહેવા પહેલાં મજકુર શેઠજી (ખુદા ખુશ હોજો તેની રૂહ ઉપર) જન્નત નસીન થવાથી તેનાં ખેદકારક અકાળ મોતની યાદમાં 'કાસમ વિરહ' જે તે શેઠની જાહેર જીંદગીની નેક યાદ જાળવવા રચવામાં આવ્યાથી આશરે ૧॥ દોઢેક માસ સુધી વધુ ઢીલ થઈ.

ત્યાર બાદ તેવજીનાં વડા પુત્ર મહેરબાન કરીમભાઇ કાસમભાઈ નાનજીએ પોતાના પિતાના પગલે આએ ગ્રંથ પુરો છપાવવા તેટલીજ માયા અને મમતા રાખી. જેથી આએ ગ્રંથનો છેડો લાંબો પણ સારો આવયો.

આએ ગ્રંથમાં પ્રથમ ખુદા રસુલ અને હ૦ અલીની તારીફ એમ અનુક્રમે યોગ્ય રીતે દાખલ કરી છે પરંતુ હ૦ અલીના મોઝીઝા મુનાકીબ વીગેરે "હયદર કુલાસ"ના નામને યોગે વધારે સમાયલ જોશો. તથા છેવટનો પ્રસ્તાવીક વિષય, જિજ્ઞાસુ ઘરાકોના ઉપયોગ અરથે નોંધી આએ ગ્રંથની યોગ્યતામાં વધારો કરયો છે. અમોને ચિત્ર કાવ્ય આએ ગ્રંથમાં દાખલ રાખવાને કેટલીક સોંઝ જોવી પડી, જે વધારે ખરચે દાખલ રાખી ચાહક ગ્રાહકને વિલંબ થયાથી દીલાસા દાખલ ભેટ કીધી છે,

હવે જે મારે કહેવાનું બાકી છે તે આએ ગ્રંથમાં "રાગ" એવે નામે આપેલ કાવ્ય વિશે છે. તે એજ કે મારાં આ માંહેનાં કાવ્ય ઉરદુ કિતાબોને આધારે છે અને એવા ઉરદુ કાવ્યો જે મરસીયા, નોહા, સલામ વીગેરે ને નામે ઓળખાય છે તે અંદરખાને બીજીજ ઢપના હોય છે. તો તે અગે મારાં કાવ્યનો ઉદેશ સમજી હોશીત નહી કરતાં એક નેક બાબતને મન પસંદ ઢબમાં ગોઠવી કર્તાએ આશા રાખી છે કે સૌ કોઇ પોતાના મગજને કેળવે અને ઇસલામી નીતિને મેળવે ઈત્યાદી. તે તેમ સમજશો.

આએ ગ્રંથમાં કેટલાક મહેરબાનો તરફથી યોગ્ય સુચના અને મદદ મળી છે જેમાંના મહેરબાન શેઠજી કરીમભાઇ ઇબરામ જે. પી. જેની લાયકાત પેજ ૯૩ મે લેખાય છે તેમનો તથા મેહરબાન ડા૦ ઈસમાઈલ જાનમાહમદ જે. પી. એલ. એમ. એન્ડ. એસ. અને શેઠજી વલીમહમદભાઇ પીરમામદ જે. પી. અને શેઠજી અહમદભાઇ દેવજી જે. પી. તથા શેઠજી જાફરભાઇ રણમલનો આ તકે ઉપકાર માનતાં આનંદ થાય છે.

આ ગ્રંથનો મારો પહેલો પ્રયાસ હોવાથી તેમ હું એક સ્કુલમાં જોડાએલ હોવાથી પ્રુફ વીગેરે સુધારવામાં જે ભુલો રહી હોય તે સુધારી વાંચવા નમ્ર અરજ છે. વળી અંદરનું ગુજરાતી કાવ્ય શકિત મુજબ પીંગળ શાસ્ત્રના અનુસારે રચેલું છે છતાં એવાજ સંજોગને લીધે તે પ્રમાણે છાપવા બન્યું નથી, પણ કાવ્યભંગની સારી કાળજી કીધી છે. તોપણ હું એક ખતાદાર ઇનસાન હોવાથી તેવી સામટી માફી માગું છું.

છેવટે આએ ગ્રંથ છપાવવામાં પ્રેસ માલીક શેઠ સાલેમામદભાઇ પીરમામદ એક અંગત સુચનાના સાધન રૂપ થયા છે જેથી તેમનો ઉપકાર જાહેર કરી મારી પહેલી મુલાકાતનો અંત ઇસલામના પવિત્ર રીવાજને અનુસારે લાવી કહું છું કે સલામુનઅલયકુમ વરહેમ તુલ્લાહ હેવબારકાતોહુ.

લી૦ કર્તા.

હેયદર હુલાસનું સાંકળીયું.

યા અલીયુલ અઝીમ.

હયદર હુલાસ

મુનાજાત.

ચંદ્રવળા.

પરથમ સમરૂં હું પરવરને, બક્ષણ હારો બાપ
તાપ પાપ તનનાં બળી ટળીને, પ્રગટે પુરણ પ્રતાપ
પ્રગટે પુરણ પ્રતાપ પલકમાં, ખરો ખુદા તે એક ખલકમાં
અંતર થકી નકી તજી અવરને, પરથમ સમરૂંહુંપરવરને=બક્ષણ હારો બાપ

૧

નીત્યે લાવું યાદ નબીજી, સાહેબે લોલાક
પ્રેમ ધરી પોખ્યુંણ પૃથ્વીમાં, પરખાવ્યો દીન પાક
પરખાવ્યો દીન પાક જે આપે, પ્રગટ્યો છે પાક પ્રતાપે
રહય વિશે અતીશે હું રીઝી, નીત્યે લાવું યાદ નબીજી=સાહેબે લોલાક

૨

હરદમ યાદ કરૂં હૈદરને, હરખ ધરી હરઠાર
દયાવંત દીઠા દીલ દુલ્લા, દુ:ખ ભંજન દાતાર
દુ:ખ ભંજન દાતાર "અલી" છે, વળી ખુદાનાં ખાસ વલી છે
કંબર તણી કરનાર કદરને, હરદમ યાદ કરૂં હૈદરને=હરખ ધરી હરઠાર

૩

ગુણી "ફાતમા" બીબી ગૌહર, નબી પુત્રી ગંભીર
બીજ બતુન મીન્નીને જે છે, માલીકે તતહીર

૨

માલીકે તતહીર તણું હું, ભાવ ધરીને નામ ભણું હું
અલી મુરતજા જેનાં શોહર, ગુણી ફાતમાં બીબી ગૌહર
નબી પુત્રી ગંભીર

૪

હેત ધરી નીત લાવું હૈયે, હજરત હસન હમેશ
જરૂર જાઉં જન્નતમાં જેથી, પ્રેમે કરી પ્રવેશ
પ્રેમે કરી પ્રવેશ સદાનો, ખરો આશરો લઉં ખુદાનો
અધીક લાભ તેનાંથી લૈયે, હેત ધરી નીત લાવું હૈયે=હજરત હસન હમેશ

૫

પરવરનાં પૂરણ જે પ્યારા, હરદમ જપું હુસેન
સફળ થાય જનમારો મારો, ચીતનીત પામું ચેન
ચીતનીત પામું ચેન મઝાનું, વળી મળે સુખ પુત્ર મઝાનું
વરસાવે નીત આનંદ ધારા, પરવરના પુરણ જે પ્યારા
હરદમ જપું હુસેન

૬

યાદ કરૂં એ પંજેતનને, નીરમળ જે રબ નૂર
જહુર થયું છે જગતે જેથી, જીન ઇન્સ વળી હુર
જીન ઇન્સ વળી હુર મલકસૌ, સુર્ય ચંદ્ર જમીંફલક ખલક સૌ
ઇબરાહીમ અરપી તન મનને, યાદ કરૂં એ પંજે તનને
નીરમળ જે રબ નૂર

૭

દોહરો.

દીલ દુશમન દૂરજ કરો
શોતાં નીર રહીમ
સરસ્વતી સ્હાયે કરો
યા અલીયુલ અઝીમ

ઈન્દ્ર વિજય છંદ.

નામ ખુદા રટું તુંજ સદાય વદાય કદાય ન તારીફ તારી
માલક તું દુખ ટાળક પાળક બાળક હુંજ મતી મુંઢ મારી
બાપ અમાપ મને સુખ આપ પ્રતાપથી પાપની છાપ નિવારી
ગર્જથી અર્જ કરે ઇબરાહીમ પંથ દીયો ગ્રંથ પાર ઉતારી

ભુજંગી છંદ.

શરૂ હું કરૂં "બીસમીલ્લાહ" કેને
ધરૂં પાય આ ગ્રંથના પંથ લેને
નકી તે થકી હું જઊં પાર પામી
ખુદા સ્હાય માગું સદા શીશ નામી
રચ્યાં પૃથ્વી પાતાળ આકાશ તારા
કરે રેમ દ્રષ્ટી થકી વૃષ્ટી ધારા
ખચીતે ખુબી સરવમાં છે ન ખામી
ખુદા સ્હાય માગુ સદા શીશ નામી
ભલા આભમાં સૂર્યને ચંદ્ર ભાસે
અહો નીશ આ ખલ્કમાં જે પ્રકાશે
નથી ચીજ તે જે રચી તે નકામી
ખુદા સ્હાય માગુ સદા શીશ નામી
નથી તું કદી એક ઠામે ઠરેલો
કળા કુદ્રતે સર્વ ઠામે ભરેલો
નિરાકાર તું એક છે જગ્ત સ્વામી
ખુદા સ્હાય માગું સદા શીશ નામી
સુબુદ્ધી દઇ દે બુરી બુદ્ધી કાપી
વળી કષ્ટ કાપી દીયો સુખ સ્થાપી
કૃપા દ્રષ્ટી દયો વિઘ્ન સૌ જાય વામી
ખુદા સ્હાય માગું સદા શીશ નામી

સનાએ અલીનાં સખૂનો લબ્યાજી
સુણી જે ગુણી સરવદા થાય રાજી
વૃતી એ ધરી આકૃતી આદરી છે.
ન ઇબ્રાહીમે ચીત બીજી ધરી છે

દોહરો.

કૃપા ખુદા મુજપર કરો, મલય કરીને પાપ
નેક ટેક નીભાવજો, બળવંતા એ બાપ

કુદરતની બલીહારી.

રાગ—પ્રભાતી.

કુદરત અજાયેબ તારી, ખુદાયા કુદરત અજાયબ તારી
અદભુત શકતી કળે ન કોઇ, અકળ ગતી તુજ ધારી—ખુદાયા૦
નબી સરીખા દુખમાં નાંખ્યા, રાખ્યા સુખે અવિચારી—ખુદાયા૦
ફુલ ગુલાબી રચ્યું કાંટામાં, એમજ સમજુ સંસારી—ખુદાયા૦
દોલત મીતી, દુષ્ટને દીધી, કીધી નેકથી ન્યારી—ખુદાયા૦
દોસ્તનો દુખમાં, દુષ્ટનો દ્રવ્યે, તું પરીક્ષક ભારી—ખુદાયા૦
આશક માશુક અળગાં રાખ્યાં, પ્રમાણ પ્રેમ વિચારી—ખુદાયા૦
સુર્યે કમળ કયાં, મેઘ મયુર કયાં, ક્યાં ચંદ્ર ચકોરાની યારી—ખુદાયા૦
વીચીત્ર ખેલો તારા નિહાળી, ઇબરાહીમ બલીહારી—ખુદાયા૦

૨

કુંડળીઓ.

ભલો એક તું ભૂપ છે, છે કુદરત તુજ વ્યંગ
પ્રગટ થયો પૃથ્વી વિશે, નહીં રૂપ કે રંગ
નહીં રૂપ કે રંગ, સંગ નહીં કોઇની મળીયો
નહીં ધરીયો અવતાર, કરન હાર તું બળીયો
કહે ઇબરાહીમ સત્ય, કળા ભીન્ન અનૂપ છે.
સૃષ્ટીનો સૂજનાર, ભલો એક તું ભૂપ છે

દોહરો.

* આદ્યાક્ષરી.

મુકતી મેળવવા તણો
ખીયાલ હોય નેક
ખોટી ખલકત બુજીને
જાણ ખુદાને એક

* બહુરલાપીકા નારાચ છંદ.

ઈલાહી તુંજ એક છે અખીલ વિશ્વની વીશે
બનેલ સર્વ ચીજ તુંથી દ્રષ્ટી માંહી જે દીસે
રુચિ વિચિત્ર કુદરતો ન દ્રષ્ટિમાં સમાય છે
હીદાયતે હીમાયતે મનુષ્યમાં મનાય છે
મદદ તારી કોણ તે વદી શકે જબાનથી
જુવે ખુબી સહુ સ્થળે કળે ન કોઈ જ્ઞાનથી
સમષ્ટી સૃષ્ટી કુદરતોની લેશ નેં જુદાઈ છે
બજ જૂજ તુંજ રેહમ પુંજ નહીં રચી ખુદાઈ છે
મહાન તારૂં જ્ઞાન ધ્યાન ને નિધાન બુદ્ધી છે
હરેક તુંજ ઈરમથી ગુનાહનીજ શુદ્ધી છે
મલીન જે મતી અમારી તે મટાડનાર તું
દલિદ્ર છીદ્ર કુષ્ઠ પુષ્ટ કષ્ટ કાપનાર તું
મટાડિ કષ્ઠ મિષ્ટ સૂખને ચટાડનાર તું
નસીહતો વરિષ્ઠ ને અભિષ્ઠ આપનાર તું
જીવીત મણી ચણી કણી હસ્ત મસ્તકો ઘડયાં
ખીયાલ છે ખુદાઈના ન ખ્યાલ માંહી તે ચડયાં
મહાન ભેદનું ભર્યું કુરાંન જે વરીષ્ટ છે
જીવાડી તે મહીં કૃત્રીમ ખૂબ ભેદકલીષ્ટ છે
જીયાદ વાદ ભોમીયો ખુદાઈના ન જાણશો
વિચારવંત તે ખુદાએ પાકને પિછાણશો

---

*ઉપલા દોહરામાંથી કર્તાની જાત તથા અટક પહેલે અક્ષરે નીકળે છે.

*આએ છંદના દરેક ચરણમાં પેહેલા અક્ષરથી આ કીતાબના બાનીની સાત પેઢીનું નામ નીકળે છે.

મહીહીજ છંદ.

(મુના ફેબની ઢબ)

રહીમ ને કરીમ ખુદા જે સુબ્હાંન છે
ફીટાવવા રચાવવા તે શકતીમાન છે
ફરેલ ખલ્ક જેણે જગત પલક વારમાં
નાસીરો હાજર છે તે સરવ ઠારમાં
ચાતુર્યતા અપાર ને તે એક પાત્ર છે
હુસ્તી આજેની દ્રષ્ટી મહીં કોણ માત્ર છે
નાપાક તે સિવાય ખલ્ક આ ઉચ્ચેષ્ટ છે
રચેલ ખાસ નૂરથી તે પાંચ શ્રેષ્ટ છે
તેમ્યા અનેક જગતમાં નબી નુરે હુદા
ઈન્સાફ હકથી તે કરી બાતીલ ને જુદા
ચૂકતી થકી બતાવતા તે રાહ નેકને
નાકીસ તજાવી બુત પુજાવતા તે એકને
સજીવ સૌમાં પંજેતનજ ઊત્કૃષ્ટ છે
ઝા શક કે તે સિવાય ખલ્ક સરવ ભ્રષ્ટ છે
મજબુત પલ્લો દે ખુદા તે શ્રેષ્ટ નામીનો
હુમને બખશ ખેતાબ તું તેની ગુલામીનો

મુના જાત.

અરજ સાંભળો મારી પરવર દીગાર
કરૂણા કરી દાસ ઉપર લગાર
મુજ આસીને જેથી ખુલાસી મળે
અને રંજનો ગંજ સહેજે ટળે
ખુદાયા હું બદકાર બદકાર છું
સજાને સજાને સજાવાર છું
અરજ કયે મુખે હું વદું એ સુબહાં
નથી હરફે વદવાને લાયક જબાં
નથી કામ કોઈ કામ સારાં કર્યા
બુડાઈથી ભંડાર ભુંડા ભર્યા

નથી મેં કરી તાહરી બંન્દગી
મફતમાં ગુમાવી બધી જીંન્દગી
નહીં હું ડર્યો ફંદ કે ફલથી
પડી મુજ નૈ પાપમાં મેલથી
નહીં ધર્મ કરમે મેં પાયજ ધર્યો
નહીં કુછ ડગલાંથી દીલમાં ડર્યો
સુનીતો ની રીતીને ચીતી ધરી
અનીતીથી પ્રીતી અતી આદરી
સબુરી ઠબુરી મેં સંતાપમાં
નથી પાર રાખ્યો જરા પાપમાં
કુડા કામનો આમ દરીયો ભર્યો
બધું બાપ રહેમી તું જોયા કર્યો
પુરો હું બુરો આમ પાપી થયો
ન અવગૂણુ ઉરમાં જરા તે લહ્યો
કૃપા આપની એટલી વાહવા
નમું સરવદા સ્હાય થા શેહનશા
સુણી અરજ આ મારી મુજને નવાજ
તું પરવર દીગારા છો નુકતે નવાજ
મને બક્ષજે નેક જનની મીરાસ
નહીં નેક આશાથી કરજે નીરાસ
ગુન્હેગાર ઈબરામને એ ખુદા
તું તોફીક નેકીની દજે સદા

* ગતાગત દોહરો.

જપું રહેમને મહેર પુંજ, જપે આશ આપેજ
મુંજ વામે પડપ મેવા જપું, જસૈજ દરદજ સેજ

* ગતાગત (એટલે) તે દોહરાનાં ચારે ચરણુ અવળા સવળા સરખા વેચાય છે.

ત્રીતાળી ચોપાઇ.

સુણો અરજ ખુદા એક મારી
ચાહુ રહેમ સદા હું તમારી
આપ માલીકનો હું છઉં બંદો
આપ પાકને હું છઉંજ ગંદો
દયાવંત તમે હુંજ આસી
કરો કરૂણાં જશે પાપ નાસી
નીતી સાથે દીયો નાથ નેકી
વળી આપજો ટેકી વિવેકી
સોંપો સેવકને સારી સબુરી
દુષ્ટ કૃત્યથી આપજો દુરી
મતી સારી અતી મુને આપો
કલેશ કુબુદ્ધી કષ્ટજ કાપો
પ્રેમ પાશમાં દાસને પાળો
દીલનું દુઃખ દરીદ્રજ ટાળો
સાહેબ આપો મુને એવી શક્તી
ભાવે જેથી કરૂં આપ ભક્તી
છળ કપટને પૂરણ છેદો
ફળે અંતરની સરવે ઉમેદો
નાથ એવી બતાવોને યુક્તી
ઇબરાહીમ પામે જેથી મુક્તી

પંજેતનનો પીછાણ.

કુંડળીયો.

તે પંજેતન પાંચ છે, ખાસ ખુદાનું નૂર
મહમદ, અલી, ને ફાતમા, હસન, હુસેન જરૂર
હસન, હુસેન જરૂર, નબીના તેજ નવાસા

પિતા અલી તેનાજ, માત ફાતમત ખાસા
અલી નબી ચચેરા ભાઇ, નહીં ખોંચ કે ખાંચ છે
કહે ઇબરાહીમ સત્ય, તે પંજેતન પાંચ છે

પંજે તનના જપથી.

ફાયદો.

સરવતો છંદ.

પં જ ત ન ન ત જ પં જ સે સુ ખે ખે સુ સે જ ત સુ કુ ન ન કુ સુ ત ન ખે ન ભે ભે ન ખે ન	આ છંદ ચારે તરફથી વંચાય છે.

ઉપલા છંદનો ભાવારથ.

દોહરા.

પંજેતનને ભાઇ તું, કર હમેશાં યાદ
સ્હેજે સુખમાં જઈ અને, રહીશ સરવદા શાદ
જરા નઠારૂં નહીં થસે, થશે નહીં કુસૂત
એટલે તુજને ભાઇઓ, પ્રાપ્ત થશે સુપૂત
રોગ મહા રેહશે નહી, સુખ પામીશ સૌ સ્થાન
નખમાં પણ ભય નહીં રહે, સત્ય મિત્ર તું માન

જનાબ રસુલે ખુદા સ૦ અ૦ વ૦ ની તારીફમાં.

દોહરો.

નબીનાં નેક પ્રભાવની
ન-બીનાં સુખ વદાય
નબી નામેથી કોઇ પણ
ન-બી નાં સંકટ માય

છપ્પો.

નબી મોહમ્મદ નામ, જગતમાં સૌ કોઇ જાણે
ડંકો બજવ્યો દીન, વિશ્વ સરવ વખાણે

દરજ્જે આલીશાન, ખુદાનાં ખાસ પીયારા
નાજીલ થયું **કુરઆન**, વળી "**મેરાજ**" પધારા
વળી પામ્યા જે તે મરતબો, પરૂથવીમાંહી પ્રખ્યાત છે
મોહમદ રસુલિલ્લાહ તે, **અશરફુલ મખલુકાત** છે

દોહરો.

ખત્મ નબુવત છે થઇ, નબી મોહમ્મદ બાદ
તે પર પડી સલવાત તું, ખુબ રાખજે યાદ

ચોપાઇ.

જગત રચાયું જેને કાજ, સરવ નબીનાં જે શીરતાજ
ફેલાવ્યો જેણે ઇસલામ, નબી **મોહમ્મદ** તેનું નામ
રાખી તે પર અદકો પ્રેમ, સદા કહો કલમો મુખ એમ
"**લાઈલાહા ઇલલ્લાહ, મોહમ્મદુન રસુલુલ્લાહ**"
શાન અજાયબ તેની ખુબ, ખાસ ખુદાના તે માહબુબ
કુફર અંધારૂં કરીયું દુર, ઉદય કર્યો દીન પાક જહુર
છે તે સાહેબે "**મેરાજ**," ગેબી ભેદ છે આગાજ
નાજીલ થયું તેપર **કુરઆન**, સાચા સઉ તેનાં ફરમાન
પરી મલાયક દેવને જીન, છે સરવે તેને આધીન
તે પર લાવો નેક ઈમાન, ધરી હમેશાં તેનું ધ્યાન
ગણી ખુદાનાં શ્રેષ્ઠ રસુલ, કરો ઈતાયત તેની કબૂલ
નુર ખુદાનું મીઠી ખાસ, થઇ જાઓ દીલજાની દાસ
વસીલો તેજ નબીનો ચહો, ખુશીમાં જેથી હરદમ રહો
વળી ભવસાગર માંહી તરો, જો ઇબરાહીમ યાદજ કરો

સોરઠો.

પુરણ પ્રતાપ, નબી મોહમ્મદ નામથી
દીનને કુજે આપ, જેંહમત ખેંચી જાનપર

છપ્પો.

દીનને કાજે આપ, મહા દુખ માથે વેઠયાં
દીનને કાજે આપ, જઈ જંગલમાં પેઠાં
દીનને કાજે આપ, ફર્યા બહુ ધરીને ફડકો
દીનને કાજે આપ, ગણ્યો નહીં ટાઢજ તડકો
વળી કલપ્યાં વિકટ કામ બહુ, દીનને માટે હામથી
દીન માટે આપે કદી, પેટ ભરયું ન આરામથી.

તેવણનો શુક્ર.

છપ્પો.

કર્યો ખુદાનો શુક્ર, ગયા દુખ દરીયે ડુબી
કર્યો ખુદાનો શુક્ર, તજી મનથી મગરૂબી
કર્યો ખુદાનો શુક્ર, ફસ્યા ને કાફર ફંદ
કર્યો ખુદાનો શુક્ર, સદા રહીને આનંદ
વળી કર્યો ખુદાનો શુક્રજ, દુખ સુખ સરવે સમે
ઉમર ગુજારી એ રીતે, પાક ખુદાને જ્યમ ગમે.

તેવણનો મરતબો.

દોહરા.

હુકમ ખુદાનો હરઘડી, હજરત જીબરીલ ખાસ
દુરૂદ સાથે બોલતા, નબી **મોહમદ** પાસ
નબી થયા કઇ જગતમાં, **ઇસા-સોલયમાન**
પણ નબી **મોહમદ** પાકની, સઉથી આલી શાન
સઉ નબીયો સાથે હતા, મોજીઝા એકેક
ધારણ કરતા ધીરજે, નબુવત તેથી દરેક
પણ નબી મોહમદ પાકને, આપ્યો એ અધીકાર
માગે જે કંઇ મોજીઝા, તેજ થતા તે વાર

થાય બે કટકા ચંદ્રનાં, માગ્યું એ નબી પાસ
જોઈ મોજીઝો એ જનો, લાવ્યા પુર વિશ્વાસ
એવા મોજીઝા અધીક, નબી કરે જે ઠામ
દેખી તેને દ્રષ્ટીએ, ગ્રૃહે જનો ઈસલામ

ભુજંગી છંદ.

વધ્યો દીન આ તે નબીજી પ્રતાપે
સહુ ધર્મમાં જે મહા જેબ આપે
ખુબીની ભરી છે ખરી ખુબ ખાણો
નબીનો પુરો યાર આભાર જાણો
તજી વાસને દુર દેશો ભમીને
વળી સેંકડો દુખ માથે ખમીને
ભજાવ્યો ખુદાને તજાવ્યોજ પાણો
નબીનો પુરો યાર આભાર જાણો
લડયા આપ સંગ્રામમાં દીન માટે
કહ્યું તે કબુલ્યું બધું શીશ સાટે
અરે એ વિશે યાર કૈં ઊર આણો
નબીનો પુરો યાર આભાર જાણો
ખુશી કેમ છે તેમ તે આપ જોવો
પછી તે બજાવો નહીં ઉમર ખોવો
ધરો હુકમ જે જે હદીસે લખાણો
નબીનો પુરો પાર આભાર જાણો
નથી હુકમ માંહી અરે લેશ સખ્તી
બજાવી ધરો ચાંદ જે નેક બખ્તી
અરે તેમનાં રંજને તો પ્રમાણો
નબીનો પુરો યાર આભાર જાણો
નમાજો કહીં **પાંચ વાજીબ** માથે
પઢો તે હમેશાં પુરા પ્રેમ સાથે

કબુલાય આ માલ નૈં જો ન જાણો
નબીનો પુરો યાર આભાર જાણો
વળી માસ-રમજાનનાં રાખી રોજા
ધરો તેની સાથે બીજા અલ્પ બોજા
કર્યું સર્વ સેલું ધરે શક્ષ શાણો
નબીનો પુરો યાર આભાર જાણો
ગુન્હાથી બચી ચીત ચોખ્ખું બનાવો
કરો એક નેકી મળે ખુબ લાવો,
કરે નૈં પછી તે જરૂરે મરાણો
નબીનો પુરો યાર આભાર જાણો
વળી આલ છે પાક જે તે નબીની
કરો પ્રીત તેથી સહુ ભાઇ દીની
હશે પ્રીત નૈં દોજખે તે નખાણો
નબીનો પુરો યાર આભાર જાણો
નબીને વળી આલજે પાક તેની
દરૂદો પડો તે પરે જે મજેની
જગ્યા જન્નતે આપની તો નીમાએ
રચ્યું સત્ય ઇબરાહીમે સર્વ આએ

દોહરો.

વદયો વચન હું જેટલા, સમજી સરવે સત્ય
જારી કર દર જીંદગી, એની છેજ અગત્ય
હુકમ ઉઠાવીશ હેતથી, સરશે કૃત સંસાર
મદદ રહે મોહમદ નબી, થાએ બેડો પાર

હજરત અમીરૂલ મોઅમેનીન અલીઅલય હીસ્સલામની તારીફમાં.

દોહરો.

નીરાકાર જાણો પ્રથમ, એક ખુદાને પાક
મોહમદ નબી માનો પછી, સાહેબે લૌલાક
પછી વદો સૌ પ્રેમથી, ચીતમાં રાખી ચાહ
અલીયુન વલી યુલ્લાહ છે, વસીયે રસુલીલ્લાહ
એટલે અલીએ મુરતજા, બાદ નબી બેશક
ઇમામ ગણીને ઓળખો, ફરક નહીં મુલતક
વળી ખુદાનાં છે વલી, દુનીયા માંહી દીલેર
જેનાં જબરા જોરથી, દીન વધ્યો શુભ પેર

ચોપાઈ.

લેસે કોઇ અલીનું નામ, સુખી થઇને પહોંચે સુભ ધામ
હરકત સરવે થાએ દુર, રહે ઉમંગી. તેનું ઊર
નામ અલી લઇ પ્રારંભ કરે, કામ સદા તે સહેજે સરે
ભારે ભય પણ ભાગી જાય, નામ અલી નીત્યે ઉચરાય
જુલ્ફીકાર ગૃહી શમશેર, કુફ્ર કરીયું જેણે જેર
ખૈબર ગઢ જીત્યો જે વાર, ત્યાં વરતાવ્યો હાહાકાર
શેર ખુદાનાં જે કહેવાય, તારીફ તેની કયે મુખ થાય
હોય અજાયબ જેની શાન, કરે અલ્પ ત્યાં શું મુજ જ્ઞાન
જેની તારીફ તે માબુદ, કરે **કુરઆન** શરીફ ખુદ
એવી જેની પાકીજ જાત, નાચીજ ની ત્યાં શીતાકાત
ઉલેચવા સાગર કોયહે, પાર નહીં કોઇ વાતે લહે
ઝાઝું નહીં પણ થોડું ઘણું, વદાય તેટલું મુખે ભણું
જેથી પામું દીલ મુરાદ, બેઉ દુનીયામાં રહું આબાદ

મોમીનને પ્યારૂં શું ?

કવીત.

કમળકો સુર્ય જેસે, ચંકોરકો ચંદ તેસે
અંધાંઓકું આંખ એસે, ભુખેકો તઆમ . હે
ભગનીકો વીર જેસે, નંગાઓકો ચીર તેસે
પ્યાસાઓકો નીર તેસે, રોગીકો આરામ હે
અમલીકો રંગ જેસે, શુરાઓકો જંગ તેસે
દીપક પતંગ એસે, કૃપીનકો દામ હે
કહે ઇભરામ યુંહી, સુનીદો સાહેબ સભી
મોમીનકો એસા એક, પ્યારા **અલી** નામ હે

દોહરો.

નામ અલી લીધા થકી
શું થાએ હાંસીલ
જાણો આ નીચે લખ્યું
વાંચો રાખી દીલ

અલીનો જપ કરવાના ફાયદા.

કુંડળીઓ.

વદીયે **અલી** આ, વિશ્વમાં કદીયે કરીન પાપ
રદીયે સમરે રોજ તો, પુરણ થાય પ્રતાપ
પુરણ થાય પ્રતાપ, પાપ જાય સહુ છેટે
વળી નીત્યે રસ્તો નેક, ભલી રીતેથી ભેટે
કહે દાસ ઇભરામ, દુખ નહીં કદીયે
સપુરણ થાએ સુખ, **અલી** નામ જો વદીયે

છપ્પો.

વદીએ અલીનું નામ, દુખ જાય દુર ભાગી
વદીએ અલીનું નામ, મળે ચીજો સુખ માગી

વદીએ અલીનું નામ, કામ સફળ સૌ થાએ
વદીએ અલીનું નામ, મહા રોગ મટી જાએ
વળી વદીયે અલીનું નામજો, સદાય દીલે સાંચથી
ઇબરાહીમ નકી તો બચે, આગ જહુન્નમ આંચથી


રાગ—૧ લો

અલી અલી યાદ હમેશાં કરીયે
તો ભવસાગર આ તરીએ—એ ટેક.
અલી નામ જો લેવાય, દીલે અતી સુખ થાય
મહા રોગ મટી જાય, સહુ પાપ હટી જાય
સદા સુખમાં ફરીયે—અલી૦ અલી૦
જેણે દીલ ધરી હામ, લીધું પ્રીતે અલી નામ
દુખ દુર થઇ તમામ, પાર પડયા તેનાં કામ
રહ્યા નકી સુખ દરીયે—અલી અલી૦
નકી નકી અલી થકી, ભવ તરવાની વકી
એવી ખાતરી છે પકી, નહીં બોલ બીજો બકી
કદી ઠીક થઇ ઠરીયે—અલી૦ અલી૦
લઇ જનમને આપ, કર્યાં અતીશય પાપ
પડી એવકુફી છાપ, નહીં જાપ્યો અલી જાપ
નિત ધ્યાન ધર્યું મશકરીયે—અલી૦ અલી૦
કહે દાસ ઇબરામ, મુજ મિત્રુઓ તમામ
કરો યાદ અલી નામ, મળે જેથી સુખ ધામ
નહીં દામ ખરચ છે જરીયે—અલી૦ અલી૦

ચક્રપ્રબંધ.

ભુજંગી.


અલીને ભજે ન્હે સચીતે સુખાતું
કલીને સજે ન્હે સુરીતે લખાતું
ભલીને તજે ન્હે ખચીતે દુખાતું
ફલીને મજે ન્હે સુપીતે સદાતું



"હૃયદર હુલાસ" પાનું ૧૭.

નાળીયેરી પ્રબંધ.

ફુમીલા છંદ.



ફરશો અલીનામ જપ્યા કરશો ॥ કરશો દુખ ભ્રષ્ટ સુખો ભરશો ॥
ભરશો નર-નેકિ સુખે ફરશો ॥ ફરશો નહીં કામ નકી ઠરશો ॥
ઠરશો દિલ ને રબથી ડરશો ॥ ડર સેજ નરે તુરતો વરશો ॥
વરશો સુખને શિખી સુધરશો ॥ ધરશો પગ જન્નતમાં ફરશો ॥

ચક્ર પ્રબંધ.

ભુજંગી છંદ.

અલીને ભજે જો, સચીતે સુખાતું
કળીને સજે જો, સુરીતે લખાતું
ભલીને તજે જો, ખચીતે દુખાતું
હળીને મજે જો, સુપ્રીતે સદા તું
ભજે જો સચીતે, સુખાતું કળીને
સજે જો સુરીતે, લખાતું ભલીને
તજે જો ખચીતે, દુખાતું હળીને
મજે જો સુપ્રીતે, સદા તું અલીને
સચીતે સુખાતું, કળીને સજે જો
સુરીતે લખાતું, ભલીને તજે જો
ખચીતે દુખાતું, હળીને મજે જો
સુપ્રીતે સદા તું, અલીને ભજે જો
સુખાતું કળીને સજેજો સુરીતે
લખાતું ભલીને તજે જો ખચીતે
દુખાતું હળીને મજે જો સુ પ્રીતે
સદા તું અલીને ભજે જો સચીતે

નાળીયેરી પ્રબંધ.

દુમીલા છંદ.

હરશે અલી નામ જપ્યા કરશે, કરશે દુખ ભ્રષ્ટ સુખો ભરસે
ભરશે નર નેકી સુખે ફરશે, ફરશે નહીં કામ નકી ડરસે
ડરસે દીલજો રબથી ડરસે, ડરશે સેજ નરે તુરતો વરસે
વરશે સુખજો શીખી સુધરશે, ધરશે પગ જન્નતમાં હરશે

---

* નીચલા છપ્પામાં પ્રથમ તથા વચલા અક્ષરથી તથા જવાબનાં શબ્દના મોટા અક્ષરે એક પવીત્ર નામ નીકળે છે.

પ્રશ્ન રૂપી છપ્પો.

પંકાયે જન કેમ, પંચમાં નરસો સારો ?
જીભ દીન દ કેમ, જેથી થઇ છુટકારો ?
તરત સાંપડે કષ્ટ, તજતાં તે શું ટેવો ?
નહીં છોડે જે સ્નેહ, નર ગણવો તે કેવો ?
પાપ તણી માફી થવા, પાસ ખુદા શું માગશો ?
કુહે ઇબરાહીમ નીજ તણી, કવણ આબરૂ ત્યાગશો?

જવાબ.

પ્રપંચ[1] નમાજે[2] હીંમત[3] સજજન[4] કૃપા[5] નિંદક[6]

મોર પ્રબંધ.

દીઅર્થી મનહર છંદ.


રબ રચનાં અપાર રહી, જેને અંગો અંગ
ગણનાં ન થાય જેનું, ગમન કીસોર છે
ગતી અતી ગુણવાન, ગહન દહન સદા
જળકે ટેહુક કરી જહાં, ઘનઘોર છે
જશાવંત જોઇ તેની, જગ મધ નવી કળા
ગંભીર પઢેલો વૃંદ, મળે ઠોર ઠોર છે
ધરેલો ખુદાએ શીરે, નવીન કલગી શોભે
વીરવે ઇભરામ **અલી, કળાયલ મોર** છે

દોહરો.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
અકલી શફ **લાચેક** લઇ, **મોહ**ક કરશો ગોર
અજબ રંગ વિચીત્રમાં, "**અલી કળાયેલ મોર**

મોર પ્રબંધ.

મનહર.



રબ રચના અપાર રહી જેને અંગોઅંગ, ગણના ન થાય જેનું ગમન કિશોર છે;
ગતી અતી ગુણવાન ગહન દહન સદા, જળ કે ટેહુક કરી જહાં ઘન ઘોર છે;
જશવંત જોઈ તેની જગમધ નવી કળા, ગમ્ભીર પઢેલો વૃંદ મળે ઠોર ઠોર છે;
ધરેલ ખુદાએ શિરે નવીન કલગી શોભે, વિશ્વે ઈભરામ અલી કળાએસ મોર છે.

છપ્પો.

અલી કળાયલ મોર, જવંસલમાન. ઘરાણો
અલી કલાયલ મોર, નબી મદદમાં જાણો
અલી કળાયલ મોર, અજબ રંગ વિચીત્રે
અલી કળાયલ મોર, કહ્યું એ દુશ્મન મીત્રે
બાપ થયો દીકરા પછી, ગુણવંતો એ ગોર છે
કહે ઈબરાહીમ એ રીતે, અલી કળાયલ મોર છે

હ૦ અલી અ૦ ના મોજીઝા ૧ લો.

“ ઝાવરાનો ઝહુરો ”

સન હીજરી ૧૩૧૨ સન.

રોજતુશ શોહોદાની હબ

(નજમ.)

લખું છું એક હું તાજી હીકાયત
મોહીબ્બે મુરતજાને છે કીફાયત
મુકામે **ઝાવરામાં** મીસ્લે કોહતુર
હુસેની ટેકરી છે નામ મસહુર
લખે છે શક્ષ ત્યાંથી મોઅતેબર એક
મોહીબ્બે પંજતન મોમીન બહુ નેક
કે ત્યાં ઇંગ્રેજનો રહે છે અમલદાર
મુસલમાં નેક ખસલત મરદે દીદાર
પઠાણી જાતનો છે નેક મોમીન
રહે છે નેક કામોમાં તે નીશદીન
નમાજીને અતીસે પાક દાનત
વજીફાથી કરે અકસર ઈબાદત
દીવસનાં તે રહે નીત નોકરી પર
જઇ રાતે **હુસેની ટેકરી** પર

નમાજે મગરીબે ઈશા પડીને
પછી બેસે ઈબાદત પર અડીને
કરે શુભ કામ તે ધારા પ્રમાણે
નગફલતથી કદી પણ ચુક આણે
માહે **રમજાન** સતાવીશમે દીન
હતો તે ટેકરી પર મરદ મોમીન
કરી ધારા મુજબ પોતે ઈબાદત
સુતો આરામથી ત્યાં નેક આદત
સુતો કે તરત શું દેખેછ દર ખ્વાબ
અલી તશરીફ લાવ્યા છે બઅસહાબ
તેને ફરમાવ્યું કે એ નેક આદત
તને હું **જન્નતી** દઊ છું બશારત
મોહીબ્બાને **અલી** તું છે મુકરર
અલીનો **દસ્ત** છે તુજ પીઠ ઉપર
અગર કરસે જીયારત કોઈ તેની
જગ્યા બેહીસ્તમા પામે મજેની
સદા જન્નતમાં રેશે શાદો ખુરરમ
થસે તે પર હરામ **નારે-જહન્નમ**
કહીને એમ તે સરવે થયા ગેબ
ખુલી ગઈ આંખ જોઈ સપનુ અજાએબ
ઉઠીને તેણે જો જોયું તપાસી
તો પીઠ ઉપર **નીશાની** જોઇ ખાસી
ખુશી દીલમાં થયો જોતાંજ આ હાલ
કર્યું જઈ ગામમાં ઈજહાર તતકાલ
સુણીને સર્વ લોકોએ બશારત
કરી પ્રીતે જઈ **પંજાની** જ્યારત
હજી જન જાય છે જેનો મુલક દુર
કરી જ્યારત અતીસે થાય મસરૂર

તમે ત્યાં મોમીનો જાવા ધરો દીલ
કરો તેથી સઆદત સર્વ હાંસીલ
કરે મોમીન જો ત્યાંની કોઇ સએર
પડે મુજ આસીના હકમાં દુઆ ખએર
હજારૂં થઇ ગયા એજાઝ જાહેર
લખી તેને ગયા છે સરવ શાએર
કે થાએ મોજીઝા તેના અજબ છે
કહે જ્યારત સહુ તે મુજ સબબ છે
રહે આ વખ્તમાં સાબુત **ઇમાંન**
ધરે નહીં કોઇ બીજા ધરમપર ધ્યાન
કહે છે આસી ઇબરાહીમ હજરાત
પડો **મોલાઅલી**પર સરવ **સલવાત**

હજરતઅલી અ૦ નો મોજીઝો ૨ નો.

રોજતુશ શોહદાની ઢબ

(નજમ.)

પડો સલવાત સૌ મોમીન બીરાદર
નબી ઉપર ને તેની આલનાં પર
અલીનાં મોજીઝાનું હું લખું બયાન
ધીરજથી સાંભળો ધીમંત દૈ ધ્યાન
હતા કેવા **અલી** રહેમી દયાવંત
કરો આ બયાનથી કંઇ ખ્યાલ ધીમંત
કે ગોલી કોઇની કસ્સાબ ને હાટ
ખરીદવા ગોસ્ત ગઇ તેનાં ધણીમાટ
તરત થઇ ચાલતી લઇ ગોસ્ત ગોલી
દીધું ઓછું તથાપી ત્યાં ન બોલી
અમીરૂલ મોઅમીંનની પાસ જઇને
કરી તેની શીકાયત હાલ કઇને

સુણી એ શાહ આવ્યા તે દુકાને
લઇ તે બાઇને સાથે જો માને
શીખામણ દઈ કહ્યાં સચ્ચાઈનાં બોલ
કે એ કસ્સાબતું ઓછું નહી તોલ
નહીં કસ્સાબને તેથી થયો બોધ
ચડયો ઉલ્ટો બહુ એ વેણથી ક્રોધ
ન ઓળખતો હતો હજરતને તે નર
ઉઠાવ્યો હાથ તેથી તો **અલી** પર
ઉઠાવી હાથ બોલ્યો એ શખશ જા
ન તારૂં કામ દીસે છે કંઇ આ
સુણી એવા વચન તુંકારના શાહ
કર્યો નઇ ખ્યાલને ઘરની લીધી સહ
પછી તેને કર્યો લોકોએ વાકેફ
હતા **હજરત અલી** એ શખ્શ છે હેફ
કર્યો સુણતાં બહુ અફસોસ તેણ
બળ્યો દીલમાં બહુ કીધેલ વેણ
કે મુજ આકાથી શું હું વરતીયો આમ
અરે આ ઓચીતું મેં શું કીધું કામ
ઉઠાવ્યો જે હતો કર શાહનાં પર
છરી લઇ ક્રોધથી કાપ્યો બરાબર
તરત તે હાથ બીજા હાથમાં લઇ
અમીરૂલ મોઅમેની પાસે ઉભો જઈ
ઉજર ખ્વાહી અને કરવા મંડયો આહ
કરોને માફ મુજને એ શેહનશાહ
હતા નહીં ઓળખ્યા મેં આપને લેશ
અવેજીમાં કરૂં આ હાથ હું પેશ
અલીમાં મોમીનો કેવા હતા ગુણ
તરત તેને કહ્યું બંદે ખુદા સુણ

કતલ શાને કર્યો તેં હાથ તારો
કર્યો દુખી અમસ્થો જીવ તારો
કહીને એમ તે કાપેલ લઇ હાથ
તરત તેને લગાડયો જખ્મ સંગાથ
પછી માગી દોઆ તે પાક રબથી
થયો શુભ હાથ ત્યાં પાકી દોઆથી
થઇ મુશકીલ તેની તરત આશાંન
પડો સલવાત સરવે એહલે ઇમાન

હ૦ અલી અ૦ ના જનમ દીવસની ખુશાલી વીસે.

માલીની છંદ.

અજબ રજબ તારીખ તેર ભાસે
રદય કમળ ખીલ્યાં સઉનાં હુલાસે
સરસ ભુષાણ ધાર્યા શુભ વસ્ત્ર સંગે
જનમ દીન અલીનાં શુભ આ પ્રસંગે

ઇદેગદીરની ખુશાલી માટે કવીતા.

(રાહ—ભોપાળી કલ્યાણ.)

સહુ બીરાદરો, શુક્રે ખુદા કરો
છે **ઈદેગદીર** આજ સહુ ખુશી ફરો એ ટેક.
કરી ગુસલ સૌ સુન્નત આજે, પહેરો વસ્ત્રો પાક
કરવું ન કાંઇ કામ ગુનાહનું, ધરી ખુદાની ધાક—સહુ૦
શુભ કામ જે આજે કરશે, બીરાદરે મોમીન
બખશીશ તેની જગદીશ કરશે, એવો ઉતમ દીન—સહુ૦
ખાંતે જો ખવરાવે ખાવું, લઇ મોમીનને એક
તે મીજમાની સહુ નબીયોની ગણાય છે બવિવેક—સહુ૦

મુલાકાત વળી કોઈ મોમીનની, આજ કરે ધરી પ્રીત
કબર મહીં ફિરીસ્તા તેને, રાજી કરે ખચીત—સહુ૦
જે કોઈ રોજો આજે રાખે, દ્રઢ કરી દરીયાફ
ગુનાહ તેનાં સાઠ વરશનાં, જલદી થાએ માફ—સહુ૦
વળી રાખશે રોજો આજે, દીવસ દેખી ઠીક
સોહુજથી પણ સ્વાબ જીયાદા, મળે ખુદા નજદીક—સહુ૦
જે કોઇ મોહીબ **એહલેબેત**નો, હશે દીલથી આપ
તેવણનાં ત્રણ દીવસ સુધીનાં, નથી લખાતા પાપ—સહુ૦
આથી બહેતર દીવસ કયો છે, **અલી** થયા **ઈમામ**
ખુશી ખુશી રહો તેજ સબબથી, અરજ કરે ઇબરામ—સહુ૦

(શમશેર) જુલફીકાર પ્રબંધ

ઈન્દ્ર વીજય છંદ.

યા અલી યા અલી યા ઇલીઆ
કશફુલવરા મુશકીલ કુશાયા
યા અલી હસ્ત ગૃહી શમશેર
શુજાઅતસે ઇસલામ ખડાયા
યા અલી કાફર જેર કીયા
જગમે કલમા નબીકા પડવાયા
યા અલી યાઇલીયા અતી યાદ કીયા
ઇબરાહીમ યા સુખદાયા

મુળાક્ષરી કુંડળીયો.

હરપળ "**હયદર**" રદયધર, વચન વદન વદ સત
જગપર જશ કર નર અમર, કપટ નરસ તજ કૃત
કપટ નરસ તજ કૃત, સરસ પરમ ધરમ ધર
મગજ ગરમ તજ તરત, સરત નરમ શરમ ભર
નકર ફખર સજ સબર, જબર મરણ ચરણ બળ
તજ ગફલત નર સમજ, જપ કર "**હયદર**" હરપળ

ઝુલફિકાર બંધ.

છંદ ઈન્દ્રવિજય.



યા અલી યા અલી યા ઈલીયા, કશાકુલ વરા મુશકીલ કુશાયા;
યા અલી હસ્ત ગૃહી શમશેર, શુજાઅતસે ઈસ્લામ બઢાયા;
યા અલી કાફર જેર કીયા, જગમેં કલમા નબીકા પઢવાયા;
યા અલી યા ઈલીયા અતી યાદ કીયા ઈબરાહીમ યા સુખદાયા.

રાગ ૧ જો.

ઘરમાં "**અલી**" વિણ ધ્યાન—બીરાદર
ઘરમાં "**અલી**" વિણ ધ્યાન—એ ટેક
નહીં ભુલી જઈશ પ્રીય ભાન—બીરાદર
ઘરમાં અલી વિણ ધ્યાન—
પુરણ વહાલે—તુજને પાળે

નિત નવા સુખ તુજને આપે, દુખ દળીદ્ર સદા વળી કાપે
ધીરજ આપીને સ્થીરજ થાપે, આનંદ આનંદ આનંદ વ્યાપે
("**શિદ ચિન્તા કરે, અલી જેવો બીજો ધણી નથી**")
એવું આકીન ધર હરઆન—બીરાદર ઘરમાં અલી વિણ ધ્યાન૦

દુખ વિદારણ છે—ભવતારણ

આદમ, નુહ, ઇસા, મુસા, જેવા, અયુબ, યુસુફ, યાકુબ એવા
અરજ કરી '**અલી**'ની સ્હાય લેવા, ધાર ધણી એવા તણી સેવા
("**સુખ મળે, દુખ ટળે, પાપ બળે, આશ ફળે**")
"**ઇબરામ**" તણું સત્ય માન, બીરાદર ઘરમાં અલી વિણ૦

જંગે બીરૂલઅલમ

અથવા

જીન્નાતનો જંગ.

દોહરો.

કુફર અંધારૂ ટાળવા, દરસ થવાને દીન
હરાવીયા જઇ હૈદરે, જંગ કરીને **જીન**

કુંડળીયો.

લક્ષ લઇ વીગતે લખું, "**બીરૂલ અલીમ**"નું બ્યાન
વાંચો તેને વીનયથી, ધરી મોમીનો ધ્યાન
ધરી મોમીનો ધ્યાન, પુરાણુ આ દેખો પ્યારે
વરણવ્યું કરી વિસ્તાર, ઉરદુ તણે આધારે
ગુણીયલ ગુંથી ગ્રંથ, સોંપુ સરવ સમક્ષ
ઉલટ ધરી ઇબરામ, લીયે જન ડાહ્યા લક્ષ

લડાઇની ઉતપતિ.

દોહરા.

"**મહમદ નબી**"ને "**મુરતજા**", જીતી "**ફરીતા**" જંગ
એક જંગલે આવીયા, સરવ સૈન્ય લઇ સંગ
એમા ત્યાં કરીયા ખડા, ઠીક દેખીને ઠામ
ધુપ રૂપ અનુપમાં, તરસ્યા થયા તમામ
સખત તાપના વખતમાં, ખરી કરી ત્યાં ખોજ
પણ પાણી પામી નહીં, ફરી ફરી થાકી ફોજ
હુકમ કર્યો પછી હજરતે, ઊઠો આપ **અમીર**
શોધીને સઘળે સ્થળે, નીરખો નીરમળ નીર

ઉઠી તરત હજરત અલી, ઝાલી "જુલફીકાર"
હજરતનો માની હુકમ, થયા "દુલ દુલ" પર સ્વાર

૩૦૦ વરસનો બુઢો બ્રાહ્મણ. *

ચોપાઈ

પાણી શોધતાં ઠામો ઠામ, આવી પહોંચ્યા એક મુકામ
તંબુ જોયો સુંદર ત્યાંય, નજર કરી અલીએ તે માંય
બ્રાહ્મણ બુઢો જોયો એક, બુત પરસ્તમાં ચુસ્ત વિશેક
મન કરી પોતે મજબુત, બેઠો બેઠો પુજે બુત
જોઇ કરતાં બુતનો જાપ, અંદર આવ્યા મૌલા આપ
બ્રાહ્મણને કહીયું તે ઠામ, નેક નસીહત સાથે આમ
"બુત પરસ્તનું દે તજી રૂપ, જાણ ખુદા જે છે જગ ભુપ"
"બેઉ જહાંન તણો કિરતાર, નહીં જેને રૂપ કે અવતાર"
બીછી ખુદાને એવો પાક, ધાર સદાએ તેની ધાક
મુખથી બોલી આમ મધુર, દરશાવ્યું "દીન" નીરમળ નુર
પછી કહ્યું નબી પાસે ચાલ, કુફર તજી "દીન ધર્મજ પાળ"
મૌલા લઇને તે "મુશરીક", લાવ્યા "નબીજી"ની નજદીક.

દોહરો.

નીરખી ને એને નબી, વદીયા એવી વાણ
મજબ કુફરનો મુકીને, પવીત્ર "દીન" પીછાણ
વચન સુણી નબી વદનથી, ખુબ કરીને ખ્યાલ
બુઢો બ્રાહ્મણ બોલીયો, આપ સુણો અહેવાલ
જાણી આપનો જંગલે, મુકામ આનંદ મય
સંગાથી મારા સહુ, ભાગ્યા પામી ભય

---

* અસલ ઉરદુમાં પણ બ્રાહ્મણ લખેલ છે પણ બુત પરસ્ત હોવું જોઈએ.

વયમાં છે ત્રણસો વરસ, થયાં મને આ ઠાર
ઓરત મારી એક છે, વરણવું તે વિસ્તાર

બુઢીનો અહેવાલ.

છપ્પો.

વીત્યાં ત્રણસેં વરસ, બહુ થઇ છે તે બુઢી
ધરે બુતનું ધ્યાન, જ્ઞાન સાનમાં ગુઢી
કરૂં કોઈ કદી કામ, પુછું છું એને પેહલું
મુજ જીન્દગી માંય, કર્યું છે તેનું કેહલું
તે જો આ તમ ધર્મનો, ભાવે કલમો ભાખસે
તો મુજ સાથે સહુ જણા, "દીન ધરમ"ને દાખસે

વીવેકી વચન.

દોહરા.

બ્રાહ્મણ સાથે બોલીયા, હજરત ધરી હુલાસ
જલદી લાવ તુજ જોરૂને, પ્રેમે મારી પાસ
નજદીક જે નીજ નારની, સરવ વરણવ્યો સાર
ત્યાં બોલાવે છે તને, **નબી સાહેબ** એ નાર
ચાલ્યો નાર લઇ ચોંપથી, પહોંચ્યો નબીજી પાસ
નબીજી વદીયા નમૃથી, વરતાવી વિશ્વાસ
ઓળખી દીન **ઇસલામને**, પાળો હુકમો પાક
કયામતમાં તો કદી, ધરો ન **દોજખ** ધાક

બુઢીનું કહાપણ.

ભુજંગી.

નબીજી મુખેથી સુણી મીષ્ટ વાણી
વદીબાઇ બુઢી રૂઢી ગુઢી આણી

તમો ધર્મનાં મર્મને જાણું સાચું
વલેકીન એકીનમાં એમ જાચું
અહીં દુર છે જંગલે એક કુવો
તહીં વાઘ ને સાપ બે આપ જુવો
કદી જાય છે કોઇ ત્યાં હામ ધારી
મળી વાઘને સાપ નાંખેછ મારી
ધરી હામજો કામ કોઈ બજાવે
જઇ તે કુવે પાણીની ડોલ લાવે
નહી સત્ય તો આપનો ધર્મ ધારૂં
તજે પ્રીતથી કુફ્ર કુટુંબ મારૂં
થઇ દીનમાં લીન આકીન લાવું
કહે અમૃતે નમ્ર થઇને બજાવું
તમો પાસ હું ખાસ આ આસ ઇછું
પછી આપના ધર્મને સાચ પીછું

(શુરવીર માલી કે અસ્તર અને વાઘ તથા અજદહા)

દોહરા.

સુણી કહ્યું નબી સાહેબે, અસહાબોને આમ
રબને રાજી રાખવા, કોણ કરે આ કામ
સુખન સદનતર સાંભળી, સક્ષ બહાદર શુર
"માલીક અસ્તર"ને મહા, ઉપજ્યો દીલ અંકુર
શુરવીર લઈ જુજ સાથનાં, મુખ્ય પાણીને માટ
રૂખસત થઇ શુભ રીતથી, વિચર્યો જંગલ વાટ
જઈ પહોંચ્યા ત્યાં ઝડપથી, સખ્ત ગાઉ જે સાત
મળીયા ત્યાં તો માર્ગમાં, સરપ-વાઘ સાક્ષાત

મનુષ્ય દેખીને મારવા, ધસ્યો **વાઘ** તે ધામ.
"**માલીકે**" ત્યારે મહા, હૈએ ધારી હામ
હતી ગુરજ નીજ હાથમાં, ભારી ને ભયકાર
મારી તેને મસ્તકે, પલટયો કરી પુકાર
કુવા મહીં પડીયો કુદી, **વાઘ સરપ** સહીત
જોરાવરનાં જોરથી, ભાગ્યો થઇ ભયભીત
લઇ સાથના લોકને, મહા શુર **માલીક**
મજકુર કુવાની મહીં, નીરખ્યું જઈ નજદીક
નીરખ્યો ધુવો નીકળતાં, એમાંથી અતીયંત
પહોંચે જે પાતાળથી, આસમાન પરીયંત

ભેદી ભરમ.

ચોપાઇ.

નીરખ્યું કુવા મહીં જે વાર, બહુ ધુંવાડો આવ્યો બાર
તરત ઘોડેથી ઉતરી ત્યાંય, મોટો પથર મેલ્યો માંય
આવ્યો મહીંથી એમ અવાજ, "ભાગો અહીંથી સરવે આજ"
"ઊભો રહેશે જે કોઇ અહીં, નીશચે જીવતો રેશે નહીં"
શબ્દ તણો થયો એવો શોર, ઘણો ધરૂજી ધરતી થૈ ઘોર
ઊગ્ર વેણથી માલીક આમ, હૈયે ધારી કહીયું આમ
મહીં પડે કોણ એવો મીત્ર, વાત વતાવે ત્યાંનો વિચીત્ર
નામ "**સઈદ**" મહા દીલ નેક, માલીક સાથ હતો જણ એક
ઉઠયો બોલી પ્રેમે આમ, કરવું તે તો મારે કામ
[1]સરક હતી નીજ ઘોડા તણી, છોડી પ્રીત કરીને ઘણી
છેડો દઇ માલીકને એક, બીજો [2]કડથી બાંધ્યો છેક
ઘાટ ખબર લેવાનો ઘડયો, કુવા મહીં ઝટ કુદી પડયો
સરક કપાણી પડતાં વાર, માથું કપાઇ પડયું ધડ બાર
ભાળી બનાવ સહુ ભયકાર, ઘણો થયો ત્યાં હાહાકાર
ઉપાડયું ધડ થઇ ઉદાસ, લાવ્યા નબીજી પાસે લાસ
કહી હકીકત થઇ ગંભીર, સુણી નબીજી થયા દીલગીર

---

1 સરક એટલે—રસી   2 કડ એટલે—કમર.

બરમનો ભેદ.

ચોપાઈ.

બેઠા હતા નબી દીલગીર દીલ, નાજીલ તરત થયા "જીબ્રીલ"
પ્રથમ દરુદ તણું દઇ માન, કહયું પછી રબનું ફરમાન
સુણો **નબીજી** કુવાની વાત, છે અંધારૂં મહીં સાક્ષાત
જાય ઉતરતો ઊંડો જેમે, ત્યાં અજવાળું આવે તેમ
જેમ સહુ જગમાં જન જાત, તેમ રહે તેમાં **જીન્નાત**
વસ્તી જે આ પૃથ્વી તણી, તે કરતાં છે એમાં ઘણી
પણ તેજ ભયંકર ઠામ, " **બીરૂલ અલમ** " છે એનું નામ
વસે મહીં જીન્નો અતીયંત, જંગ પ્રવીણ મહા બળવંત
ભય વાળી આવાજે બાણી, ત્રાડ હતી તે જીન્નો તણી
તાકત આદમીને નવ લેશ, ઊભી શકવા તેની પેશ

અમીરૂલ મોઅમેનીન હજરત અલીનાં કુવ્વત વીશે હજરત જીબરીલે કહેલાં વચન.

ઇન્દ્ર વિજય છંદ.

તાકત આદમિને નવ લેશ, રીફાકત પેશ કરે જઇ જંગે
હોય પ્રવીણ બને બળ હીણ, નક્ષીણ ટકે લડી જીનની સંગે
જો કદી ત્યાં **'અલી" હેદર**, જાય જીતાયજ તે થકી દારૂણ દંગે
દીનપણે જીન આધીન થઇ, "દીન ધર્મ" ગૃહેજ રહે વળી રંગે

કુંડળીયો.

ખાસા શેર ખુદા તણા, ખલકે જેની ખ્યાત
ઝાલે ઝુલફીકાર તો, જેર થશે જીન્નાત
જેથી થશે જીન્નાત, હાથ **હૈદરી** ન્યાળી
ઝડપે પકડે જેમ, વાઘ–હરણને ભાળી
શુર બહાદર પુર, ઊર મેળવશો આશા
"અલી મુરતજા" આપ, **"શેર ખુદા"**ના ખાસા

છપ્પો.

જેણે કરીયા જેર, જગતમાં છતી રાજા
જેણે કરીયા જેર, જન બળવત્તર જાજા
જાણવ્યો જેણે જશ, કુફરને નાખ્યો તોડી
જાણવ્યો જેણે જશ, ધજા ઇસલામી ખોડી
વળી નક્કી નબીજી ધારજો, હાર કદી નવ એહની
બક્ષી ખુદાએ જેમને, જુલફીકાર ફત્તેહની

હ૦ અલી અ૦ નું કુવ્વત તથા મરતબો.

*ઝુલણા છંદ.

ચળકતો સૂર્ય જે નીતીનાં ફલકથી, ખલકતે ઊરમા નુરનું બીંબ પાડે
પુર બહાદુર શુરનાં નુરને, દુર કરો ચુર કરી, પહેલવાંનો પછાડે
તોડી દીલજાનથી તાન મસ્તાનનું, સ્થાન સ્થાને મહા માન લીધું
તે અલી હેદરે આમ ઇસલામનું, ઠામ ઠામે મહા હામથી કામ કીધું

†ખેબરે-ખંદકે-બદ્રમાં-જઇવળી-જમલ—બરબર—તંબુકે—છતી સર્વ જંગે
‖જુલહમા—અલકમા-અમરૂબીન અબ્દવદ—ને લડયા આમ ધુસ્સામ સંગે
મારીયા ઠાર તે ધાર તરવારથી, ધારજો આપ નીરધાર સીધું
તે અલી હેદરે આમ ઇસલામનું, ઠામ ઠામે મહા હામથી કામ કીધું

*"લાફતા" "હલઅતા" તાજને બક્ષીને, "શેરયજદા" રબે દીધા સ્થાપી
અશ્વ "દુલદુલ" દઇ સ્વારીમાટે સદા, "ઝુલફીકારે વળીનીત્ય ફત્તેહ આપી"
સત્યથી, સ્નેહથી, શૌર્યથી, સ્હાયથી, સરવદા દીનનું દાન દીધું
આપ જાણો નબી તે અલી હેદરે આમ, ઇસલામનું હામથી કામ કીધું

સોરઠો.

હેદરે રાખી હામ, ઠામ ઠામ ઠીક ઠાઠથી
અલી હેદરે આમ, કામ કીધું ઇસ્લામનું
આનંદ રાખો ઉર, દુર કરી સૌ દીલગીરી
છતે **અલી** જરૂર, ભાર ન બીજા શક્ષનો

---

* આ છંદ પ્રભાતીની ઢબમાં પણ વંચાય છે.
† એ તમામ લડાઇની જગ્યાના નામ છે.
‖ એ મશહુર શુરાઓ (લડવૈયા)ના નામ છે.
* એ ખાસ હજરત અલીને મળેલા ખીતાબો વીગેરે છે.

હઝ૦ અલી અ૦ નો લડાઇ કરતી વખતનો દેખાવ.

ચરચરી છંદ.

મુગટ "લાફતા" શીશ લહી, "દુલ દુલે" અસ્વાર રહી
"જુલફીકાર" નીજ કર[1] ગૃહી,[2] "મુરતજા" જવ લડે
અજબ શોર હુંકાર, ગજબ ગીરદ ગુબ્બાર
"અજલ" રૂપ તરવાર, અરિ[3] ગરદને અડે
અડગ અરિ નિજ દીલ ડરિ, ખડગ તીર ન શકકે ધરી
થરરરર !!! કાય થરથરી, ભડ નર પૃથવી પડે
કરો "નબી" દીલ આકીન, ચરણ શરણ થૈ જીન
ધરમ ધારશે દીન, "ગઝનફર" "અલી" વડે

દોહરો.

સંભળાવી પેગામ સહુ, કર્યું ખુશી નબી દીલ
ઉડયા પછી આકાશમાં, ઝડપ થકી "જીબરીલ".

મનહર છંદ.

યારી આપનારી સારી, વાતને વિચારી નબી
ભારી ભયકારી વાત, દીલથી વિસારી છે
ધારી પ્રીયકારી નેમ, વધારી પવીત્ર પ્રેમ
પધારી અલીથી એમ, વાત વિસ્તારી છે
અંગ ધરીને ઉમંગ, જંગ કરો જીન સંગ
હુકમે રબ થકી નકી, ફત્તેહ તમારી છે
આધીન થઇને જીન, દીનમાંહી લીન થસે
આવી જીબરીલે આમ, ખબર ઉચારી છે

ત્રોટક છંદ.

પયગામ સુણી અલી આમ નકી
કરિ શુદ્ધ ધરી પરિપકવ વકી
અરિ મારણ હાથ કૃપાણ[4] ધરી
શુભ દુલ દુલે વળી સ્વારી કરી

---

[1] કર એટલે=હાથ [2] ગૃહી એટલે=પકડી [3] અરિ=શત્રુ [4] કૃપાણ=તરવાર (જુલફીકાર.)

શિશ તાજ ધરી કરિ યાદ ખુદા
ઇસલામી નિશાન ધર્યું ઉમદા
સજ થૈ લઇને "નબીજી"ની રજા
વિચર્યા "અલી હૈદર" એક તહાં

બીરૂલ અલમને કુવા તથા માંહેની ખટપટ.

ચોપાઇ.

"સઇદ" તણું જીન કાપી શીશ, લઈ ગયા નિજ શાહની દીસ
કહી વિસતારી સઘળી વાત, ઇસલામીની કીધી ઘાત
રાએદ સુણીને રાજી થયો, પણ મનમાં ભય પુરો રહયો
નાહકનું ખુન આએ નડે, રખે **અલી** આવીને લડે

દોહરા.

"બીરૂલ અલમ" ના [1]બાદશા, ધરી "અલી" ની ધાક
હુકમ ફેરવ્યો ફોજમાં, નીચ મતી નાપાક
અલી આજ અહીં આવશે, તેથી થઈ તૈયાર
દાખલ થાવા નહીં દીયો, મળી કુવા મોજાર
પહેલવાંન તે પુરણ છે, મીછો આણી પેર
જોધા જેણે જગતમાં, જીતી કરીયા જેર
માણસ મારયું તેમનો, કીનો લેવા કાજ
"મોહમદ નબી"એ મોકલ્યા, "અલી" તણે અહીં આજ

ઝુલણા છંદ ચોખરા.

જીતવા જીનને દીનમાં લાવવા મોકલ્યા છે નબી મોહમદે તે અલીને
વાસતે ખાસ તે રાહપર બેશી પેશી જવા દયો નહીં જીન ઝાઝા મળીને
બોલીયો તે વળી ગર્વથી સર્વછો ખર્વ નિખર્વ દેવો વળી જીન લાખો
હામથી આમ આઠામ તેથી લડી કાઢીને કામ સંગરામમાં નામ રાખો

---

[1]તે બાદશાનું નામ રાએદ જીન્ની હતું.

તે જબરૂ જીનનો બાદશા બેખબર "શઅદ" રયો આમ બે પ્રામ દાઝી
આજ મુજ પાસ તે આવસે જે મને શતરૂની દીલમાં દેખવા" આશ ઝાઝી
આમ રહીયો બળી જીન સાથે-મળી ત્યાં અલી શેર દીલેર આવ્યા
બાળીએ ભુપને કુપમાં ચુપ થ્યા રૂપમાં ધુડ પેડે અજાયબ જણાયા

"શઅદ" જીન્ની વદયો જોશથી જે સમે સૈન્યમાં રયો હતો શુર શોભી
"જો ઉભા છે અલી એકલા-જલ્દ જઈ જીવતા લાવ "[1]તૈયહુર" થોભી
ક્રુર બહાદુર "તૈયહુર" શુરો હતો તે જબર દસ્ત અલમસ્ત એવો
સ્વાર થ્યો [2]અજદહા પરવડા તરત **સીતેર** ગજનાં ઊંચા પહાડ જેવો

હાથમાં સરપનો એક ચાબુક ત્યાં અડપથી ઝડપથી જોર સાથે ઉઠાવ્યો
અકડ થૈ પકડવાને શુરો પ્રકડ શીયાલ સમમદ થકી **સીંહ** સનમુખ આવ્યો
આમ બેપ્રામ તે બોલીયો કોણ હું યાઅલી આપ મુજને પિછાણો
નામ "તયહુર" હું શુર મશહુર છું [3]**ચીનમાંચીનનો** શાહજાણો

વાહ દાદર વિનાં રાહ કયાં પામીયા આ કુવે કેમ ગયા આપ પ્રાવી
યાદ જાદુ બહુ છે તમોને નકી જે થકી આંહી આવબ્ત શકયાછ આવી
આ કુવે ઉતરી નહીં જરીયે ડરી મુખથી મોતને કેમરે! માગી લીધું
મારવા માણસો યુધમાં બુધમાં એમ શું લેખવ્યું આય સીધું

મુલકનાં વીર મારી કરી ખ્વારી ખ્વારી કર્યો જગતમાં ધર્મ **ઇસ્લામ** જારી
(પણ) જીતી જાશો નહીં માર ખાશો અહીં છે કજા આવી અહીંયા તમારી
બોલતાં ક્રોધથી આમ બેદીનને આંખ કાને મુખે અગ્નીની જવાળ છુટી
મુરતજા ઉપરે જીન બેદીન ત્યાં જોશથી રોશથી તે પડયો તરત તુટી

ખેંચી **શમશેર** ત્યાં **હૈદરે** જીનપર રીશથી **શીશ** નાંખ્યું ઉરાડી
તર્ત લથડી પડયો દીશ સુજી નહીં શીશ પડતાં પ્રથમ ચીશ પાડી
હૈદરી હાથ એવો થયો ગયું દુર ત્રણસેં કદમ જીનનું શીશ ઉડી
ઢાંળતાં ઢીમને હીમ ટાઢા થયા તેલમાં જેમ ગઇ માખ બુડી

---

[1] તૈયહુર=એક શુરવીરનું નામ.
[2] અજદહા=મોટો સાપ (અૈયર)
[3] ચીનમાચીન=દેશનું નામ.

ચુર "**તયહુર**"ની લાસ જોઈ લડયું કોઇ નવ તે સમે હામ ધારી
ત્યાં "**અલી**" અશ્વને ફેરવી-પેરવી જંગમાં કોણ છે ? હાંક મારી
ત્રાડને પાડતો મુખ ખુમરાડતો મુરતજા પાસ "[1]**કીરતાસ**" આવ્યો
ગર્વનાં ગોરથી-તાનનાં તોરથી શબ્દને શોરથી લક્ષમાં એમ લાવ્યો

"થાવ આગાહ હું જીનનો **શાહ** છું" કેમ બેરહેમ થઈ શુર તૈયહુર માર્યો
ફેરવી, પેરવી વૈર તેનું લઉં, પ્રાણકાં અત્ર દઉં, આમ બોલી પુકાર્યો
વાહ !!! આ ચાહમાં રાહ કયાંથી મળી ખુબ **જાદુગરી** આપ પાસે
મારી "તયહુર" નઈ કામ મોટું કીધું છે શુરાઓ પુરા ખુબ વાંસે

બોલીને આમ તરવાર લઇ દોડીયો ત્યાં અલીએ મહા "**ઘાવ**" કીધો.
ઘાવ તે જીગરને ચીરીને **દોજખે** ખાસ "**કીરતાસ**"ને વાસ દીધો
શુર કીરતાસને ચીરતા ત્રાસ થ્યો લાશ દેખી જીને આશ છોડી
શાઅદ ફરમાનથી તે પછી તાનથી ક્રોધમાં આવીયો જોધ "[2]**સમરાત**" દોડી

મુરતજાની ચહી ઘાત **સમરાત** ત્યાં હાથમાં [3]**ગુરજ** લઈ જોર સાથે ઉપાડી
તેટલાં વેગથી તેગ લઈ હૈદરે મારીને મસ્તકે અશ્વ પેટાળ કાડી
ધાર તરવારથી હૈદરે ચીરીયો જોધ તે જેમ કોઈ કાકડી ચીર કાપે
શોરનો ઘોર ઉઠયો મહા જોરથી એ બહાદુર પુરા શુરાને બળાપે
તે પછી જીન જે આવીયો તેહને હૈદરે મારીને ખ્વારી કીધી
કઈ અરિ દીલ ડરિ ભય ધરિ ભાગીયા કૈંકે જઈ **દોજખે** યારી લીધી

શંખ ધારી.

ધરિ પ્રગટ વીધી, ઝપટ ખુબ કીધી
સહુ સ્વાર પાળા, જીનો ધરણી ઢાળયા
ખડગ, ઢાલ, ભાથાં, ચરણ–હાથ–માથાં
અલગ **શાઅદ** જોઇ, થઇ પ્રગટ જવાળા

શાઅદ જીન્નીનું ડરી જવું તથા તેનાં ફરજંદ શાહલની લડાઈ.

દોહરા.

દખીન દીલ ગ્યો ડરી, મરેલ જોધ્ધા મસ્ત
શાઅંદ જીન્નીને રાજની, પીડા થઈ પેવસ્ત

---

[1] કીરતાસ નામ છે.
[2] સમરાત=નામ છે.
[3] ગુરજ=હથીયાર.

પ્રીય પુત્ર પોતા તણો, "શાહલ" જે રણવીર
વૃત્તાંત તેને વરણવ્યું, નયણે આણી નીર
જબરા જોધા જે હતા, **અલીએ** માર્યા આજ
ભય ભારે દીલમાં ભમે, રહે ન મારૂં રાજ
હામ ધરી હૈયા મહીં, જઇ જીતે જો જંગ
અલ્પ ઇજતનો અવનિમાં, રહે ચડી શુભ રંગ
પિતા હુકમને પાળવા, તરત થયો તૈયાર
[1]શાસ્ત્ર વસ્ત્ર સઉ સંગમાં, [2]તીવ્ર ધરી તરવાર
સુંદર જે નિજ સ્વારીનો, દિવ્ય [3]અશ્વ દરિયાવ
ચડીયો તેપર ચોંપથી, ભરી જંગનો ભાવ

હરીગીત.

હજરત **અલીએ** જે સમે છુબી જોઇ મનહર દેહની
ખુની નજરનો ઓટ થઇ ભરતી થઇ દીલ સ્નેહની
શિરપર ધરેલું **તાજ જરરીન** લલીત મુખડું શોભતું
વળી કમર પટ્ટો શ્રેષ્ઠ દેખી લક્ષ જનનું લોભતું

મુખમાં મધુરી વાણ જનનાં ક્રોધને ખાતી હતી
કિરતારની કારીગરી તાદર્શ દેખાતી હતી
હજરત **અલીની** પાસ આવી એમ વાણી ઓચર્યો
અલી આ કુવામાં આપને રસ્તો કહો કયાંથી ? મળયો

મુજ માતુશ્રી છે " શાહપરી "ની દીકરી તે જાણજો
વળી નામ **શાહલ** મુજ તણું ફરજંદ **શાએહ** માનજો
તરવાર લઇને દોડીયો અલી સાથ બોલી એટલું
ગૃહી કમર પટ્ટો હાથમાં અલીએ કરી ઊંચો કહ્યું

ધરિ તું મુસલમાની અને " હક દીન " જાણે તો ભલે
નહીં તો પછાડી પ્રાણ કાડી હું કરૂં તારી વલે
દેખી જુવાની પુર તારી છે દયા આવે મને
" કલમો " પડે તો જીવતદાની આ સમે આપું તને

---

[1]શાસ્ત્ર=હથીયાર [2]તીવ્ર=તેજ [3]અશ્વ=ઘોડો

"ઇસલામ"થી સુખ પામસે તું "દીન"ને "દુનીયા" મહીં
ઇનકાર કરતાં ધરમનો તુજ જીંદગી રેશે નહીં
વળી તુજ પિતાનું શીશ છેદી રાજ તુજને દેશ હું
કર તું વિચારી કામકે **ઇસ્લામથી** સુખ લેશ તું

રાહલનું મુસલમાન થવું.

ઇન્દ્ર વિજય છંદ.

વેણ સુણી સુખ દાણ ચીતે નિજ, ધરમની રીત ગણીજ નકામી
કુફ્ર તજી ભજી નાથ નિરંજન, સાથ સજ્યો દીલથી "ઇસલામ"
માત પિતા તણી સોબત છોડી, મહોબત સત્ય "**ઈમાન**"ની પામી
"**રાહલ**" મુસલમાન થયો" "**અલી હૈદર**"ની ગૃહી નેક ગુલામી
(સલવાત)

સમજુ પુરૂષ ખચીત ખુદાને ઓળખે છે તે વિશે.

મનહર છંદ.

ખંત ધરી ખેતી કરી, ચોખાની ચતુર થઈ
બુજ નહીં તેને કેમ? હોયજ પરાળની
ગાડી હાંકી હોય જેણે, જનમ ધરીને નીત
ખબર ન તેને કેમ? ઊલાળ ધરાળની
ચીંતરા ને ચીત રાખી, પાળનાર પ્રેમી જન
બુજ નાય તેને કેમ? રીતી વીકરાળની
ડાયા ન ખબર તેમ? રાખે ઇબિરામ કેમ?
દેહને દેનાર "**ખુદા**", જગ "**પ્રતી પાળ**"ની

રાહલ પ્રત્યે હ૦ અલીનો પ્યાર.

ભુજંગી.

ધરયુ "રાહલે" ધ્યાન ઈમાન લાવી
"અલીએ" કીધો પ્યાર છાતી લગાવી
પછી અશ્વ પોતા તણે સ્નેહ સંગે
ચડાવી દુઆ નેક આપી ઉમંગે

રહેશે સુખી જગતમાં જીન્દગી લૈ
મુવા બાદ થાસે સુખી "જન્નતે" જૈ
વળી "હૈદરે" એમ દીધા દિલાસો
ઉભો એક ઠામે રહી જો તમાસો
જઈ એકલો જેર સૌને કરૂં છું
કરી જંગ ફત્તેહ પાછો ફરૂં છું
ધરેલો "નબી દીન" ને ન્યાળી દેહે
ખુદાનો કર્યો "રાહુલે" શુક્ર સ્નેહે

દોહરા.

નીજ પુત્રને ન્યાળતાં, ધરચો "**નબીનો ધર્મ**"
બળી ગયો બહુ "**બાદશા**", "**મુંઢ**" ન સમજ્યો મર્મ
અબુજ નરને અંતરે, કરૂણા લાગે કુડ
દીન પ્રકારીત દેખીને, ગભરાએ છે "**ઘુડ**"

મુઢ પુરૂષ ખુદાને ઓળખી શકતો નથી તે વિસે.

મનહર છંદ.

રણમાં જે રહયો હોય રાત દીન વાસ કરી
ખરી ખુબી ક્યાંથી જાણે જળનાં જુવાળની
રાત દીન જીન્દગીને ઝુપડામાં જેણે ગાળી
કદર ન હોય તેને કદી ઉંચા માળની
ઘુડ પેઠે અંધ થઇ આંખો મીચી રાખેદીન
ખબર ન હોય તેને રવીની રજાળની
મુઢને ખબર ક્યાંથી ? પડે ઇભરામ આમ
ખલકનાં ખાલીક, માલીક મહીપાળની

અદેખાઈનાં અંકુર

મનહર છંદ.

દીકરાને દેખી "**દીન ધર્મ**" મહીં, દીલ દાઝયું
બાદશાહે આહ મારી, તજી દઇ હામને

અદેખાઇ આણી ઊર, કાળજું કરીને ક્રૂર
પકડાયા બહાદુર, લશકરી તમામને
શાબાસ શાબાસ યારો, ખુલ્લી કરી તલવારો
મળીને "અલી" ને મારો, જીતો સંગરામને
મળીને હજારો લાખો, શતરૂને સંહારી નાખો
જંગ માંહી રંગ રાખો, ભાખો "બુત" નામને

"રણ સંગરામ."

ઝુલણા ચોખરા.

સુણતાં શબ્દ સૌ પુર બહાદુર ને શુરનાં ઉરમાં ક્રૂર અંકુર ફુટયા
હામ હઈડે ધરી કીકીયાડો કરી સ્વાર પાળા સહુ જંગમાં જીન છુટયા
પ્રબળ દળ નજીકમાં હૈદરે નિરખતાં સુચવ્યું એમ રાહુલ તણે સ્નેહ સાથે
દીલ વીશે નહીં ડરી ઠામ રહેજે ઠરી મારી આવું "અરી" જય કરી મુજ હાથે
રબ તણી સાય સંગે જીત્યો સરવ જંગે વળી આ પ્રસંગે નકી જીત ધારી
આ થસે ખેલ ખાસો, ઉભો જો તમાસો ખુદા કેમ "ફતેહ" દે આપી યારી
વાણી એ ઓચરી ત્યાંથી પાછા ફરી જઇ અરીથી કરયો "હૈદરી" એક નારો
સુણિ અરિ, ભય ધરિ, દિલ ડરિ ભાગીયા, લાગીયા જંગમાં જોશથી હોશીયારો
"ભેટ" કિરતારની, ભેટવા શતરૂને ભેટથી ઉછળી તળવળી બ્હાર આવી
પ્યારથી "હૈદરે" હાથ તેને ગ્રહી, જઇ અરિદળ પ્રબળમાં ચલાવી
પ્રબળમાં દળ માંહીથી અચળ બળવંતનો ખંતથી "હૈદરે" અંત ગુણવંત આણ્યો
"લાખ નવ" તે જબર જીનનાં સૈન્યમાં "હૈદરી હાથ"થી ભાગ મોટો મરાણો
સ્વાર સરવે હતા "અજદહા" પરજીનો, ફક્ત લડતા હતા ત્યાં અલી એક પાળા
હૈદરી હાથથી "લાખ" તે ખાખ થ્યા પ્રગટ થઈ તરણ વીશે જેમ જ્વાળા
બકરીમાં "વાઘ" જ્યમ ધુમી રણભુમીમાં વેરનાં કેરથી મુરતજા ખુબ લડીયા
હૈદરી હાથથી તેગનાં વેગથી મસ્તનાં મસ્તકો પલકમાં પરથવી પડીયા
મુરતજા જ્યાં લડે, માથું નહીં ધડે, ધડ નીચે તડફડે ગેંડવા જેમ ગુડયા
ફડકતી ફાળથી, ભબકતી ઝાળથી, કાળ વિકરાળથી કૈકના હોશ ઉડયા
સર જુદા કઇકનાં, કઇકનાં કર જુદા નર કઈ ડર લઇ ઘર સુધી ઠેઠ ભાગ્યા
કઇકની પગ રગો કાપી કટકા કર્યાં, કઇક નર અડગનાં ખડગથી પ્રાણ ત્યાગ્યા

દોહરો.

એહી માથાં ભુપનાં, **એ** **દીધી** ભરપુર
એહી વાણો ભાખોયા, **એ** **દીન** ધરવા ઉર

જખમી થયેલ જીન્નાત લશકરીની બાદશાહ શાઅદ પાસે ફરીયાદ ને કકળાટ.

દોહરા.

જીન જોઇ આ **જંગ** ને, ગયા ઉતરી ગર્વ
વાત **ઘાત** ની વરણવી, **શાહ** પાસ જઇ સર્વ
શાહ તણે કીધું સહુ, નયણે આણી નીર
લલીત છંદમાં તે લખું, વાંચો **મોમીન** **વીર**

લલીત છંદ.

શુરવિરો સહુ **શાઅદ** શાહનાં
જીગરથી વદયા વેણ આહનાં
જીન તણી ઘણી હાણ થાય રે
અરર!!! **શાહ** તું કયાં ઉંઘાય રે

બળ બહુ **અલીનું** જણાય છે
ઝપટ એકમાં કઇ હણાય છે
જબર **જોધ** આ નૈં જીતાય રે
અરર!!! **શાહ** તું કયાં ઉંઘાય રે

જુલફીકારની પ્રબળ ઝાળ છે
જીન સમસ્તનો તેજ **કાળ** છે
અડગ **પેહલવાનો** મુંઝાય રે
અરર!!! **શાહ** તું કયાં ઉંઘાય રે

જરિક જો અરે આંખ ચોળીને
બુજવ ઝાળ આ કાળ હોળીને
ભસમ સૌ થશે થાતુ સાય રે
અરરર!!! શાહ તું ક્યાં ઊંઘાય રે

અરજ આ સુણી ઘા–પુકારની
નજર કર જરા નેક પ્યારની
સમજ સાનમાં રંઅફ રાય રે
અરરર!!! શાહ તું ક્યાં ઊંઘાય રે

આદશાહનો ઝનુન.

અથવા

તીખી તકરાર.

ઝુલણા (ચોખરા)

સાંભળી ઘાતની વાત આ બાદશા ક્રોધનાં ધોંધમાં ફાટીને ગ્યો ધુંવાડે
તખતથી ઉછળી ક્યાં ? કહો છે અલી બોલતાં ઝાળ પ્રગટી રૂંવાડે રૂંવાડે
હાયરે !!! આદમી જાત થૈ આવડો જીતશે જીનને વાત છે શું ?
હેફ છે નાકીસો શરમ આવી નહીં બોટ બેસાડી જીન જાતને શું ?

બોલીયા ત્યાર સહુ બારથી લશકરી કેમ? બકબક થાન ઉછાંછળો તું?
તેગનો વેગજો, જંગનો રંગજો, ઝપટ જો હેદરી છે નહીં આંધળો તું
કારી ફાવે નહીં, હાથ આવે નહીં જંગ ભાવે નહીં વગર મોતેજ મરીયે?
આવી ઈન્સાફ કર સાફ દરિયાપ્ કર મુખ નહીં લાફકર તું કહે તેમ કરીયે

સાંભળી વેણુ કરડાઇનાં નેણથી દાંત પીસી વધ્યો આહથી શાહ વાણી
જાવ બદમાશ સૌ બીકણો બાયલા એકલો જઈ અલી ને કરૂં ધુળ ધાણી
જીન નવ લાખ થઈ આદમી એકથી હારીને જાત ફેરવ્યું હાય પાણી
સાંભળી સૌ હસે અચરતી બહુ દીસે જગતમાં ઘેર ઘેર કહેવાય કાંણી

•કોઈ નવ કામનાં નવ કીધી **નામના** દામ હરામનાં રાજ્યથી ખાઈ જાણ્યા
સમયપુર રંગ નઈ ઉમળકો અંગ નહીં, જીતશો જંગ શું? **બાદશાહ**મેં પિછાણ્યા
ઢાલ, તરવાર, ને **ગુરજ, ભાલા, તીરો** શસ્ત્ર લાજે સહુ **હાથથી** છોડી આપો
આમ **ભભુકો** થઇ ખાઇ ગ્યો વળ બહુ જેમ છંછેડતાં **નાગ ઝેરી** કરે છે બળાપો

બોલીયા લશકરી **જા–હવે–બસ** કરી મશકરી તારી થાસે સહુ જગત આગે
બોલવું સ્હેલ છે, જીત મુશકેલ છે કેમ ? અત્વળી તને સૈન્યની અરજ લાગે
જીતવું રંગમાં, 'હૈદરી જંગમાં" તે નથી **કુલડી** નો કહીં **ગોળ** ખાવો
બુધ્ધી તુજ નાશ થઈ **કાળ** તુજ આવીયો જે થકી તુજને થાય બકવાદ આવો

આટલો વખ્ત આ જંગમાં સખ્ત થઈ તે **અલીએ** કીધું છે નકી **યુદ્ધ** ભારે
પણ નહીં **ઘાવ એક** અડચો એમને કે થયેલી નથી અંગ ઇજા લગારે
કુદરતી સ્હાય દેખાય છે તેમને જેથી શ્રમ અફળ જાએ કરેલો અમારો
કાં અતી જાદુ છે, વાસ તે **રાબ્બદ** તું જીત અલીને જઈ સાથ લૈ જાદુગારો

સુણી વૃતાંત આ શાંત થ્યો **બાદશાહ** ક્રોધનાં ઘોઘ અગની થકી ભસ્મ થૈને
બોલીયો ક્રોધમાં જાઓ જાદુગરો, બાળીને ભસ્મ અલીને કરો આજ જૈને
હુકમ આ સાંભળી, સરવ ટોળે મળી, જાદુગર નીકળ્યા જબર દળ સાથ સાથે
જંગમાં **હૈદરી** રૂપ નિહાળતાં જાદુગર દીલમહીં ઘર કીધું ભર ઉચાટે

જીન જાદુગરી અંતરે મદ ભરી મંત્ર સમરણ કરી મુખથી ફુંક મારી
કાળસમ ઝાળ ત્યાં પ્રગટી વિકરાળને, ગઇ અલી પાસ તે પરવતો બાળનારી
ધારીને ધીર ત્યાં જંગ શુરવીર એ હાથ **શમશેર** લઇ ઝાળને જેર કીધી
અડકતાં **હૈદરી** હાથને અડક લે ભડકણા ઢોરસમ જાદુઇ ઝાળ બીધી

ખડક લે ભડકલાં જાદુઇ ઝાળનાં જઇ પડયાં જ્યાં હતું સૈન્ય જે જાદુગારી
દારૂનાં દ્વાર સમ પલકમાં પ્રલય થઇ જાદુઈ ઝાળથી જીનની ફોજ ભારી
ગજબ ગુબ્બાર ધુંવા તણો નીસર્યો પ્રસરી અંધકાર જયમ વાદળી ઘોર છાઈ
પલકમાં તજી કુવો ફલકમાં ગ્યો ધુંવો મલકથી જંગની ખાઉ જાણે વધાઇ

એક વેહેમનો વિચીત્ર ખુલાસો.

સવૈયો (એકત્રીશા.)

રાહ અલીની જોઇ કુવાપર, બેઠાતા ઇસલામી જન
જોઇ ધુંવાડો ખુબ નીકળતો, ભે પામ્યા સરવે નીજમન
દોડી ગયા સહુ નબીજી પાસે, કહી બતાવ્યો સરવે સાર
જીન મળી બે દીન કુવામાં, **હૈદર**ને માર્યા તે ઠાર

સુણી નબીજી વેણો આવાં, વદીયા મુખથી એવી વાત
ખીયાલ એવા છોડી દવો, ફરી ન ભાખો એવું ભ્રાત
હુકમ ખુદાનો હોય ન જુઠો, રાખો તે પર પુર વિશ્વાસ
જંગે નીત્યે હૈદર જીતે ચીતે એમ ઠસાવો ખાસ

વેહમ નીવારણ કારણ કીધું, સીધું જયારે નબીયે આમ
તો પણ શંકા દુર થઇ નહીં, ગયા નબી ત્યારે તે ધામ
જઇ કુવા પર સઉની સાથે, હાંક **હૈદર** ને એમ
કહો **અલી** શું કામ કરો છો? છો દુખમાં કે કુશળ ક્ષેમ

નબી હાંક ને સુણતાં **હૈદર**, ઉત્તર આપ્યો ધરિ ઉમંગ
આપ પ્રતાપે ખુશી ખુશી છઉં, જંગ કરૂં છઉં **જીન્નો** સંગ
વેણ સુણી શુભ હૈદરનાં આ, ખુશી થઇ ફોજે ઇસલામ
વેમ ટળી વળી પ્રેમ ઉપજીયો ક્ષેમ અલીનું સુણતાં આમ

(**સલવાત.**)

બાદશાહ રાઅદ જીન્નની ખુદને લડાઇ ઉપર આવવું તથા પરાજય.

દોહરા.

જતાં બળી જાદુગરો, ઘણો વળી ગ્યો ઘાણ
પથરાયું પૃથ્વી પરે, રાખ તણું રમખાણ

જાળ રાઅદ આ જોઇને, વધી ફાળ વિકરાળ
કરીયા નેણ કરાળને, વ્યાપી અંગ વરાળ
[1]ગજપર ચડી ગૃહી [2]ગુરજને, ધરી હાથમાં ઢાલ
સનમુખ આવ્યો શાહની, ગમાર બોલી ગાળ
ભુંડું મુખથી [3]ભાખીયો, આણી ઊર અભીમાન
સનેપાતનાં રોગ સમ, ભુલ્યો પોતે ભાન
સુણિ દુર વચનો શાહ આ, કર્યો જરા નહીં ક્રોધ
હીત વચનો હૈદર વદયા, બુબખને દઈ બોધ

હજરત અલી અ૦ નાં બોધ વચન અને હરામીની હઠ.

ઝુલણા છંદ (ચોખરા.)

બોલ તું બાદશા તોલ કરી બોલનો [4]વ્યર્થ વચનો કહી [5]શ્વાન સમ શું ભસે છે
લાવ ઇમાન ઇસ્લામ પર તે વિનાં તુજ હૈયાકને મોત તારૂં હસે છે
મરત તુજ જોધ તે મરણ ને શરણ થ્યા પણ હજી કેમ દેતો નથી હઠ તજી તું
તખત પર બેસીને રાજ કરવા ચહે-મુખ કલમો કહે રાઅદ સમજી હજી તું

[1]ગજ=હાથી [2] ગુજર=હથીયાર [3] ભાખીયો=બોલ્યો [4] વ્યર્થ=ફોકટ
[5] શ્વાન=કુત્રો

મારતાં તુજને વાર નઈ મુજને પાડવા સુજને વાટ મેં જોઈ તારી
જો નહીં સમજસે દુર ગતી તુજ થસે ભુંડું કહેતો નથી ઊંડું જો તું વિચારી
(પણ) સખત કમબખતને અસર નવ લેશ થ્યો સાંભળી હૈદરી મિષ્ટ વાણી
અફળ એમ જાય છે લાભ નવ થાય જ્યમ ક્ષાર પરથવી મહીં શોધતાં સ્વચ્છ પાણી.

એહું કીયો ખુંટડો, જાદુગર તું વડો, બહાદુરી શું બતાવે કરીને બડાઈ
એમ હું નહીં ડરૂં મારૂં કાં ? હું મરૂં, ધર્મ પણ નવ ધરૂં ફકત કરવી લડાઇ
એમ કહી ઉછળયો ગર્જના કરી વળી ગુર્જનો ઘા કર્યો રાઅદે દોડી
ઢાલ અલીએ ધરી ભાંગી તેની ઘડી, જુલ્ફીકારે ફરી ઝપટથી ગુર્જ તોડી

નજીક જઈ હૈદરે ખડગનો ઘા કર્યો, બદલીને રૂપ થ્યો જીનનો ભુપ [1]હસ્તી
ઘાવ બીજો કીધો તરત થઈ વાઘને, ભાગવા માંડીયું રાઅદે છોડી વસ્તી
આમ રૂપ બદલતાં હૈદરે જઈ કહ્યું, થા મુસલમાન તું રાઅદ આ ઢોંગ છોડી
બોલીયો રાઅદ કે નહીં ધરમ ભ્રષ્ટ થઉં કાપી કડકા કરે હાડને માંસ તોડી.

એમ કહી પથરને ફેંકીયો ટાળી તે હૈદરે ખડગનો ઘા કર્યો અડગ દીસે
રાઅદને ચીરીને જમીનમાં ગ્યો ધુસી ઝપટ ઝીલી જઇ ઝડપથી જીબરઇલે
જીબરીલે ઘાવ તે ઝીલીયો નવ હતે પલકમાં તો નકી જાત પાતાળ ફાટી
હૈદરી હાથથી શેર થ્યો ખલકમાં ધરતી ધરૂજી થઈ પરવને કમકમાટી

જબર આ જીનનાં બાદશા રાઅદને મારતાં થરથરી લશકરીને વછુટી
વીરનાં તીર, તરવાર ને ભોંય ભાલાં પડયાં રીડથી બીડમાં કઈ ગયાં શીર ફુટી
મંદ મતી જીન લડવા મંડયા. મુરતજાએ કીધો નાશ જ્યમ શેર નિકલ્યો શિકારે
પાનખર રૂતુમાં પાતરા જ્યમ ખરે, તેમ શિર પાડીયા હૈદરે જુલ્ફિકારે

છપ્પો.

અલીએ કીધું યુદ્ધ, મહા શુરવીરો મારી
જેર કીધા જીન્નાત, કર ગૃહી કૃપાણ કારી
પહાડ સરીખા પુખ્ત, ખડ્ગથી ધરણી ઢાળયા
રણમાં-"સત્તર"-રોજ, પ્રબળ જીન્નો પરજાળયા
શુર દેખી આ શતરૂઓ, વાણી બોલ્યા વાહની
દુશ્મન પણ તારીફ કરે, વાહ! ખુબી એ શાહની

---

[1] હસ્તી=હાથી.

ધરણી ઢાળયા લક્ષ, પડે ગબડી જ્યમ ગીરી
ધરણી ઢાળયા લક્ષ, વક્ષાસ્થળ વેગે ચીરી
ધરણી ઢાળયા મસ્ત, તણા મસ્તકને છેદી
ધરણી ઢાળયા વીર, શીર શમશીરે ભેદી
જીન આવ્યા જે જંગમાં, ભવિશ મોતજ ભાળીયા
અલી હૈદરે એ સમે, અસંખ્ય જીત મજાળીયા

ઝાલી "ઝુલફિકાર", **અલી** ત્યાં લડીયા એવા
રૂધીર ઠારોઠાર, નદી સમ લાગ્યું વેવા
ઝગડે રગડયા જીન, જહાં વગડે રણશીંગા
ઢંકાયું મેદાન, થયા ઢગ ધડનાં ધીંગા
ઘણું કરી ઘમસાણ ત્યાં, માણ હાણ કીધી ઘણી
અશકત ઇબરાહીમ છે, **તારીફ** કરવા તે તણી

દોહરા.

જંગ વખાણું જીભથી, તેવી નૈ તાકાત
લખવા તેન લેખણે, હામ ન ધારે હાથ

ઇન્દ્ર વીજય છંદ.

પાય વિનાં કદિ ધાય લુલો પણ પરૃથવી પ્રદક્ષીણ પાર ન પામે
ક્રોડ વસા ધરિ હોડ કરે શ્રમ, ગાગરમાં નવ સાગર સામે
તારીફ તેમ થાય ન જરા પણ, ડાપણ જુજ અને ટુંક હામે
તો પણ લેશ લખ્યું ધરી સ્નેહ જવા શુભ ધામ મહીં ઇબરામે

---

७० અલી અ० નો મોઇજો બંદગી બ્યાન.

दोहा.

खूब खुबीमें खेंचणे, धिमंतों के ध्यान ।
हैदर का अब हेतसें, लिखुं बंदगी ब्यान ॥

कबित.

अमीरुल मोमेनीन, लडे हें सत्तर दीन ।
बीन कीये बंदगीन, कोउ दीन छोरि हे ॥
भये बंदगीका टेम, छांड देवे जंग नेम ।
प्रेमसें साहिब संग, मोहोबत जोरिहे ॥
जंगमें हो मार मार; फेंके मगर जूलकीकार ।
प्यार धार परवरसें, दुजी प्रीत छोरिहे ॥
कहें इभराम वाह ! एसा आशके इलाह ।
शाह अली हैदरसे, बंदगी सब थोरिहे ॥

फेंके जबतो जूलफिकार, अजदहाका रुप धार ।
मार काफीरुं कों ठार, यार हों कररारकी ॥
लंबा गज सित्तेर का, ऊंचा एक प्हाड जेसा ।
चोडा मुंह एसा जेसे, सूरत हों गार की ॥
अली को मारन काज, दोडे जीन दगाबाज ।
ताराज करे वो फोज, हजारां हजारकी ॥
कीया जीन पायामाल, लीया अलीको संभाल ।
एसा वोही जुलजलाल, यारी कीया यारकी ॥

सारांश.

दोहा.

कीनां तज बंदगी करे, सीनां रखकर सांच ।
पावे जगका पारवो, नावें ऊनी आंच ॥

લડાઈનું છેવટ પરીણામ.

દોહરો.

મરણ જોઈ જીન મસ્તનાં, વરણ તણો તજી ગર્વ
ચરણ હૈદરી ચાંપીયા, શરણ થઈ જીન સર્વ

ત્રોટક છંદ.

અલીએ જીન જંગ મહીં રગડયા
તવ દીન થઈ જીન પાય પડયા
કબુલી દીલથી **દીન** દાવત ને
તજી દીલ મહીંથી અદાવત ને

તવ મ્યાન કરી શમશેર અલી
અતી પ્યાર કર્યો જીન સાથ મળી
કલમો શીખવ્યો જીન સર્વ તણે
ઈસલામ કરાવી વળી શ્રવણે

તજવીજ કરી બુતને તજવી
ભજવ્યો રબ જંગ ભલો ભજવી
અલીએ દીન આમ પ્રકાશ કર્યો
હરનીશ ઉરે પ્રીય પ્યાર ભર્યો

ઈન્દ્ર વિજય છંદ.

જંગ કરી જીન સંગ ઉમંગથી હૈદરી હાથ અપાર ગજાવ્યો
પાક દીને ઇસલામની આગળ ખાક સમો બુત ધર્મ લજાવ્યો
હસ્ત કરી જીન મસ્ત સમસ્ત વળી પ્રીય પાક ખુદાજ ભજાવ્યો
આપ અલી સઉ ઠામ વીશે અતી નમ્ર થઇ નબી અમ્ર બજાવ્યો

હૈદરે કરરારનું રાહલ તથા જીન્નાત વીગેરે અને પાણીની ડોલ લઈ કુવા બહાર નીકળી નબીજી પાસે જવું વીગેરે.

મોતી દામ છંદ.

અલી જીન ફોજ લઈ નીજ સાથ
ગૃહી વળી રાહલનો .પ્રીય હાથ
ભરી જળ ડોલ અલી ભલી વીધ
સઇદ તણું વળી મસ્તક લીધ

પછી નબી પાસ ગયા તજી કુપ
કહ્યું સહુ જંગ તણુંજ સ્વરૂપ
અલી તણી સાંભળી આમ ફતેહ
થયા ઇસલામી ખુશી જન જેહ

"સુણી બુઢી આ સઘળું ધરી પ્રીત
પડી કલમો નીજ કોમ સહીત"
સઇદ તણું લઇને નબી શીશ
ધર્યું ધડ ઉપર દે આશીશ

દુઆ રબ પાસ પછી જ્યમ કીધ
"સજીવ થયો ત્યમ તર્ત સઇદ"
સઇદ તણે નીરખી સહુ એમ
કરયો રબ શુક્ર ભરી મન પ્રેમ

પછી નબી તાજીમ રાહલ કીધ
મુબારક હાથ તણી ચુમી લીધ
ગણી રજ પાય-નબી સુખ ચેન
પ્રીતે કર્યું રાહલ અંજન નેન

હસી મુખથી નબી આશીશ દીધ
મુખે કલમો પઢવી ભલી વીધ
પછી સહુનું વધવાજ ઇમાન
કર્યું નબી આપ મુખે ફરમાન

દોહરો.

સહુ બીરાદર સાંભળો
પુરણ રાખી પ્રેમ
કહું ખુદા કેવા તણી
બંદગી છે લાજેમ

ખુદાની વાહદાનીયત વિશે.

(રાગ ત્રીજો)

પુરણ ખુબીથી દીધો આ જન દેહ જેણે
વળી રચ્યું જગત સુંદર અફલાક=
પ્રેમે નમીએ સદા તે પરવર પાકનેરે=એ ટેક.
જેની કુદરતો વીચીત્ર મીત્ર માનજોરે
જેની અતી મતી અકળ સોહાય=પ્રેમે નમીએ
જે આપે અવની તણા, સુર્ય ચંદ્ર શણગાર
આભ અને પાતાળ જે, તે સઉનો રચનાર
ભાવે ભજો તે અકળીત પૃથવી રાયનેરે
જેનો જગમાંહી સુજશ જણાય=પ્રેમે નમીયે

મહેરબાન માલીક જે, સૃષ્ટીના સરજનાર
તેજ ખલકમાં એક છે, છે હાજર સૌ ઠાર
તેની જાત તું પવીત્ર મીત્ર માનીનેરે
અહા નીશ એના ઝીકર જગાવ=પ્રેમે નમીયે
કુદરત થકી કળાય છે, ભળાય નહીં તે ભુપ
પવન સ્પર્શી જ્યમ પેખીએ,નહીં રંગ કે રૂપ
માટે ધારી ધ્યાને નિત નિત તેની ધાકનેરે
કરવી બંદગી તેવાની રાખી ભાવ=પ્રેમે નમીયે
એમ વિચારો પ્રેમથી, તો રેહશો નીત ક્ષેમ
નિરાકાર એવા તણી, બંદગી છે લાજેમ
દીલમાં દ્રઢાવી નવી નવી તેની કુદરતોને
ધરવો દીન પ્રતિ હરદમ પ્રીય બીરાદર પ્યાર=પ્રેમે નમીયે=૦

દોહરો.

નેહ ધરિ તે પછી નખી. વધા નમાજ વખાણ
સ્નેહ ધરી તે સાંભળો, લખું વિસ્તારી લખાણ

મોતી દામ છંદ.

સુણો પ્રીય મોમીન ભાઇ તમામ
ધરો નીત પ્રીત થકી ચીત આમ
ગ્રહો ભવ તારણ છેજ જહાજ
પડો નીત પ્રીત સહીત નમાજ

દીન ઇસલામ તણો શણગાર
અરી મનથી લડવા હથીયાર
થવા મકબુલ કર્યાં શુભ કાજ
પડો નીત પ્રીત સહીત નમાજ

ઇબાદત ઊંચ સઆદત નેક
વધેછ વિવેક ટળે બુરી ટેક
પળે પરહેજ મળે સુખસાજ
પડો નીત પ્રીત સહીત નમાજ

રહે મન મિત્ર પવીતર ખુદ
ખુદા વળી તેથી રહે ખુશ નુદ
બને સિધકાજ વધે વળી લાજ
પડો નીત પ્રીત સહીત નમાજ

કર્યા બખશાય ગુનાહ જરૂર
રહે દીલ રાહતથી મસરૂર
તજી બુરિ ટેવ અને પતરાજ
પડો નિત પ્રીત સહીત નમાજ

નકી મળશે નર તેથી નજાત
વટાય સહેલથી પુલ સીરાત
વસો નીત **જન્નત** માંય સમાજ
પડો નિત પ્રીત સહીત નમાજ

બને નીજ કબ્ર તણોજ ચીરાગ
હરામ થશે વળી **દોજખ** આગ
મળે નરનેક તણો શીશતાજ
પડો નીત પ્રીત સહીત નમાજ

સદા **શયતાન** રહે અતી દુર
વળી નીજ મુખ બને પુર નુર
ચઢે ચીત નેક શરીયત પાજ
પડો નિજ પ્રીત સહીત નમાજ

વદી નબી આમ ભલી મુખવાણ
કરયું પછી **રાહલ** ને ફરમાન

જઇ તુજ બાપતણું કર રાજ
સદા પડજે જીન સાથ નમાજ

તજી બુત ધર્મ સજી ઇસલામ
સદા કરવુંજ પ્રજા હીત કામ
વદી સતવેણ ધરિ શુભ ટેક
વળી કરવીજ અદાલત નેક

તજી ન કુવે નીસરે કદી બાર
દુખી ન કરો જન કોઇજ વાર
ચડાવી શિરે સહુ આ નબી અગ્ર
ગયો નીજ કુપ વાંશે થઇ નગ્ર

દોહરો.

હુકમ નબીનો હેતથી, સરવ ચડાવી શીર
કુચ કરી કુવા મહીં, રાહલ ગ્યો રણવીર
ધરમ દીનનાં ઘોધથી, બુઢીયા પામી બોધ
દુર કર્યા બુત ક્રોધથી, સત્ય કરીને શોધ
નબીનો નીરખી મોજીજો, અધીકું વધ્યું ઇમાન
રજા લઇ સૌસાથમાં, બુઢો ગઈ નીજ સ્થાન
ઇસલામીનાં એ સ્થળે, રદય થયાં રળીયાત
પડો બીરાદર પ્રેમથી, સર્વ મળી સલવાત

છેવટ.

વસંત તિલકા વૃત

ફત્તેહ કરીને અલીએ ફરીતા
તારીફ લાયેક વળી જીન જીતા
આવી રીતેથી દીનને વધારી
સ્નેહે ગયાસૌ મદીના પધારી
સલવાત

(જંગ બીરૂલ અલમ=ખતમ)

મુનાકીબ નંબર ૧ લો.

ગજલ.

એ આકા તાકીદ આવી બચાવો યા અલી હૈદર
સીતમગર દરદથી મુજને છુડાવો યા અલી હૈદર
ચડો ને આ સમે વારે, નથી કંઇ આશરો મારે
તમારા આશરા નીચે, નભાવો યા અલી હૈદર
દુખી થઉં છું હું મુદતથી, અરે આ દરદથી મૌલા
કરીને રહેમ આસીપર, હઠાવો યા અલી હૈદર
ડુબ્યો છું દુખને દરિયે, ગ્રહીને બાંય એ આકા
જહાજે તનદુરસ્તીમાં, ચડાવો યા અલી હૈદર
અજબ રંજ અસલથી સીરપર, ઉઠાવું છું અરે આકા
બીમારી નહીં હવે નજરે, ચડાવો યા અલી હૈદર
છુડાવ્યો શેરનાં પંજા થકી, સલમાનને આપે
ફસ્યો હું દરદને પંજે, છુડાવો યા અલી હૈદર
સદા જે આપનો ખાદીમ, કરે છે અરજ ઇબ્રાહીમ
દઇ સુખ દરદ દીલ મારૂં, ડુબાવો યા અલી હૈદર

મુનાકીબ ૨ જો.

લાવણી.

અલી અલી અલી જાઉં તુજ નામ ઉપર બલીહારી
કતી નીરખી તારો શ્રેષ્ટ સરવથી ન્યારી
કરૂં દ્રષ્ટી હું જે ઠામ, અકળ તુજ નામ, સરવમાં દેખું
નહીં અકલ કરે છે કામ, કવણ તમ લેખું
કદી નીરખું તારાં કામ, ધરી દીલ હામ, કરી મુજ દ્રષ્ટી
તુજ નુર થકી ચળકેલ, દીસે આ સૃષ્ટી

જે થયા નબી સહુ મધ્ય, ન દીઠી તુજ હદ, અજબ તુજ નકતો
તુજને હું લેખું કોણ કહી નથી શકતો
તેં કરી સરવની સાય, સદા સુખદાય, સંકટે સારી
થયા થાય થશે જનતેહ આપ ઉપકારી
શમશેર ધરીને હસ્ત, મહા અલમસ્ત, કાફરો માર્યા
ગૃહ્યો પલ્લો જેણે તુજ, સરવ તે તાર્યા
એવું અજબ તારૂં કામ, અકળ વળી નામ, નહી કોઇ કળશે
પણ જપશે કરી દીલ સાફ પાપ સહુ ટળશે
(માટે) ચેત ચેત જીવચેત થવા સંકેત **અલી હૈદર**ના નામે
જો જપ્યું હશે અલી નામ જઇશ સુખ ધામે
છે ક્ષણ ભંગુર સંસાર, ઘડી ન ટકનાર, માની લે મનવા
કર કોશીશ તું નિત દાસ અલીનો બનવા
ઇભરામ ધરી દીલ હામ, તું લે અલી નામ, જગતને તરવા
તજ તકુબ્બરી તોફાન, ગૃહી ગુણ ગરવા

મુનાકીબ ૩ જો.

ઈન્દ્ર વીજય છંદ.

પ્રેમ થકી નકી રેમ કરો વકી એમ ધરૂં પકી કેમ ન અંગે
હર્ષ ભર્યા ઉતકર્ષ ચહું પ્રીય દર્શ તમો શુભ સ્પર્શની સંગે
રાત પ્રભાત બીજી નહી વાત રટું તમ જાત અધીક ઉમંગે
તો પછી યા અલી કેમ? થશો નહીં સેવક સાયક પીડ પ્રસંગે

ત્રીભંગી છંદ.

જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સહાય કરો
મુજ દુખ વિદારી, રહેમ વધારી, વીનંતી મારી, ઊર ધરો
જય પુર્ણ પ્રતાપી, હું છું પ્રલાપી, શુધ બુધ્ધ આપી, પાપ હરો,
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

મુજ હરકત હરણે, આવી શરણે, નમું તમ ચરણે, હર્ષ ધરી
નૃપ લક્ષ નૃપાનો, રક્ષ તૃપાનો, દેતું કૃપાનો, સ્પર્શાં કરી
મળે જેથી અતી જય, પાપથઇ ક્ષય, દુષ્ટ તણો ભય, જાય ખરો
જય જય અલીબાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

જય જય અલી હૈદર, શેરે ગજનફ્ર, વસીયે પયંબર, છો સાચા
છે અનંત સખાવત, અજબ શુજાઅત, વદવા હુરમત નથી વાચા
આકાગણી એવા, આનંદ લેવા, કરૂં તમ સેવા, ધરિ ઉભરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

જય જય મુજ સરવર, બંદએ પરવર, અજબ જગત દર, કીરતી કરી
ખેબર સ્થળ આવી, જંગ મચાવી, બહુ બતાવી, બાહાદરી
નજુમી ગણી પ્યારો, તરતજ તાર્યો, જેમ પુકાર્યો, થૈ અથરો
જય જય અલીબાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

જન હરવી હરામી, ફત્તેહ પામી, થયા જશ નામી, નૈં ખામી
હકદીન ગૃહાવ્યો, કુફ્ર તજાવ્યો, અમલ ઠરાવ્યો, ઇસલામી
તમ દેખી કુવ્વત, તજી અદુવ્વત, સાથ મુરવ્વત, વદ્યા નરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

સલમાને ભારી, અરજ ઊચારી, લીયો ઊગારી, યા મૌલા
જઇ શેર હઠાવ્યો, દાસ છુડાવ્યો, આપી નિભાવ્યો, સુખ ઔલા
ત્યમ અરજ સુણીને, દાસ ગણીને, કષ્ટ હણીને, સુખ ભરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

જય જય જયકારી, દઇને યારી, કીસ્તી તારી, નુહ તણી
જીબરીલ અમીજે, સાથ તમીજે, ગયા નમીજે, સબક ભણી
અતી આપની પાસે, સુખની આશે, વદ્યા હુલાસે, પયંબરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

રખ બંદગી માંહી, હતાજ જયાંહી, ફકીરે ત્યાંહી, સ્વાલ કર્યો
નહીં ધ્યાંન ઉથાપી, તમે તથાપી, વીંટી આપી, ન્યાલ કર્યો
વાહ ! ખુબ સખાવતી, અજબ ઈબાદતી, અનેક નુકતી, દીલ ઠરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

ધરી લાતજ ઉઠી, આપે રૂઠી, બાંધી અંગુઠી, દેવ તણી
નબી ધ્યા જે ધારણ, મહા દુખ માંરણ, શકયા ન તેપણ કષ્ટ હણી
તમ ધુન ધણીને, શ્રેષ્ઠ ગણીને, વદયો બાણીને, બહાવરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

દુખ દીધું ટાળી, દયા ઉછાળી, તમે હયાળી દઇ ઝાઝી
ત્યમ ધીરજ આપો, મુજ દુખ કાપો, સહુ સુખ આપો, રહું રાજી
તમ ગુણ જે ગરવા, સદા ઉચરવા, અલી ફુલ ફરવા, થઉં ભ્રમરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

કરી દીલ ઉમંગી, છંદ ત્રીભંગી રચીયા રંગી, ઈબરામે
જે નર દીલ સાચે, તેને વાંચે, સુખમાં રાચે, સૌ ઠામે
ભવસાગર તરવા, પાપ મહેરવા, ઠામે ઠરવા, જપ્યા કરો
જય જય અલી બાપા, હરકત કાપા, હરણ બળાપા, સાય કરો

મુનાકીબ ૪ થો.

ભુજંગી છંદ.

સુણો અર્જ આકા તમે એક મારી
પડયું કષ્ટ મારે શિરે દુષ્ટ કારી
કરો ભ્રષ્ટ તેને તમે રેમ લાવી
અલી યાઅલી દાસને લ્યો બચાવી

રહું આપનું નામ જે હર્ણ ગંદુ
થશે કષ્ટ સૌ ભ્રષ્ટ જો ચર્ણ વંદુ
ભલા સેવ્ય ભાસો ભુમી મધ્ય ભાવી
અલીયા અલી દાસને લ્યો બચાવી

કરૂં હર્ષ લાવી ઉરે આપ સેવા
ફળે કાર્ય સિદ્ધી મળે મીષ્ટ મેવા
વીનંતી કરૂં શીશ પાયે નમાવી
અલીયા અલી દાસને લ્યો બચાવી

ખુલે નેક રસ્તેજ તિમીર ચક્ષુ
ફગે તેમ મૌલા મહા હું મુમુક્ષુ
મને પાત્ર નિજ રહેમનો દયો બનાવી
અલીયા અલી દાસને લ્યો બચાવી

સુણી વિનતી યાઅલી સાય આવો
દુખી દાસને દુખમાંથી બચાવો
સુખી હું રહૂં જે થકી સર્વ ઠામે
ઉચારી પ્રીતે વીનતી ઇબરામે

મુનાકીબ ૫ મો.

છે દુખી છે દુખી દાસ તમારો
અલી બાંય ગ્રહી ઉગારો (એ ટેક)
તુજ દાસ દબાણો દુઃખમાં, છે લુફનત જેથી મુખમા
હવે આકા નાંખો મુખમાં
કૃપાની દ્રષ્ટ, કરો ઉત્કૃષ્ટ, થસે દુખ ભ્રષ્ટ મળે સુખ આરો=છે દુખી છે દુ૦

અલી આપ કરોને રક્ષા, મુજ શ્રેષ્ઠ બનાવી [1]કક્ષા
વળી દીર્ઘ દીયોને [2]દીક્ષા,
તમો માબાપ, કર્યાં જે પાપ, કરાવી માફ, દુખી સુત તારો=છે દુખી છે દુ૦
હું કરૂં આપને સ્તુતી, મુજ પાપ કરો [3]આહુતી
મને આપો આપ વિભુની
ઈબ્રાહીમ દાસ, તમારો ખાસ, કરે વીશ્વાસ, દીયો નહીં ડારો=છેદુખી છે દુ૦

મુનાકીબ ૬ ઠ્ઠો.

(ધીરાના પદની ઢબ.)

વીનતી મૌલા મારીરે, જલદીથી ઉરે ધરો
આવી દાસની વારેરે, વીધન વેગે હરો (એ ટેક.)
દુખ દરીયામાં દાસ ગ્યો ડુબી, ગૃહો ને હેતે હાથ
નથી આશરો અવર કોઇનો, હું છઉં નાથ અનાથ
દુખને દજો ટાળીરે, સુખને ભાવે ભરો=વીનતી મૌલા મારીરે
ફાંફાં માર્યા સૌ ફોકટનાં, પણ પ્રીછયો નહીં પાર
આપને શરણે આવ્યો આકા, બચાવોને ધરી પ્યાર
નહીં તો જાઈશ માર્યોરે, વેગે સુખીયો કરો=વીનતી મૌલા મારીરે
શેર થકી સલમાન છુડાવ્યો, ભારી તમનો ભેદ
પુરા આપના પ્રેમે પામ્યા, અસંખ્ય જન ઊમેદ
તેમ ઇબરાહીમ છે દુખીયોરે, જલદી સાયે કરો
વીનંતી મૌલા મારીરે, જલદીથી ઊરે ધરો=આવી દાસની૦

---

[1] કક્ષા=સ્થીતી [2] દીક્ષા=બોધ (નસીહત) [3] આહુતી=આગમાં બાળવું તે.

મુનાકાબ ૭ મો.

હરદમ હયદર હેત વધારો, કષ્ટ કાપવા આપ પધારો
દાસ તમારો છે દુખીયારો, હરદમ હયદર હેત વધારો
દુખ દેખી દીલ માય ડરૂં છું, તો પણ હૈયે ધૈર્ય ધરૂં છું
નિત પ્રીતથી તમને સમરૂ છું, પડું આપ તણે પાય
સદા કરો શુભ સહાય, દુખ મારૂં દુર જાય
સુખ અતીશય થાય, પ્રેમ આપનો પમાય
દાસ એવી આસ ચાય, હરદમ હયદર હેત વધારો
શેરથી લઇ સલમાન ઉગારી, નુહ નબીની કીસ્તી તારી
એમ ઘણાને આપી યારો, આવો ઝટ યા ઇમામ
પુરો હઇડામાં હામ, સફળ કરીને કામ
સુખ આપો ઠામ ઠામ, માગે દાસ ઇબરામ
જપું નીત્ત અલી નામ, હરદમ હયદર હેત વધારો

મુનાકીબ ૮ મો.

આકા અલી ઝટ મદદમાં આવો, દુખી અધીક છઊં મુજને બચાવો
[illegible] નથી કંઇ પરતું ચીતમાં, રદય સદય મારૂં રમતું રચાવો=આકા૦
[illegible] મદીરા મુજને પાઇ, તનમનથી પુરણ મસ્ત મચાવો=આકા૦
[illegible] ઇશકને દોર ચડાવી, નીતે પ્રીતે થકી નાચ નચાવો=આકા૦
[illegible] કર્યો પ્રેમ સ્થાન વીનાનો, ઇબરાહીમને પ્રેમે પચાવો=આકા૦
આકા અલી ઝટ મદદમા આવો, દુખી અધીક છઊં મુજને બચાવો=આકા૦

મુનાકીબ ૯. મો.

આવી કરો અલી સાય, ગરીબપરે, આવી કરો અલી સાય=ટેક
દરદ સીતમગર દુખ દઇને, હઇડામાં હરખાય=ગરીબપરે

પુરણ પ્રેમે આપ બુજાવો, લાગી જીગરમાં લાય=ગરીબપરે૦
અનાથ લેખી દુષ્ટ હમેશાં, કુડી નજરે કરડાય=ગરીબપરે૦
હેતેથી હૈદર દુખ હરો તો, જરૂર જરૂર સુખ થાય=ગરીબપરે૦
રોજે હશરમાં યા અલી હૈદર, છત્ર થઇ કરો છાંય=ગરીબપરે૦
પાપ ભુસાવા જન્નત જાવા, આપો શુભ અભીપ્રાય=ગરીબપરે૦
અરજ સુણી ઇબરાહીમની આ, દયા કરો નમું પાય=ગરીબપરે૦

મુનાકીબ ૧૦ મો.

યા અલી આવોને બચાવો, હું છું રંક સુણો જરી વીનતી મારીરે (એ ટેક.)
લાચારી, દુખકારી, ભય ભારી. આવારી, ગયો હારી. બીમારી અંગ
હુશીયારી, દીલદારી, સુખકારી, પડકારી, દયો યારી બલહારી રંગ=યા૦
તમ નામે, સૌ કામે, જય પામે, સૌ ઠામે, વીસરામે બહુ જામે લાજ
સુખ કામે, શુભ ઠામે, દીલ હામે, આરામે, રચીયામે ઇભરામે આજ=યા૦

મુનાકીબ ૧૧ મો.

(ભેરવીની ઢબમાં.)


મૌલા તમે મહેર કરો હરઠાર, આકા તમે રહેમ કરો હરઠાર=(એ ટેક)
રેમ કરીને, પ્રેમ ભરીનેરે, કરો સુખી છઉં બીમાર=મૌલા૦
શેર થકી સલમાન છુડાવ્યો, એ અલી હૈદરે કરાર=મૌલા૦
દેવ અંગુઠી, આપથી છુટી, થાકયા નબી કઇ હજાર=મૌલા૦
નબી મેરાજે, આપ અવાજે, થયો અરશ મહીંથી ઉચાર=મૌલા૦
દેવ મલકજીન, આપને આધીન, ખલકે ખુદા તણા મુખતાર=મૌલા૦
એક વખત મહીં શીન્તેર ઘર જઇ, રોજો કર્યો ઇફતાર=મૌલા૦
રંકે સવાલે, આપ દયાળે, આપી ઉંટોની કતાર=મૌલા૦
ઇભરામ દાસે, અરજ હુલાસે, કરી આપ તણે દરબાર=મૌલા૦

દરપણ પંજ સિતાર બંધ.


દોહરો.

ડરપરવર નરઊર કર, કર ધર ધીર તરવાર;
વાર નાર પર પુર કર, ઉર નુર પુર ભરચાર.


પંજપ્રબંધ.૧.



દરપણ પ્રબંધ.૨.




સિતારપ્રબંધ.૩.




દોહરો.

ડરપરવર નરઊર કર, કર ધર ધીર તરવાર;
વાર નાર પર પુર કર, ઊર નુર પુર ભર ચાર.


તસબીહ.૪.



ધનુષ.૫.



ચામર.૬.



* દીન દરપણ.

(રાગ ·)

અહો હોશે દરપણ સહુ કરમાં, ઉર દીન પ્રગટાએ
દીનનું દરપણ, કરૂં છુ અરપણ, મોમીનો ને આજ
સંગ હળશે, દીન કળશે, દુખ ટળશે, સુખ મળશે
બળશે સહુ દુરગણ નીજ તનમનનાં=હેમ ક્ષેમ રહેવાયે
અહો હોશે દરપણ સહુ કરમાં૦
પુરા પ્રેમથી જે કોઇ વાંચે, બીરાદરે મોમીન
નિજ આગે, દીન જાગે, ભ્રમ ભાગે, ચીત લાગે
અતી ચાહે ધ્યાન ધરમ કરમ પર ધરવા,=જન્મ સફળ થાયે
અહો હોશે દરપણ, સહુ કરમાં૦
અતી ફાયદા આથી થાશે, જો મુજ ધરશે ધ્યાન
સુખ કામે, શુભ ઠામે, રચીયામે ઇભરામે
નકી તે નર તરશે ભવજળ સધે=રટે ધ્યાનથી આંયે
અહો હોશે દરપણ સહુ કરમાં, ઉર દીન પ્રગટાએ

દરપણ ઇત્યાદી પ્રબંધ.

દોહરો.

ડર પરવર નર ઊર કર
કર ધર ધીર તરવાર
વારનાર પર પૂર કર
ઉર નુર પુર ભરયાર

---

* દીન દરપણમાં સમાયેલી બાબત ઉરદુ હદીસો વીગેરેની કીતાબ માંથી ઉતારા કરી છંદમાં બનાવેલ છે.

મોમીનની નિશાની વિષે.

(મનહર છંદ.)

ઇતેકાદ લાવ્યા બાદ, દીન ઇસલામે જ્યાદ
બનવા મોમીન સાંચ, પાંચ આ નીશાની છે
રાત દીનમાં પ્રથમ, વાજીબ સુન્નત મળી
હીમતથી એકાવન, નમાજો પઢવાની છે
મહા પ્રીતે બીજું પડે, જીયારતે અર્બઇન
જુવો ત્રીજું બાબેરાબે, સીજદામાં પેશાની છે
સદા રાખે સીધે હાથે, વીંટી ચોથું ને પાંચમું
બ આવાજે સૌ નમાજે, "બીસમીલ્લાહ" કહેવાની છે

ખુદાની જાતને આઠ ચીજો લાયક નથી તે વીશે.

મનહર છંદ.

હમેશાંથી છે ને વળી, સદાય સજીવ રહે
સહુ બાબતોમાં વળી, રાખે છે તાકાત ને
જાહેર બાતીન જાણે, નથી વળી મોત તેને
સુણે જાણે જુવે પણ, અંગ ન એ તાત ને
કરે છે વિચારી બધું, બોલાવે છે ચાહે તેને
મુસા સાથે કીધી જેમ, ઝાડ થકી વાત ને
સાચા છે વચન તેનાં, જુઠાં ન જરાય હોય
આઠ આ સીફત છે, લાયક પાક જાત ને

દીની ઇલમની અગત્ય.

હરીગીત છંદ.

સૌ મુસલમાનો સાચ માનો બોલ આ બહુ કામના
હેતે બજાવો હુકમ જે છે પાક દીન ઇસલામનાં
છે મુખ્ય ને વાજીબ એ જેને તમે ધ્યાને ધરો
દીની ઇલમ હાંસીલ કરો, દીની ઇલમ હાંસીલ કરો

દીલ જાનથી દીની ઇલમ હાંસીલ જે કરનાર છે
તેના ઉપર કીરતારનો હર ઠાર પર બહુ પ્યાર છે
માટે બધા આ કામમાં બહુ હામ હરદમ વાપરો
દીની ઇલમ હાંસીલ કરો, દીની ઇલમ હાંસીલ કરો

નહીં ઇલમ જેવી માલની કોઈ ઠામ પર તાજીમ છે
વળી માલ કરતાં ઇલમ મેળવવું બહુ લાજીમ છે
છે રોજીનો જામીન ખુદા શીદને પછી ચીન્તા ધરો
દીની ઇલમ હાંસીલ કરો, દીની ઇલમ હાંસીલ કરો

હુકમે નબી શીરપર ધરો ઇતકાદ પાકો આણીને
રોજા નમાજે સ્વચ્છરો, જરૂરી મસાયલ જાણીને
એ શીખવાની ફરજ છે તેને કદી નવ વીસરો
દીની ઇલમ હાંસીલ કરો, દીની ઇલમ હાંસીલ કરો

દીની ઇલમ શીખવા અને શીખવાડવા તાકીદ છે
વળી સ્વાબ તેના બહુ બહુ હદીસો વીશે વારીદ છે
ગણી સાંચ આએ પાંચ છંદો વાંચવા કરી મ્હાવરો
દીની ઇલમ હાંસીલ કરો, દીની ઇલમ હાંસીલ કરો

ખુશાલીના પ્રસંગની યાદી.

શાબાન તારીખ ૩ જી.

હજરત ઇમામ હુસેન અ૦ ના જન્મ દીવસ વખતે બોલવાની કવિતા.

દોહરો.

મોમીનોના દીલ બહુ, આજ દીસે રળીયાત
તે બાબે ચહુ બોલવા, પ્રથમ પડો સલવાત

(મુકયદ કરકે જેનુલ આબેદીંકો લે ચલે જીસદમ=એ ઢબ)

સહુ મોમીનભાઇને ખુશી હદબાર છાઇ છે
ખુશીમાં આજ એ યારો, વળી સારી ખુદાઇ છે
ન સઉને કયમ ખુશી હોયે, વખત આ ખુશનુમાઇ છે
"હુસેન ઈબને અલી"નાકે જનમ દીન આજ ભાઈ છે

ત્રીજી સારી તારીખે, શુભ માહે શાબાન
જનમ દીવસ "હુસેન"ના, આજે છે તે જાણ

એ આકાના જનમ દીવસે, જે "લોબા" હુર છે નામી
દરજ્જો જન્નતે આલા મહીં, તે આજ છે પામી
દુખી કેહરે ઇલાહીથી જે " દરદાઇલ " હતો નામી
ટળયાંથી દુખ સૌ તેનાં, ગૃહી આકાની ગુલામી

એ રીતે એ જન્મથી, પામ્યા પુરણ સુખ
એ દીન આવ્યો આ સમે, આપણની સનમુખ

કરો ઉપયોગ એ ભાઇ ખુશાલી સાથ તે આજે
ગુલામી હક અદા કરવો સહુ મોમીનને છાજે
તજી દુષ્કર્મને યારો ધરો વળી ધ્યાન શુભ કાજે
કે જેથી પાક પરવર પણ ભલી બખશીશ નિવાજે

આ દીનનાજ પ્રતાપથી, રહે મોમીન રળીયાત
આશીશ એ ઇબરામની, કહો સહુ "**સલવાત**"

રજબ તા૦ ૭ મી.

હજરત અબ્બાસ અ૦ નાં જન્મ દીન વીશે કવિતા.

દોહરો.

મોમીનોને દીલ મહીં, આજ દીસે આનંદ
તે બાબે ચહુ બોલવા, બહેરલાપીકા છંદ

સવૈયા એકત્રીશા.

હર્ષ દીસે મોમીનને હઇયે કઇયે તે તો શાને કાજ
જન્મ દીવસ હજરત "**અબ્બાસ**" તણો છે યારો તેથી આજ
રજબ તણી શુભ તારીખ સાતે આવ્યો ઉત્તમ આય પ્રસંગ
તનમનથી તલ્લીન બન્યા છે અજબ દીસે સૌને ઉછરંગ

અલમદારીને વફાદારીના આપે છે જેને ઈલ્કાબ
આપ સરીખા મહા બહાદર દીસે મુખ જોતામાં દાબ
સહાય આપે સંકટ કાપે દુખીયા દેખી હરદમ દાસ
નામીચા એવા આકાના જનમ દીવશ આજે છે ખાસ

જળકે મોમીનોથી કેવો આય સ્થાનનો સુંદર ઠાઠ
નક્ષ થયો છે નેક લક્ષમાં ખરી ખુશાલીનો ચળકાટ
મહીમાં મુખથી તે ન વદાએ થાએ વદતાં મોટો થોક
દીન ખુશીના આય મુબારક થાય મટીને સઘળો શોક

વળતી ચાહો ચીત પ્રીતથી પાક ખુદા પરવરની પાસ
સદા રહે સૌ મોમીન ઉપર ઉત્તમ સાયેએ અબ્બાસ
નીત ઉલ્ફત ઈસલામ તણીદે જેથી રસ્તો સુજે નેક
ખુશી બખશજે ખુબ ખુદાયા ટાળી હરદમ બુરી ટેક

શાકીર રહેવા શક્તી દેજે ભકતી કરવા દેજે ભાવ
લીચા બચાવી દુખ દરીયેથી ડુબેલું દેખી અમનાવ
કવીત ઉચાર્યું પ્રસંગ ધારી ઈબરાહીમે થઇ રળીયાત
પડો બીરાદર સ્નેહ ધરીને આલ નબી ઉપર **"સલવાત"**

જીલકાદ તારીખ ૧૧ મી.

આઠમા ઈમામ હ૦ અલી મુસેરજા અ૦ ના જન્મ દીવસની ખુશાલી વીશે કવિતા

ગઝલ.

ખુશાલીમાં રહો આજે, સમય કેવો મજાનો છે
જનમ દીન આજ એ યારો, **"અલી મુસેરજા"**નો છે

ભલા આ માસ જીલકાદ, સરસ તારીખ અગીયારે
રૂડો દીન ઈદનો આએ, ભલી મોમીન મજાનો છે

કમાઈ નેક સૌ કરી લ્યો, ગુન્હાના કામ બક્ષાવા
કે દીન આ બક્ષવા વાળો, અજર રોજે જજાનો છે

મુસાફી હેતથી કરીને મળો, મોમીનભાઇથી
પડો સલવાત હરદમ કે, ખરેખર જે ખજાનો છે

ખુદા કાયમ ખુશી રાખે, પડો "સલવાત" પ્રીતેથી
કહે "ઇભરામ" કમતર જે, સનાખ્વાં મુરતજાનો છે

મુળાક્ષરી દોહરો.

સબર જગત દરકર બશર, ભય ધર મરણ બહુમ
શરમ રહેમ નરકર શરણ, કરમ સફળ હરદમ

ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો.

ભુજંગી છંદ.

ભલા ભાઇ બેનો ભલી વાત જાણો, ખુદા કોણ કેવો હશે તે પીછાણો
કરો દુર જો ચીતમાં હોય ચોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

જુઓ દીનમાં ચીજ એ છે જરૂરી, "ઉસુલે દીને" રાખવી ભાન પુરી
હમેશાં વળી આ ભલી વાત ઘોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

ખુદા એક છે એમ આકીન રાખો, દલીલો વળી દીલ આદીલ દાખો
પછી બુધ્ધિથી સાફ ઇનસાફ તોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

દીધો જન્મ કોણે વળી કોણ પાળે, વિચાર્યું ન તે ને ચડયા જુઠ ચાળે
જુવો બુધ્ધિની આંખનો ફેરી ડોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

જુવો દેહ કોણે દીધી આ રૂપાળી, દીસે ખુબીઓ માંહી જોતાં નીહાળી
ખુબીથી ભર્યો છે જુવો પૃથ્વી ગોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

કદી તે ન દેખાય આંખે કરીને, કરેલી જુવો તેની કારીગરી ને
વિચારી પુરૂં વાત આ ચીત ચોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

નથી તે કદી એક ઠામે ઠરેલો, કળા કુદ્રતે સર્વ ઠામે ભરેલો
નિરાકાર છે પાક તે નુર ગોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

કરો છો બહુ ખાતરી સર્વ ચીજે, ઠગાઇ ન જાવા પુછો ઠામ ત્રીજે
ભલા કેમ રાખો અહીં જીવ ભોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

ન કોઇ કહે તેમ આ સાચ માનો, તમે ખુદ પોતે વિચારી પિછાનો
કરો સાચ વિશ્વાસ જો હોય મોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

દસે છંદ ઇબરાહીમે આ બનાવ્યા, ખુદા પાકની નેક પીછાણ થાવા
બીજી જુઠ વાતો અરે શીદ ડોળો, ખુદાને ખરી ખંતથી ખુબ ખોળો

મૌલાના કલામનો તરજુમો.

સાચવદવા વિશે બયાન.

ઈંદ્ર વિજય છંદ.

મોમીનભાઇ સુણો ધરી સ્નેહ વદું શુભ સાચ કલામ બયાની
થાય પીછાન ઇમાન તણી શુણી માનવીઓ તણી મુખ જબાની
સાચ સખુન વદે જન જેહ સદા નર તેહ ગણાય ઇમાની
સાચ ઈમાન તણી ઇબરાહીમ સાચ સખુન અવસ્ય નીશાની

નેહ ખરો નર તેહ તણો વદી કોલ સદા ચીત સાચ ચડાવે
મીત્ર ખરો મુખ સાચ વદે નહીં દુખ ગણી મુખ જુઠ અડાવે
સાચ મનુશની પ્રીત કર્યે નકી વેણ વદે મુખ તેજ નિભાવે
સેજ મળે મુકતી ઇબરાહીમ સાચ સખુન તણાજ પ્રભાવે

ચાલ ધરી શુભ પાપ કરો નવ ધ્યાન ઇમાન ધરો નીત યારો
ઉત્તમ ચાલ મનાયજ એ મુખ સાચ વદો તજી જુઠ બકારો
આદરવો વળી ઉતમ ઉદ્યમ સંગ કદી નવ પાપ વીચારો
પુરણ થાય મનોરથ સૌ ઇબરાહીમ જો રબનો ડર ધારો
સાચ સખુન થકી છુટકો જન માત્ર તણો મુખ સાચજ ભાખો
સુખ મળે ભવ ભુખ ટળે મુખ વેણ પળે તવ દુખ ન ચાખો
સાચ વદો નિત ચાલ ધરી શુભ સાચ દીને ઇસલામજ દાખો
આમ કરે ફરમાન **"અલી."** ઇબરાહીમ તેપર આકીન રાખો

નમાજ નહી પડવાથી ગેરફાયદા.

દોહરો.

કેમ નમાજ નહીં પડે, કે મનમાં જન ગર્વ
ખાર જીયાદ લાવીને, ખારજીકે જન સર્વ

ભુજંગી છંદ.

જુવો ચીત્ર વીચીત્ર આ મીત્ર મારા, ધરો ધ્યાનમાં માનથી આ સુધારા
કરું લેશ આ કેશને પેશ દાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી
ખુદા સર્વ વાતે દીયે તનદુરસ્તી, પરંતુ કરે બંદગી માંહી સુસ્તી
ન હોએ ભલો પ્રીછવો પુરણ પાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી
ખુદા ન્યામતો ખુબ આપેજ ખાવા, ભરે ઓજરીમાં મહા મોજ થાવા
કરે શુક્ર બે શર્મને લેશ લાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી
વધારી ખુદાયે રૂડી જીંન્દગીને, ન પ્રીછી ન ઇછી કદી બંદગીને
વળી હેફ્ કે કેફમાં રેછ રાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી
કરો જગ્તફાની તણો ને ભરોસો, ઘડી વારમાં મારશે ચાર ઠાંસો
રહ્યું મોત સૌ સ્થાનમાં ગુપ્ત ગાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી

જઇ જન્નતે માણવા મોજ ઉંચી, ખરી ખોળતાં દેખશો આય કુંચી
નહી દયો તજી છે હજી હાથ બાજી, બનો મીત્ર પ્રિતે થકી સૌ નમાજી

"ક્રિયામત્તમાં" પ્રશ્ન પેલો પુછાશે, સુણી જે નમાજી મહા રાજી થાશે
દુખી ત્યાં થશે જે હશે ને નમાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી

ઘણા અશ્વ જ્ઞાની તણે આ ઇશારો, ગધેડા તણે લાકડી ખુબ મારો
વીચારી કરો દીલમાં વાત તાજી, બનો મીત્ર પ્રીતે થકી સૌ નમાજી

દસે છંદ જો પ્રેમથી વાંચી જોશો, નકી તે થકી આપના પાપ ધોશો
હદીસો વીશે વાત જે ભ્રાત ભાસી, વધ્યો પ્રેમથી ઇબરાહીમ આશી

શ્રી ચમારડીમાં જનાબનું મકાન ખુલ્લું મુકવાની ક્રીયા ના પ્રસંગ વીશે રચેલી કવિતા.

દોહરા.

દયા કરી નીજ કોમપર, ચમારડીમાં આમ
શેઠ અલીભાઇ થાવરે, સરસ રચાવ્યું ધામ
મહેરબાન તે શેઠજી, કુશળ રહો હરનીશ
આય પવીત્ર સ્થાનમાં, કબુલ થાય આશીશ

ઇન્દ્ર વિજય છંદ.

શેઠ "અલીભાઇ થાવર"ની ચડતી જગમાં થઇ કીરતી જામો
રાજી રહી હરઠામ નીરંતર અંતર સુખ મળી દુખ વામો
સર્વ સ્થળે અતી માન મળે પ્રજળે શતરૂ જન પ્રેમજ પામો
આશીશ એ ઇબરાહીમની ખુદ ખાવનને દીલ ખાય વિસામો

દોહરો.

"ભાવનગર" "વરતેજને." "ગઢડા," "ભડલી" ગામ
"પાલીતણાં," "ઘાંઘળી," "દીહોર," "ચોગઠ" આમ
"માંડવધાર," "વરલ" તણા, મોમીનભાઇ મીત્ર
આવ્યા આ શુભ સ્થાનમાં, કહું તે શુભ ચરીત્ર

* દ્વીઅર્થી મનહર છંદ.

હાજર થયા છે હોંશે "ગુલામ' હુશેન" અહીં
દીપે " આલા' દીન " જેથી આએ રૂડા ધામમાં
" નુર' માહામદ " વધ્યું આમ ખોજા કોમમાંહી
સાય નીત થાય ' અલી, ભાઇ 'ઓની હામમાં
જુવો આ જનાબનું, મકાન છે નિમાજ માટે
તૈયાર થવાથી ખુબી, વધી ઇસલામમાં
સુણી સમા'**ચાર**' આએ, "**ભાવના,**" ગૃહણ કરી
પધાર્યા પ્રીતેથી સહુ, **ચમારડી** ગામમાં

દોહરો.

જોઇ મકાન જનાબનું, બનેલ આ નવરંગ
બીરાદરોને દીલ મહીઃ અધીક વધ્યો ઉછરંગ

ગજલ.

ખુશાલી મોમીનાના દીલ મહીં હદબાર છે આજે
જનાએ હજરતે "અબ્બાસ" પર બક્ષહાર છે આજે

---

* ઉપલા મનહર છંદમાં એક અરથ ખાસ તે પ્રસંગને માટે તેમ બીજો તે પ્રસંગે હાજર થયેલ ભાવનગરના ચાર ગ્રહસ્થોના મુબારક નામ નીકળે છે. કે જેમાં પહેલા શેઠ ગુલામહુશેન પીરભાઇ તથા બીજા બે જાકીર ઍનઍન "રફીક"ના અધીપતી અને હાજી નુરમામદ મેઘજી જેઓની વાએજોની નેક અસરથી તે ભાગ તરફ ઇસ્લામ પ્રસર્યો છે. તથા એક બીજા ગ્રહસ્થ હતા, વીગેરે વીગેરે.

ખુશી કયમ હોય નવ જેને, મોહબત હોય મઉલાથી
ખુલ્યો આ હજરતે અબ્બાસને દરબાર છે આજે
સને શુભ તેરસો સોળે, જમાદીલ અવ્વલે યારો
વળી તારીખ પંદરને, રૂડો **રવીવાર** છે આજે
ખુશાલી બેવડી આજે બીરાદર નોય કયમ સૌને
જનમ દીન "**આબીદે બીમાર**"ને તેહેવાર છે આજે
"**સુબ્હાન અલાહ**" સરસ રચના,કરી રબ બંદગી માટે
ભલો "**અલાહો અકબર**" જે, મહીં પોકાર છે આજે
ખુદાના શુક્ર છે યારો હજારો જાન દીલથી કે
વધ્યો દીન આમ બોજામાં જુવો હરઠાર છે આજે
ખુદાનો ફજલ રહેનીત શેઠ "અલીભાઇ ઇબને થાવર"પર
કમાઇ નેકને જેણે દીધો શણગાર છે આજે
ખુદા તોફીક બક્ષે નેક તેવા શેઠને જેથી
ભલા અવસર મળે જેવો મળયો આ ઠાર છે આજે
ખુશી મનજુર છે આએ જનાએ હકતઆલાને
જનાએ "**પંજેતન**" ખુશી દીલ અપરમપાર છે આજે
ઉઠાવી આ સ્થળે તસ્તી ભલા આ કામમાં તેનો
ખસુસન ભાઇ "કાસીમ"ને બહુ ઉપકાર છે આજે
બુલંદ આવાજથી સલવાત સ્નેહે સૌ પડો યારો
ખુશીની યાદમાં ઇબરામ ઉમેદવાર છે આજે

ઈન્દ્ર વીજય છંદ.

કારણ કયું પ્રીય શેઠ તણું અહીં આય લલીત જગા રચવાને
કારણ કયું વળી *જાકીરનું પઢવું ચડી મીંબર આ સુભસ્થાને
હાજર મોમીન અત્ર થયા કયમ દાસ ઉભો સુખ શું વદવાને
કારણ સર્વ તણું ઇબરાહીમ ફક્ત "**નમાજ**" સદા પડવાને

---

* હાજી અલાદીનભાઇ ગુલામહુસેન રફીકુલ મોઅમેનીનનાં અધીપતી તથા હાજી નુરમામદ મેઘજી જેઓની અસરકારક વાએજ બાદ આએ કમતરને મજલીસનાં ગૃહસ્થો સમક્ષ આએ કવીતા બોલવા પ્રસંગ મળયો હતો.

દ્રષ્ટાન્તિક દોહરા.

કુદરત થકી કળાય છે, ભળાય નૈં જગભુપ
પવન સ્પર્શી જ્યમ પેખીએ, નહીં રંગ કે રૂપ ૧

હળવો થઇ જે હાલશે, પામે તે જગપાર
કાષ્ટ તરે છે અબ્ધીમાં, સર્જન લેસે સાર ૨

ચુપ રહેતે શીર ચડે, પડે બકે તે પાય
ચડે લલાટે ચાંડલો, ઝાંઝર રે પગમાંય ૩

બકે બહુ જે બોલકો, ખચીત માર તે ખાય
મૃદંગ નગારા પરસદા, ઘણા પડે છે ઘય ૪

દેહ દમ્યા પણ મનુષ્યથી, ઉંચ મુકતી ન પમાય
માખણને તાવ્યા વિના, ઘી નીરમળ નવ થાય ૫

નીચ મહીં જે નીપજે, ઉંચ જૈ ટકે ન તેહ
વરાળ થૈ પાણી ચડે, પડે થઇને મેહ ૬

સરસ મીત્રની સંગતે, સદગુણ થાય પ્રકાસ
પોટાનાજ પ્રભાવથી, વધે દિપક ઉજાસ ૭

સજ્જન ટેક તજે નહીં, પડે કદી નીજ પંડ
પતંગ બાળી અંગને, રાખે પ્રેમ અખંડ ૮

છતાં જીન્દગી જન તણી, નડે પાપ મરી જાય
તેલ છતાં દીપક મહીં, પવન નડચે ઓલાય ૯

ઓદ ધણીનું ખાઇને, હોય નીચ બદમાશ
નમુળી વાડચે નીપજી, કરે વાડયનો નાશ ૧૦

સજ્જનની સંગે રહે, ગૃહેછ દુરજન ગુણ
સાગરમાં સરિતા વહે, લહેછ લીજત લુણ ૧૧

હલકા જનનો હરઘડી, કરવો નૈં વિશ્વાસ
વ્હાણ ઉતારે પાર પણ, કરે કોકદી નાશ ૧૨

અનુભવ આંચ અડયા પછી, માણસનું મુલ થાય
થાય ખરી કીમત સદા, સોનું જો સોધાય ૧૩

ધુલી ચડે જો ફૂળમાં, હલકુ મનુશ હણાય
ચડે ગબારો ગગનમાં, પડે બળી પળ માંય ૧૪

ધર્મ તણા આકીનથી, જગનો પાર પમાય
વિશ્વાસેથી વ્હાણપર, ભર દરિયો ઉતરાય ૧૫

નબળા જનના નેહથી, પડે કામનો પાર
કાષ્ટ તણા હાથા થકી, ઉપયોગી ઓજાર ૧૬

ખાર સદા કરનારની, ઈજત ઓછી હોય
કલમ દવાતની આગળે, પેન ગણે નહીં કોય ૧૭

નોક મહીં નીરખાય છે, જીવતરનું ચૈતન્ય
નાણા આવે નોટના, નોક તને છે ધન્ય ૧૮

ક્રોડ વસા કહેવો નહીં, ભોળા જનને ભેદ
હાંડીમાં દીપક મુકે, જણાય છેદે છેદ ૧૯

વહાલું વેરી થાય છે, વધે વેરી પર વહાલ
ગમે શીયાળે ગોદડું, ચડે ઉનાળે કાળ ૨૦

મતી વિનાના મુંઢને, પંથ ન સુજે કાંય
બળદ ઘાંચીનો ઘાણીએ, ઘુમે છે ઘરમાંય ૨૧

ખપ જેનો તે નવમળે, વણ ખપનું અથડાય
હવા ઉનાળે નહીં મળે, જેહ શીયાળે વાય ૨૨

નબળાની નડતર થકી, વડું વીઘ્ન વરતાય
નડે કાણું જો નેણમાં, દેહ બધી દુખાય ૨૩

સાચો નર બોલે તપી, વદતાં જુઠ દબાય
સાચો રૂપીયો વગડશે, ખોટો તેમ ન થાય ૨૪

લાયક વટ છોડે નહીં, કદી દેહ પડી જાય
છોડે નહીં વળ છીંદરી, ખાખ બળીને થાય ૨૫

વધે સુધારો દેસમાં, તોજ કુચાલો જાય
પોટો દીપક પર ધરે, ગુમ ધુમાડો થાય ૨૬

પુરૂષ જેહુ પરમારથી, ધરે દીનની દાજ
બાળે છે નીજ પંડને, દીપક સદા પરકાજ ૨૭

સુમ ન દમડી આપશે, ચમડી તુટી જાય
તેલ કદી નવ નીકળે, રેતી જો પીલાય ૨૮

થવું ભીખારી રાય તે, મનુષ થકી થવાય
લોભી ભીખારી લક્ષધા, સંતોશી તે રાય ૨૯

લોભી આપે લાભ તે, નીસ્ચે દયે નુકસાન
વધે મેળમાં રકમ તે, ઘટે એજ નીદાન ૩૦

ગૃહસ્થ પણ નીરધન બને, તુટે જો તકદીર
હોય પીતળની ચારણી, ટકે ન તેમાં નીર ૩૧

લાયક નાયકની વીના, એક સરે નૈં અર્થ
શીશ અણી વીણ સર્વદા, છે **ધડ બરંછી** વ્યર્થ ૩૨

નાક વીનાના નર તણો, ભભકો સર્વે ફોક
"**હોકો**" પણ દીપે નહીં, નમણો નાચે નાક ૩૩

ઉદ્યમ વીણ તકદીર નૈં, સરસ નરસ નીરખાય
ડબીમાં પથ્થર કે રતન, ખોલ્યાથીજ કળાય ૩૪

જનની સ્થીતી જગતમાં, ક્રમે ક્રમે બદલાય
પલ્લું ઉંચ નીચ ફાળકે, વારા ફરતી થાય ૩૫

દુષ્ટ તણો ખપ જો પડે, દુર રહી લેવું કામ
ટાઢે તાપો અગ્નીથી, અલગ રહી ઈબરામ ૩૬

હિતેચ્છું જે હોય તે, કહેછ કડવા વેણ
ઓસડ કડવાં દુખ હરણું, દેછે **માસુખ–દેણ** ૩૭

અજ્ઞાની બળવંતનો, કોણ કરે? ઈનસાફ
વાઘ કરે જો ખુનતો, વગર કહેથી માફ ૩૮

મટી અંતોશી માણસો, લોભે દુખીયા થાય
પડે પાસમાં પક્ષીઓ, ચારે જો લલચાય ૩૯

રહેમ ખુદાની સરવપર, પાપે જન પીડાય
સુર્ય પ્રકાશે સર્વ પર, છાપર નીચે છાંય ૪૦

બુજે ન દુરમતી બંદગી, બીજો ચહે બકોર
સુર્ય તજીને સરવદા, ચાહે ચંદ્ર ચકોર ૪૧

અધીક રહેમ ખાવંદની, પાપ છતાં પણ હોય
સુરજ આડું છાપરૂં, તલકાં રહે છે તોય ૪૨

વધે ખરચ પેદાશથી, મુડીમાં મોકાણ
ભોજનથી ઝાડો વધે, થાય શરીરે હાણ ૪૩

કઠોર જેનું કાળજું, ધરે ન શીક્ષા ધ્યાન
પથ્થરમાં પેસે નહી, તીર તણું પેકાન ૪૪

દુખ પડે સજ્જન શીરે, નમ્ર અતીશે થાય
સોનું અગ્ની આંચથી, પીગળી રસ થઈ જાય ૪૫

કઠોરતા ધરનાર તે, હીણ પદ નીર ખાય
લોઢાના હથયાર થૈ, રંક તણે કર જાય ૪૬

મતલબી મિત્રો હોય તે, થાય ન કષ્ટે સ્હાય
બળે વાટ મીણબત્તી ની, "મીણુ" તરત દુર થાય ૪૭

સ્નેહ તજે નહીં સજ્જનો, દુખ દીયે દીલદાર
બંધન કરીદે રંજ કંજ, ભૃમર ન રિસ કરનાર ૪૮

ગણતી નહીં ગરીબની, હરકત દે હર ઠામ
બાળે છાણાં લાકડાં, નૈં લોઢું ઇબરામ ૪૯

કઠોર જન સુધરે નહીં, પડે શેક વણ માર
ટાઢું લોઢું નવ વળે, ટીપ્યા કરે લુહાર ૫૦

સજન ગુમાવે ગર્થ પણ, હઠ દુરજન ન હણાય
સાગર ખારો નહીં મટે, સરિતા વહી સુકાય ૫૧

પ્રથમ લાભદે પારધી, પકડે નાંખી પાસ
અફીણ પ્રથમ ગુણ આપીને, કરે શરીરનો નાસ ૫૨

મોટા જનની મેહેરથી, ગરીબ કરે છે ગેલ
કાયમ ફુલે છે ફળી, ચડી વાડયપર વેલ ૫૩

માન મળે ગુણ હોયતો, ગુણ વીના હલકાય
ગુલાબ ફુલ સજ્જન ગ્રહે, આવળ ફુલ અથડાય ૫૪

ગણે ન કોઇ ગરીબનું, સાચું ખોટું થાય
કંચન વીંટી રંકની, પીતળની પેખાય ૫૫

જેનો જેમાં મહાવરો, તેમાં તે હુશીયાર
પંડીતને નહીં આવડે, અભણનું કામ લગાર ૫૬

ગરીબ ગોલું નીવડે, સરખાં સરવે નોય
ગ્યાસ્લેટ પાણી સમું, સળગે તાપે તોય ૫૭

ખાલી તેનું પેટ છે, બહુ બોલે જે બોલ
ઘોર કરે છે ઘાવથી, પોલ રહ્યાથી ઢોલ ૫૮

નિચને વારે નરમતો, ઉલટો કરે બકોર
વધે બુજવતાં પાણીથી, ગ્યાસ અગનીનું જોર ૫૯

કુલાણજી શોભા ચહે, પંડે ભલે પીડાય
હાથ, કાન, પગ, નાકને, છેદાવી શોભાય ૬૦

મતી એકનૈં સરવની, એક એકથી ઓર
ચકવો ચાહે સુર્યેતો, ઘુવડ ચાહે ઘોર ૭૦

ગુણ અવગુણનૈં ઓળખે, આપ સાધવા સ્વાર્થ
સરસ તણે "બુરૂ" કહે, "મીઠું" ખાર પદાર્થ ૭૧

ચડતી દશાનાં ચીન્હનો, પ્રથમ જણાય પ્રભાવ
સુર્યોદય થાતાં પ્રથમ, ઉજાશનો ફેલાવ ૭૨

પડતીમાં જનની પ્રથમ, મતી થાય છે નાશ
રમ્યા "યુધીષ્ટર" જુગટું, ગણી વચનનો પાશ ૭૩

ગુણ થવાદે દુષ્ટને, ઉલટો ગણે ગમાર
માંખણ જાયે છાશમાં, ગણાય ફુવડ નાર ૭૪

વિશ્વ વિશે વસનારને, હર્ષ ગમી બે હોય
"**જાન**" જાય તેનાં સગાં, ખુશી થાય કાં રોય ૭૫

ભુખ મોતનાં મુખમાં, ખાતાં નહી ધરાય
કઇક કાળ ખાધા છતાં, "મરકી" રૂપે ધાય ૭૬

કરે અતીશે લોભ તો, અફળ જાય ઉદ્યોગ
માખી મધ ભેગું કરે, પડે અવરને ભોગ ૭૭

દ્વેશી જનનાં કામમાં, સાર મળે નૈં કાંઈ
મધ પામે નહીં માણસો, ભમરી પુડા માંઇ ૭૮

વડીલ પાસ ઝીણું થવું, લાયકનું એ કામ
બીજ ચંદ્ર સુરજ કને, ઝીણો રહે ઇભરામ ૭૯

અહંકારથી મનુશનું, તુટી જાશે તાન
અહંકાર રાખ્યા થકી, રાન્યો ગ્યો "શેતાન" ૮૦

એક દુષ્ટ પણ અધીકની, બદલાવે છે બુધ
સ્હેજ છાશના સ્પર્શથી, દહીં થાય છે દુધ ૮૧

શાળે કેળવણી થકી, જે વણ ખપની વસ્ત
કરે વાસણો ધુળનાં, ચાહે જગત સમસ્ત ૮૨

જડ મતી જનને હોય છે, સુણે ત્યાં સુધી સાન
પાણીમાં રહે ત્યાં સુધી, ભીનારે પાશાણ ૮૩

મોડો જે દે ફાયદો, ટકે બહુ થૈ સર્સ
ફળ મોડું જે ઝાડદે, લાભ દીયે બહુ વર્ષ ૮૪

અનાથને નૈં આશરો, આપે કદી અનાડ
ગ્રીષ્મ રૂતુમાં દે નહીં, છાંય તાડનું ઝાડ ૮૫

ગૃહે અસલના જ્ઞાનને, અબુજ ન બુજે સર્સ
કુચો તજી કદી નૈંકરે, સાકર ગધ્ધો સ્પર્શ ૮૬

અબુજ નરને અંતરે, કરૂણા લાગે કુડ
દીન પ્રકાશીત દેખીને, ગભરાએ છે ઘુડ ૮૭

"જર" ચાહે ત્યાં જાય નૈં, ચાય નહીં ત્યાં જાય
બકરો નાસે પકડતાં, ધક્કે સામો ધાય ૮૮

ન મળે ગુરૂના બોધ વણ, તત્વ મહત્વ વિચાર
શુધ દુધ પણ છાશ વણ, દહીં નહીં થનાર ૮૯

ગુણવાળો મહીં નીવડે, મનુષ્ય નહીં સૌ મુર્ખ
મીંઢી સરખી મેંદી તે, રંગ ધરે છે સુર્ખ ૯૦

ભય ભારે ધારે સહુ, એકથી એક અધીક
મારે ઉંદર મીંદડી, ધરે શ્વાનની બીક ૯૧

પોતે કામ કરેલ તે, વહાલું હોય વિશેશ
બાડો બેહરો બોબડો, પુત્ર પિતાને બેશ ૯૨

અભણ ગામમાં હોય છે, મુર્ખ ભણેલનું માન
અંધ ટોળીમાં એકલો, કાણો ચતુર સુજાણ ૯૩

નિજ દાશ નવ નીરખે, કરે અવરનો શોધ
શાસ્ત્ર વાતને શ્રવણતા, બહેરો આપે બોધ ૯૪

નાર ભાર સંસારનો, નર દુખી તેથી થનાર
મુસલમાન માટે કહે, નરક નામ જે "**નાર**" ૯૫

મોત આગળે કોઇ સ્થળે, નહીં ઉગરવા લાગ
પડે કપુર જો પાણીમાં, તોપણ બાળે આગ ૯૬

મળે મુરખને માન પણ, તજે ન આદત નીચ
"ખર" પર અંબાડી ધરે, આળોટે જઇ કીચ ૯૭

કપટી જાણે અવરને, કપટી જે જન હોય
કમળો જેની આંખમાં, પીળું સરવે જોય ૯૮

અરસ પરસ શોભે નહીં, સરસ નરસ હરનીશ
પગ ટોપી પેહરાય નહીં, નાય પગરખાં શીશ ૯૯

કુગી હલકે નીવડે સરસ, ઊંચ નહીં લેખાય
સરસ મોજડી હોય પણ, માથે નહીં મેલાય ૧૦૦

સવળો એક અવળો વહે, સીધું કરે તે વક્ર
૨ ચરખે જુદું કરે, અવળ સવળ ફરી ચક્ર ૧૦૧

વિના ગોઠવણ કામનો, પડે ન મતલબ પાર
વિના ગોઠવ્યે વ્યુહને, ફોજ ખાય પણ માર ૧૦૨

કાયમ કરતાં કોકદી, રહે મળયાથી હેત
સુરજ કરતાં બીજને, જોવે માન સમેત ૧૦૩

જનના મનને જે ગમ્યું, નરસું ગણે વરિષ્ટ
વિષ્ટા મધ માખી તણી, ખાય ગણીને મીષ્ટ ૧૦૪

જાય નેક જન જગતથી, રહે પાપી બગડેલ
સારૂં ફળ ચુંટાય છે, બાકી રહે સડેલ ૧૦૫

દયા કરે દુરજન ઉપર, પરગજુનું એ કામ
ચકોરને દયે ચંદ્રથી, સુર્ય તેજ ઇબરામ ૧૦૬

મહાત્મ ખુદાના માનીતા, ખુદા નહીં કેવાય
રાય હુકમ અધીકારીને, પણ નવ રાય ગણાય ૧૦૭

કૃપા ખુદાની હોય તો, સુજે સૌ શુભ કામ
જતાં **અલીને** મારવા, *"**કુંબર**" થયો ગુલામ ૧૦૮

દેશી જન થાતાં દુખી, ચહે સજનને દુખ
મરચું ખાતા એકલું, ગોળ મગાવે મુખ ૧૦૯

જેવાથી તેવા થવું, તોજ સમજશે સાન
ખુજે ઇશારે અશ્વવને, હડકાર્યાથી શ્વાન ૧૧૦

પક્ષ ન તાણે કોઇની, તે ઇનસાફ મતક્ષ
સત્ય દાદી કાંટો ગણું, પલ્લે કરીને પક્ષ ૧૧૧

જવું છે કબરને બારણે.

હરીગીત છંદ.

રે યાર તું હુશીયાર થઇ આ વાર વીનતી ધારજે
ફરજે નહીં બે ફીકર મરવું જીગરથી સંભારજે
જાણેછ જુઠી જગતતો માણેછ સુખશા કારણે
ડર કર જબર નર બે ખબર જવું છે કબરને બારણે

ન્યામત ખુદાની ખાઇ પીધી પાઇનૈં પરમારથે
નહીં કષ્ટ કાપ્યું કોઇનું વળી મોઈ રચો તું સ્વારથે
કર કામ સારૂં ભાઇ તું પોઢયો નથી કંઇ પારણે
ડર કર જબર નર બે ખબર જવું છે કબરને બારણે

માયાની તું માયા કરી બેઠો લઇ શું બાથમાં
પટકી તને છટકી જશે દઇ ખાક તારા હાથમાં
સારી વીચારી વાત તું લે લક્ષમાં તુજ તારણે
ડર કર જબર નર બે ખબર જવું છે કબરને બારણે

---

* કુંબર જેનું અસલ નામ "ફત્તાહ" હતું જે હબ્શનાં મુલકમાં પાદશાહનો ભત્રીજો થતો હતો અને પોતાના કાકાની છોકરી ઉપર આશક હતો અશકબુશ બાદશાહે અલીનો માથાનો પોતાની દીકરીની મેહરમાં માગ્યું હતું જે લેવા જબરી ફોજ સાથે ફત્તાહ મદીનાં શરીફ ગયો હતો જ્યાં હેરત કરનારી મુલાકાત દરમ્યાન પરાક્રમ નીહાળી પોતે જન્મ પર્યંતની પવીત્ર શરતોથી ગુલામી અખ્તીયાર કીધી હતી. ઇત્યાદી.

તજી નીંદ ગફ્લતની જરા જો જગતમાં કઇ રમી ગયા
કાળે ફરયા સૌ કાળમાં નહીં કોઇ ત્યાં કાયમ રહ્યા
છે નામ તેનો નાશ તું ધર ધ્યાન એ સંભારણે
ડર કર જબર નર બે ખબર જવું છે કબરને બારણે

લઈ જન્મ તું આ જગતમાં કઇ વિગતમાં સમજ્યો નહીં
થઈ અંધ ધાયો ધંધમાં સારૂં ન કંઇ સોચ્યું અહીં
કરીલે હજી કંઇ કામ સમજી અધમ પાપ નીવારણે
ડર કર જબર નર બે ખબર જવું છે કબરને બારણે

લઇ સાર આ સંસારથી નકી ધાર દીલ તું આટલું
કરશે ભલું જો કોઇનું નકી તો થાશે તારૂં ભલું
આજીજ થઇ નહીં અટકજે ઇભરામ જગ બંધારણે
ડર કર જબર નર બે ખબર જવું છે **કબર**ને બારણે

દુનીયાનું જુઠાણું.

છપ્પો.


હોય ભલી રંગીન, કહે, તેને "નારંગી"
કાળી પણ "રૂશનાઇ", વદે એ વાણ કઢંગી
જોતાં હોય મલીન, કહે સૌ તેને "ચોખા"
હોય ભરેલા પુરણ, કહે વળી તેને "ખોખા"
મીઠી ચીજને "ખુરૂં" કહે, ખાર ચીજને કહે મીઠું"
ઇબરાહીમ એ રીતે, અવનીમાં અવળું દીઠું

દીઅર્થી દોહરો.

પા'પીને તોં રબ રીઝે, પલક મહીં શુભ પેર
ને'કીના કરનાર પર, હોય ખુદાને કેર

ચોકીપ્રબંધ.

સવૈયો.



વાલપને ચહાઓ જનમીતે જગતે માન મહા મળવા,
વાલ મહામ ધરો નિત આમ કરેલ કુકામ સહુ બળવા;
વાલ બહુ સત ધરમે ધરો ન કરોજ વિરોધ કરી ફળવા,
વાલ ફરી કરિ કહે ઈબરાહીમ રહો તતપર વચને પળવા.

પંડીત કરો વિચાર.

દોહરો.

વાડી, હળને, વૈંતરૂં, કવીતા જે એ ચાર
"કોશ" વીનાં નહીં કામના, પંડીત કરો વિચાર

વેરાગીને રેંટીયો, વળી સુસોભીત દ્વાર
"માળ" વીનાં નહીં કામનાં, પંડીત કરો વિચાર

વાઢ અને વળી ખાટલો, ત્રીજું પ્રઆરંભદ્વાર
"પાયા" વણ નહીં કામનાં, પંડીત કરો વિચાર

આપ મતીલો, શ્રેષ્ઠને, વળી સૈન્ય અપાર
"હાર" ઘટે છે તેમને, પંડીત કરો વિચાર

કોશ અને વળી ચોપડી, ત્રીજી કુલીન ધરનાર
"વૃત" થકી સોભે સદા, પંડીત કરો વિચાર

આદમથી આદી ન છે, આ મનીશ ચય કીધ
આદમથી આ દીન · છે, આમ નીશાચય કીધ

ક્રોધ નહીં આપીશતો, ઉલટું પામે સુખ
ક્રોધ નહીં આ–પીશતો, ઉલટું પામે "સુખ"

ચોકી પ્રબંધ સવૈયો.

વાલપને ચહાઓ જન પ્રીતે જગતે માંન મહા મળવા
વાલમ હામ ધરો નીત આમ કરેલ કુકામ સહુ બળવા
વાલ્લ બહુ સત ધરમે ધરો ન કરોજ વિરોધ કરી ફળવા
વાલ ફરી કરી કહે ઇબરાહીમ રહો તત્પર વચને પળવા

" તકદીર " તદબીર ને, બુનીયાદ નાં કૃતવ્ય.

કુંડળીઓ.

નારી, **ફરજંદ**, **માલને**, **પાદશાહી** એ ચાર
મળે હોય " **તકદીર** " માં, જન બળ નહીં લગાર
જન બળ નહીં લગાર, વ્યર્થ જાય ચીજ ચારે
ઈલમ, **અદબ**, **બેહીશ્ત**, નજાત લેવી [1]**નારે**
ઇબરાહીમ ચીજ ચાર, મનુશ જાતથી ધારી
[2]**વફા**, [3]**તવાજો**, **દીલ સખી**, સત્ય જીભ વદનારી

ખુદાની આઠ સીફતો વિષે.

ઝુલણા છંદ (પ્રભાતની ઢબમાં)

છે ખુદા પાક જે એકલો કોઈ તેનો નથી ભાગીયો આપ બોળો
અંગ આકાર કાંઇ નથી વર્ણમાં નહીં વળી લાલ કે શ્યામ ધોળો
ખાસ રેઠાંણુ તેનું નથી કે નથી કોઇ ઠામે કદી એ ઠરેલો
સહુ જગે આપ મોજુદ છે કુદરતે કામીલાથી હમેશાં ભરેલો
કોઈના અંગમાં પેસીને પાક કિરતાર તે નથી કદી જન્મ લેતો
નહી વળી જગત કે આખેરતમાં કદી કોઇ ને આપ દેખાવ દેતો
બાળ જુવાન કે વૃધ થાતો નથી તે ખુદા કોઈ વાતે નહી છે અધુરો
અસલથી એક છે હાલ તેનો વળી સર્વ ખુબી મહીં છે કળાવંત પુરો
માણસો દેખીને અવરનું ખાઇ પીતાં શીખે બોલવા જે પ્રમાણે
તેમ નથી પાક કિર્તારને છે શીખેલો બધું અસલથી આપ જાણે
છે નહીં ખોટ કહીં સરવ તારીફને પાત્ર છે પાકીજા જાત તેની
ઓળખો આમ "**અલ્લાહ**"ને ધ્યાનમાં **આઠ** આ ચીજ રાખી મજેની


---

[1]નાર=દોજખ [2]વફા=સચાઈ [3]તવાજો=નરમી.

દુનીયાનું ભવીષ્ય.

(રાગ ખુલ ખુલનો.)

ખુદાને યાદ કર ખાકી, ન રેવાનું કહીં બાકી
સુંદર આ સંસારમાં, દીધો આદમ દેહ
અળગો કરી ઉપકાર તે, ચાય જગતની ચેહ
ચીતે માયા જુઠી ચ્હાશે, તજી તે એકલો જાશે
ખરેખર એક દી ખાશે, રહયો છે કાળ જે તાકી=ખુદાને
ધાયા ઘોરી ધાંધલે, કાયા કરીને ચુર
માયા લોભી મેળવે, ડાયા તેથી દુર
ચીતે કદી ચાય તે ચટકી, પલકમાં નાખશે પટકી
ભવે ભુલી મરે ભટકી, થશે સ્થીરનૈં જશે થાકી=ખુદાને
છળ બળ હરનીશ છોડીને. પળ પળ કર શુભ પાન
અહીં શા કારણ આવીયો, ધર તેનું કંઈ ધ્યાન
દયા ધર રંકપર દાજી, રહે **રબ** યાદમાં રાજી
જુઠી છે જગતની બાજી, ફકત છે હાથ ચાલાકી=ખુદાને
ખંત કરીને ખ્યાલથી, સંત સમાગમ રાખ
તંત તજી ભજ તાતતો, અંત સરસ ફળ ચાખ
હજારૂં આદરી હીલ્લાં, કરીલે કીર્તીના કીલ્લા
છે આખર સૌ **ફના ફીલ્લા**, થસે સૌ કાળ ખોરાકી=ખુદાને
ધરવું ધણીનું ધ્યાન ને, ફરવું ન થઈ બે ફામ
ડરવું મોતે દીલથી કે, મરવું છે **ઈબરામ**
અરે નાચીજ પ્રાણી તું, દીલે સત આએ જાણી તું
કરીલે કંઇ કમાણી તું, તજી મનમાંથી નાપાકી
ખુદાને યાદ કર ખાકી, ન રેવાનું કઈ બાકી



કયામતની રેલમાં મુસાફરી કરનાર પાસીનજરોને સુચના.

ભોપાળી કલ્યાણ.

સહુ મુસાફરો, જુઓ નજર કરો
અજબ રેલ ગાડી ઉભી છે ઉપર ચડો=સહુ૦

શરીયતની શુભ સડક ઉપર, આ, સુંદર ઉભી રેલ
ખલકતનાં ખાવીંદ ખુદાએ, ખુબ રચ્યો છે ખેલ=સહુ૦

ઈન્જીન રચીયું આબ ખાકથી, અંદર નાખી આગ
કળા કરી કુદરતની ! કેવી, જુવો દીર્ઘ દીમાગ=સહુ૦

ટીકીટ આપવા માટે નીમ્યો, મોત જુવો સનમુખ
પાસીનજર પાસે જર જુઠો, દેખી દીયે છે દુખ=સહુ૦

"માઅરેફત" તણા સ્ટેશનમાં, ઉભો તાર અધ્યક્ષ
ખબર દીયે છે સરવ તમારી, ખેંચીને ખુબ લક્ષ=સહુ૦

હકીકતની ઝંડી લઇ ઉભો, મલાયેક નીજ હાથ
તીક્ષણ દ્રષ્ટે જુવો તપાસી, અજબ જણાશે ઘાટ=સહુ૦

તરીકત રૂપી ડબા ભારના, વાહેદત રૂપી કુપ
તવારીખનાં સીગનલ પાસે, વાગે ઘંટ અનુપ=સહુ૦

જલદીથી જઇ પહોંચો રેલે, જરા ન રાખો ઢીલ
ચુકી જશો ટેમ કદાચીત, પછી થશે મુશકીલ=સહુ૦

નગદી જોશે નીમક હલ્લાલી, અવર ન ચાલે એક
માટે લેજો પુરણ તપાસી, સાચા હોય હરેક=સહુ૦

ભાતું પોતું ખુબ ભરીને, માલ કરો કમ્પ્લેટ
રેલ ઉપર જો પછી ચડો તો, સુખી થશો સૌ નેટ=સહુ૦

પુરણ પોટલા પુન્ય પાપનાં, જે છે સઉને સીર
ટીકીટ મળયાંની પહેલાં તેની, કરજો શુભ તદબીર=સહુ૦

જશો બેસવા લઈ સંગાથે, અલી ઉલફતનો પાસ
મહા આબરૂ સાથે તમને, બેસાડે ફસ્ટ કલાસ=સહુ૦

ઉભો થા ઈબરામ અરે તું, થયો રેલનો ટેમ
તુજ શીર ભાર ગુનાહનો જાજો, બેસી રહ્યો છે કેમ=સહુ૦

શબે બરાતની મદેહ.

ઉરદુ જબાનમાં.

રૂબાઈ.

ક્યા બેહ રહાહે બેહરે ખુશી બેબહા અલી
ઓર મોઅમેનીં ડુબે હે ઉસી બાહરમેં સભી
બેહરે નજાત રાત યે હી શુબે-બરાતહે
પડલો બુલંદ અવાજસે "સલ્લુઅલાન નબી"

મદહની હબ.

આજ કયું સબ મોઅમેની દીલ નેકસે ખુશનુદ હે
ઓર યે *માહફીલમેં કયું રોસની અફ્જુદ હે
ક્યા મહકતાહે યહાં હરગાહ ઉમદા ઊદ હે
હર તરફસે બલકેયાં નુરે ખુદા મોવજુદ હે
આજ સબ ખલકત કે હકમેં બક્ષીસે માઅબુદ હે
હજરતે સાહેબ "જમાં" ઇસ શબ હુવા મોવલુદહે 1

---

* આએ મદહ ખાસ મુંબઈમાં ફરનીચર બજારની "મેહરીબે પંજેતન"માં મજકુર પ્રસંગે પઢવાને બનાવી હતી.

આજ હે મસરૂર હરજાએ પે જીન, હુરો મલક
રૈનકે અફ્જા યે શબકો હોતે હેં સાતુંફલક
હર મુસલમાં એહલે દીં રહેતા ખુશીહે દર ખલક
મીસ્લે માહયે રાત રહેતી નુરસેં બસ હે ચમક

(૨)

કયા કહું મેં મરતબા ઇસ શબકી આલીશાન હે
જીસ સબબસે યે ફજીલતમેં મહે શાબાનહે
રહેતા જો યાદ ઇલાહીમેં કોઈ ઇનસાન હે
ઉસપે સાયા વો ખુદા કે લુત્ફકા હરઆન હે

(૩)

હે નીદા કરતા મલકસે યું ખુદાએ બેનયાજ
કોન બંદા હે મેરા માંગે જો બક્ષીસ નેક આજ
બક્ષકર ઉસકો ગુનાહસેં મેં કરૂંગા સરફરાજ
ઓર ઉઠાઉં હરતરહસેં વો મેરે બંદેકા નાજ

(૪)

યે મુબારક શબકી નજદીકે ખુદા કયા હે કદર
કામ કરતા નેક મોઅમીન ઉસકો લીખતા જ્યાદતર
ઓર ગુનાહે મોઅમેંનીસે હો કે બીલકુલ દરગુજર
દીલ નીખાલીસકા સભી મકબુલ કરતા હે ઉજર

(૬)


અરજ સબ મોમીનકી સુન તું ખુદાવંદ ગફુર
બાનીએ મજલીસકો રખ તું સલામત બાસરૂર
ઓર યે સબ મોમેનુંકી આફતુંકો કર તું દુર
વો જનાબે "મહેંદી"કા દુનીયામેં કર જલદી જહુર

(૭)

બએત.

હો મુબારક મોઅમેનોકો મરતબા ઇસરાતકા
તોહફા ભેજો વો જનાબે " મેહેદી "પર સલવાતકા

નાગપાશ-હરીગીત.



સમશેર લઈ આ બોધની , ભારી કરી વધ ક્રોધને ,
મનમલીનતા તુજ મુકુર , કરિ જરિ સમજ બોહલાશોધને
દીસે મહા મિષ્ટાન્ન નિમ જમ શુભજ મુખ ઈસલામનાં
નિત લાભ ધર દિલપર પરમ ઓ મિત્ર તું ઈભરામનાં.

બોધક બાબત.

નાગ પ્રબંધ હરીગીત છંદ.

શામશેર લઇ આ બોધની ભારી કરી વધ ક્રોધને
મન મલીનતા તુજ મુકુર કરી જરી સમજ બોહળા શોધને
દીસે મહા મિષ્ટાન નીમજમ શુભજ મુખ ઇસલામનાં
નીત લાભ ધર દીલપર પરમ આ મીત્ર તું ઇભરામનાં

કળજુગનો કકળાટ.

ઇન્દ્રવિજય છંદ.

તર્ક થકી નકી ફર્ક કળાયજ આગળ વખ્ત અને હમણામાં
વેડથી પેટ ભરેલ તે આજ ફરે જઇ ફેટીન ને દમણામા
શાંત સ્વભાવથી વાત કરયા થકી ખાય લપાટ નકી લમણામાં
આ કળી કાળમાં આમ જોઇ ઇભરામ પડયો ઉલટો ભ્રમણામાં

ગજલ ઉરદુમાં.

અજબ અરસા એ કલજુગકા નજર પર યાર આતા હે (એ ટેક.)
દેખો બીલીભી કુત્તેકો ડરાતી હે યે અરસે મે
સબક ઉસતાદ કો ચેલા પડાતા હે ડરાતા હે
દેખો ઇસ બખ્તકી બહુવે દબાતી સાસકો અપની
બુઢા વાલીદ લડકોંકા ઇસીદમ માર ખાતા હે
આજ કલ મોતી લટકતે હે ગધો કે કાનમેં
જો હોગા અકલમંદ દાનાવો હરદમ રંજ પાતા હે
દગા કર જ્યાદજો લેવે કસમ ખા જુઠ કમ દવે
ખડા હુશીયાર દાનીસતા યેહી જગમેં મનાતા હે

ચલે જો અદલ પર કાયમ ન લે દવે જીયાદા કમ
નીગાહે લોક મેં વોહી બડા નાદાં કહાતા હે
બદરગાહે ઇલાહીમેં ઝુકાને સરકે બદલેમેં
કહીં હો બ્યાન વાયેજકા તો નીંદમે સરઝુકાતા હે
જહાં તક હો નહીં દુનીયાં વહાં તક યાદ મેં રખહે
મગર જબ મીલ ગઇ મતલબ નહીં રબ યાદ આતાહે
એ ઇબરાહીમ હરેકજા પર તું રખલે મનકો કાબુમે
કયુંહીંકે હીકમતાયે સબ લઇ સેતાં લડાતા હે

ધર્મ ક્રીયાના જરૂરી.

ઇન્દ્ર વિજય છંદ.

સીડી તણી નકી જેમ જરૂરજ, માળ મહીં સુખથી ગરવાને
પથ્ય તણી વળી જેમ જરૂરજ, ઓષધિ સાથ પિડા હરવાને
ખાસ ક્રિયા તણી જેમ જરૂરજ, માંખણનું ઘી છે કરવાને
ધર્મ ક્રિયા તણી તેમ જરૂરજ, આ ભવસાગરમાં તરવાને

---

* માસીક ચોપાનીયું બહારે મજીલીસ વિશે.

દોહરા.

ઇન્તેજાર જેને હતો, જોવા દર ઓફીસ
આવ્યો ખુશી દીલ દખીને, તે બહારે મજલીસ
રાખી વાંચ્યું દ્રષ્ટીએ, હરપળને હરનીશ
હીમાયતી મોમીનો, છે બહારે મજલીસ
મરસીયા નોહા સલામને, મોઅજીઝા હદીસ
ચુકતી અધીક એમાં દીસે, જે બહારે મજલીસ
સરવે મોમીન ભાઇને, છે ઉમદા બખશીશ
ફળદો મતલબ વાંચશે, જો બહારે મજલીસ
નોફસ આ માસીકની, ખરચે જુજ માઇસ
સદા મોહીબો પામશે, શુભ બહારે મજલીસ
લાયક લેખી દે તુને, ઇબ્રાહીમ આશીશ
મદદ રહે આકા હુસેન, એ બહારે મજલીસ

---

* આ માસીક મહુવામા મુનશી માસુમઅલી સાહેબ જેઓ જાકીરે હુસેન અને શાયર તરીકે પ્રખ્યાત છે તેવણના તરફથી પ્રગટ થાય છે વારસીક લવાજમ રૂ ૧) અધીપતીને લખવું.

ઈન્દ્ર વિજય છંદ.

મોર ખુશી ઘનઘોરથી જેમ, પતંગ ખુશી ચીત હોય ચીરાગે
ચંદ્રમબાથી ચકોર ખુશી જયમ, નાગ રહે ખુશ મોરલી રાગે
ભોગી ભલા ભ્રમરા ખુશ જેમ, રહે ફરી ફુલ સુગંધીક બાગે
મોમીન રાજી રહે ઇબરાહીમ, તેમ બહારે મજાલીસ બાગે

---

*સખાવત બહાદુર કદરદાન શેઠજી મેહેરબાન કરીમભાઈ ઇબરાહીમભાઈ ખોજા ઓરફનેજના વારશીક મેળાવડા પ્રસંગે બિરાજમાન થયા તે પ્રસંગાનુસાર બનાવેલ.

ઉરદુ કાવ્ય.

ખુદાને આજ કુછ યારો અજબ રહમત દિખાઇ હે
ગનીમત આજ કે ગોયા નીયામત હમને પાઇ હે
જોહે હક આઇનાં દીલકા કે જીસમેં હક નુમાઈ હે
કદરદાં શેઠજી આએ "કરીમભાઈ" ફીદાઇ હે
ઇસી વજહસે દોમલો, હુવે સભી મસરૂર
ખીલ રહી દીલકી કલી, દરદ હુવા સબ દુર
સરોકંદ કે બગીચેમેં અજબ ગુલ યે નુરાની હે
કે હમસેં બુલબુલોંકી નીત ઉસીપર જાં ફીસાની હે
બદનકી રોશનાઇ મેં ચમકતી કયા પિશાની હે
તજલ્લા હુસ્નકા હે વો કે નેકીકી નિશાની હે
ગુલ હસ્તા હસ્તા રહો, હરા ભરાહો ફુલ
કે જીસકી છાંઉ તલે, બચે યતીમ બુલબુલ
કરૂં કયા વસ્ફમેં તેરા અજબ કુછ તેરી બીનાં હે
ન મતલબ હે બુરાઇસે ન દીલમેં કુછ ભી કીના હે

---

* આએ મેળાવડો જનરલ સભાનો મજકુર શેઠના પ્રમુખપદે થયો હતો.

ગરજ હરદમ ભલાઈમેં નીરાલા સાફ સીનાં હે
કદરદાં તું ગરીબુંકા યતીમોંકા નગીના હે
હાતમ દીલ તુમ શેઠ હો, સખી સક્ષ બહાદુર
રહેમ નજર જીનપર પડે, દુખ હોજાવે દુર
બનાઇ "ઓરફનેજ" જીસમેં યતીમોં આસરા પાવે
ઇલમ ગુજરાતી ઊરદુ ઓર વહાં કુરઆંન સિખલાવે
પેહન પોશાક ઉમદાકો મજેકી ન્યામતું ખાવે
યે વલ્લાહ કામ નેકીકા દીગર તાઅરીફ કયા ગાવે
દીયા ખુદાને આપકો, લારેઓ લાએક
કુળ દીપક ફરજંદ જો, ઘર આબાદી નેક
પબાની કે ચમનકા ગુલ માહામદભાઇ લાયક હે
વ ઉસકી ઠીક આબાદી તો ફજલભાઇ બેશક હે
અજબ ગુલરૂ ગુલામહુસેન દીગર ફરજંદ કોચક હે
યે નક્ષા નેક માદરકા બગીચેકી જો રોનક હે
ઉસકા માલી આપ હો, ખુબ રચાયા બાગ
ફુલકર યે ફુલ ફુલસે, દેતા ખુબ દીમાગ
કદરદાં મેહરબાંન હો કોમ ખોજુમેં માહારાજા
તેરી ઓલાદ હો આબાદ તેરા હો મરતબા તાજા
રહો ખુશ નીત કરીમભાઇ બજો આનંદકા બાજા
દોઆ દેતા સીદક દીલસે તુમ્હે ઇબરામ એ ખ્વાજા
ખુદા તુમ્હેં હર હાલમેં, રખે સુખી આનંદ
અમર નામ હો આપકા, જબલગ સુરજ ચંદ

ગુજરાતી કાવ્ય.

ત્રોટક છંદ.

ભભકો નિજ જ્ઞાત સુજાત તણો, ચળકીજ રહ્યા તમથી બમણો
બહુ લાયક કામ કરી જગમાં, ગરકાવ થયા જસનાં ઢગમાં

પ્રતીદીન રહે ચઢતીજ કળા, પડિ આપ તણા શતરૂ નબળા
નિજ કોમ મહીં પ્રીય નાયક છો, શુભ તારીફને બહુ લાયક છો
કુળનાં પ્રીય આપ ઉજાગર છો, વળી રેમ તણા મહાસાગર છો
નથી તાકત જીભ મહીં અહીંઆ, કહું આપ તણો ટુંક શું મહીમા

(૨)

હૈયાના અતી હુલાસી, કરીમભાઇ પ્રીય શેઠજીરે=એ ટેક.
ધન્ય ધન્ય તમ રદય સદયને, અધીક રહેમ વસી છે તમ નયને
સદા સ્નેહ સઉથી સજીરે, હૈયાના અતી હુલાસી૦
દુઃખ રંકનાં દુર કરનારાં, હરકત સંકટ ભય હરનારાં
હરદમ છો સાહેબજી રે, હૈયાના અતી હુલાસી૦
સુખી થવા નિજ જ્ઞાત પ્રજાને, ધરી ધરમની ધિંગી ધજાને
સુકૃત્ય નીત્ય કરો હજીરે, હૈયાના અતી હુલાસી૦
કચ્છ માંડવી માંહી પ્રચીને, ઈસ્પીટાલ વળી રૂડી રચીને
ધરમસરા સ્નેહ સજીરે, હૈયાના અતી હુલાસી૦
રચી મદરસા એ ગુણવંતે, લાભ લીયે બચ્ચાં જ્યાં ખંતે
ઇલમ કદર અચ્છી બુજીરે, હૈયાના અતી હુલાસી૦
આપ શેઠજી તણા સુદરષે, દાસ વધ્યો ઇબરાહીમ હરષે
આજ ખુશી બહુ ઉપજીરે, હૈયાના અતી હુલાસી૦

પાછળનાં દોહરાં તરલા પીકામાંથી મોટા મોટા અક્ષરો ચરણવાર મેળવતાં મજકુર માસીકનો દોહરો નીચે મુજબ નીકળે છે.

દોહરો.

વાંચો રફીકુલ મોઅમેનીં, હોંશ ધરીને હાથ
દીન અને દુનીયા તણો, સસતો છે સંગાથ—૧

દોમાસીક ચોપાનીયું રફીકુલ મોઅમેનીન વીશે અભીપ્રાય.

દોહરો.

…ર ફીકુ લઇ મુખ જશો, જો "રફીકુલ" ઇછે દીલ
એમ રદ આ કીલઘર, એ મરદ આકીલ

દોહરાંતર લાપીકા.

વાંચો મોમીન ધર્મના, નજ્ર તમો સંગાથ
ચોખી અન્દર રીત જે, અતી ગણો મન આઠ
"રફીક" મેળવો ને સહુ, નેહ ખાસ થકીજ
ફીકર ની હાપે થસે, દુર સર્વ તજવીજ
ફુલ ચાહો હોંશે થકી, નીજમન તોળી ન્યાય
લઘુ શેવક દીલથી કહે, યારો છેજ ઉપાય

---

* મજકુર ચોપાનીયું પાંચ વરસ થયાં બહાર પડયું છે અને હાલમાં બબે માસે પ્રગટ થાય છે જેમાં કોમોપયોગી ઇસ્લામને અનુસરતા વિષયોથી કદરદાનો નજીક પ્રસંશા પાત્ર થએલ છે જે સઘળું તેના પ્રગટ કર્તા હાજી અલાદીન ગુલામહુસેન (ઐન ગૈન) ને શોભા ધરાવનારૂં છે. કીમત વારશીક ૨ ૦ાા માલીકને તળાજે લખવું.

સમાપ્ત.

"હૈદર હુલાસ" કીતાબને આશરો આપનારાઓ મેહરબાન શેઠજીનાં મુબારક નામ.

મુંબઈ.

નકલ.	નામ.
૧૦૧	શેઠ કરીમભાઇ ઇભરામ જે.પી.
૨૫	,, વલીમામદ. પીરમામદ જે. પી.
૧૦	,, આમદભાઇ દેવજી જે. પી.
૫	,, પીરૂ મામદ જે. પી.
૫	ડા. ઇસમાઇલ જાનમહમદ (એલ એમ એન એસ) જે.પી.
૫	શેઠ શરીફભાઇ દેવજી કાનજી
૫	,, જાફરભાઇ રણમલ
૫	,, ગાંગજીભાઇ પુંજા.
૨	,, જાફરભાઇ રેમતલા
૨	,, ઇભરામભાઇ નાનજી.
૨	,, ગુલામહુસેન સુમારભાઇ વીરા
૨	,, માહમદભાઇ ઇભરામ
૨	,, રહીમભાઇ કાશમ
૨	,, રેમતુલા ઇભરામ પીરભાઇ.
૨	,, શાલેમામદભાઇ કાશમ.
૨	,, આમદભાઇ કરીમ
૨	,, દાતુભાઇ હાશમ
૨	,, બંદાલીભાઇ દાદા દેવરાજ
૨	,, નુરમામદભાઇ અલાબક્ષ.
૧	,, તાર મામદ કાસમ.
૧	,, અબદુલઅલી શરીફ કાસમ
૧	,, મામદભાઇ ખાકુભાઇ
૧	,, જાફરભાઇ કાનજી હીરજી
૧	વેરા અબદલાભાઇ મામદઅલી
૧	,, અબદલાભાઇ ઇસ્માલ
૧	,, વજીરભાઇ નાનજી ઘીવાળા
૧	,, સાલેમામદ પદમસી
૧	,, શકુરભાઇ પ્રેમજી
૧	,, અબ્દરસુલ કાસમભાઇ
૧	,, કરમાલી રેમતલા જેડા

નકલ.	નામ.
૧	શેઠ પીરમામદ અલારખ્યા
૧	,, સતુભાઇ પીરમામદ
૧	,, હબીબભાઇ લાલજી
૧	,, રવજી સુંદરજી
૧	,, નજરઅલીભાઈ ગીગા
૧	,, અલારખ્યાભાઇ જાનમામદ
૧	,, અબદલાભાઇ કલ્યાણ
૧	,, નજરઅલી લાલજી
૧	,, ફાજલભાઇ કાસમ
૧	,, અલીભાઇ કાસમ
૧	,, અલીભાઇ મેરાલી
૧	,, ગુલામઅલી જીવરાજ
૧	,, હાજીભાઇ નેણસી
૨	,, વજીરભાઇ કમાલ દુધવાળા

ભાવનગર.

૨	,, ગુલામહુસેનભાઇ પીરભાઇ
૧	,, જુસબભાઇ અલીભાઇ
૧	,, હસનઅલી ગુલામહુસેન
૧	,, જાફરભાઇ ચાંદુ
૧	,, રેમતુલા શીદી મુલજી
૧	,, અલીભાઇ બાઉલ
૧	,, હાશમભાઇ વલીભાઇ
૧	,, નજરઅલીભાઇ કાસમ
૧	,, અબદલાભાઇ કાસમ
૧	,, ગુલામઅલી કરીમ
૧	,, ગુલામઅલી મેરાલી
૧	,, શકુરભાઇ ગુલામહુસેન
૧	,, દુલભભાઇ ખીમજી
૧	,, વીરજીભાઇ નથુ
૧	,, કાસમભાઈ હસન
૧	મી૦ જમાલ વી. અહમદભાઇ સીદીક સ્પે.આ. માસ્તર

વરતેજ.

૧	શેઠ શરીફભાઇ શંઘજી

નકલ.	નામ.
૧	શેઠ અલીભાઇ રણછોડ
૧	,, નજરઅલીભાઇ ડાહયાભાઇ
૧	,, હસનઅલી રૂપજીભાઇ
૧	,, અલાઉદીન નાનજી
૧	,, કાસમઅલી ધરમસી
૧	,, ઇસાભાઇ ભાણજી
૧	,, મેમણ જુશબ ગની કાશમ
૧	,, ખોજા કાશમ ધારસી
૧	,, અલાદીન હીરજી
૧	,, અબદલા સંઘજી
	પાલીતાણા.
૧	શેઠ તારમામદ રાજન
૧	,, વલીમામદ કાનજી
૧	,, પીરભાઇ જીવા
૧	,, મેનેજર ઉકાભાઇ ગફુરભાઇ
૧	,, વીસરામભાઈ નથુ
	તળાજા.
૩	શેઠ નથુભાઇ હીરજી
૧	,, અલાદીનભાઇ ભાણજી
	બરવાળા (ઘેલાસાનું)
૧	શેઠ નજરઅલી રણછોડ
	બોટાદ.
૧	શેઠ ડાયાભાઇ પનજી
	ગઢડા સ્વામીના.
૧	શેઠ બેચર ભીમજી
	સામપરૂં.
૧	શેઠ હેમરાજ નથુ
	શીહોર.
૧	,, કેશવજીભાઇ રહેમાન
	ધાંધળી.
૧	,, શરીફભાઇ સાલેમામદ
	ધોલેરા.
૧	,, અલીભાઈ વીરજી
૧	,, ખુશાલભાઈ જસાભાઈ
૧	,, છગનભાઇ અલીભાઇ
૧	,, કાસમભાઇ મામદ
	કુકડ.
૧	,, નજરઅલી ગાંગજી
૧	,, રૂપજીભાઇ કાનજી અને દેવ-
	જીભાઇ નજરઅલી મુખી
૧	શેઠ ઝવેરભાઇ લવજી કાનજી
૧	,, મી૦ રૂપજીભાઇ અલીભાઈ
	ચોગઠ.
૧	,, ગુલામહુસેન ભાઈ પ્રેમજી
	માસ્તર
	ભલગામડા.
૧	,, પરધાનભાઇ રામજી
	પછેગામ.
૧	,, વાલજીભાઇ ડાહયા
૧	,, મોતીભાઇ જીવા
	ખરકડી.
૧	,, નજરઅલી મામદ
	દીહોર.
૧	,, ઇભરાહીમ ગુલામહુસેન
	રંગુન.
૧	,, હાસમભાઇ ઇભરામ
	સુરત.
૧	,, સુલતાન હાજીભાઈ
૧	,, હુસેનભાઇ રેમતલા
	ઘાટનજી.
૧	,, મામદભાઇ ઇસાભાઈ
૧	,, કાલુભાઈ ઇસાભાઈ
	હીનજાદા.
૧	,, નજરઅલીભાઇ મનજી
	આણંદપુર.
૧	,, ચતુરભાઇ ધરમસી.
	કલકતા.
૧	,, વલીમામદ મનજી
	માજુંગા.
૧	,, આમદભાઇ ઈબ્રાહીમ
૧	,, કાસમભાઇ ભાણજી
	મગાઉ મીંકીદાની બંદર.
૧	,, હરજી રાજન પુંજાણી
	જંગબાર.
૧	,, ઇસમાલભાઇ કરમાલી
૧	,, જાફરભાઈ ગુલામહુશેન
	કામઠી (જીલ્લે નાગપુર)
૧	,, ફાજલભાઇ અલાદીન

નવી જાહેર ખબરો.

ઇસલામી ભાઇઓને ખુશ ખબર.

નામાંકીત પ્રસિધ્ધ ફિલસુફ અને વિદ્વાન

સર એડવીન આરનૉલ્ડ નાઇટ.

કે. સી. આઇ. ઈ.–સી. એસ. આઇ.–એમ. એ વગેરે એ અંગ્રેજીમાં રચેલા એક અતિ ઉત્તમ અને પ્રસિદ્ધ પુસ્તકનો સર એડવીન આરનોલ્ડ, નાઈટની ખાસ રજાથી શુધ્ધ અને સરળ ગુજરાતી તરજુમો.

બહુજ થોડા વખતમાં.

સર એડવીનનાં સુંદર વિલાયતનાં ફોટોગ્રાફ તથા જીવન ચરીત્ર વગેરે સહિત નીચલા નામે છપાઇ પ્રસિધ્ધ થશે.

ઇમાનનાં મોતી.

અથવા

અલ્લાહનાં અનુપમ નવાણુ નામો

(કે જેઓ સાધારણ રીતે "અસમાઉલ–હુસના"ના નામે જાણીતા છે.)

અરબ્બીમાં અલ્લાહ પાકનાં સુંદર નવાણું નામો "અસમાઉલ–હુસના"ના ના નામે જાણીતા છે આ પુસ્તક "ઈમાનના મોતી"માં આ નવાણુમાંનાં દરેક નામની સમજણ, ભેદ અને ખુબી બતાવ્યાં છે. પહેલાં એક નામ મોટા અરબ્બી અક્ષરોમાં આપવામાં આવ્યું છે. બાદ તેની નીચે તેનો ગુજરતી શુધ્ધ ઉચ્ચાર આપી, પછી તે નામનો અર્થ આપવામાં આવ્યો છે. વળી તે નામને તેના અર્થ સાથે તે પછી વધુ વિસ્તારીને સમજાવવામાં આવ્યો છે. અને વિશેષમાં તે પછી તે નામને બંધ એસ્તો, તે નામના ગુણો બતાવનારો તથા પુરેપુરી સમજણ આપનારો, એક બનાવ યા દષ્ટાંત, પાક કીતાબ કુરાને શરીફમાંથી યા હદીસ

શરીફમાંથી યા બીજી ખરી અને ખુબીદાર હકીકત અને હીકાયત ઉપરથી આપવામાં આવ્યું છે, અને આવી રીતે દરેક નામને સંપુર્ણ તેમજ સરળ અને આનંદકારક રીતે સમજાવેલ છે. ઠામ ઠામ પ્રસંગોપાત સરલ હિંદીમાં ખાસ બનાવેલા દોહરા વગેરે કાવ્યો તેના ગુજરાતી. અર્થ સાથે આપ્યા છે આવી રીતે જેમ મુળ વસ્તુ દરેક રીતે સુંદર સરળ, નીતિમાન અને આનંદકારક છે, તેમ સાથે આ પુસ્તકની છપાઈ, રચના, બંધાઈ, તેમજ પુઠાં પણ સુંદર કપડાનાં સોનેરી નામ સાથનાં વીલાયતી મોહક બનાવ્યાં છે. આ સઘળી બીના તરફ જોતાં, આવું પુસ્તક દરેક મુસલમીન ભાઈને ત્યાં અવશ્ય હોવું જોઈએ. કારણ આ ગુજરાતી તરજુમાની, અસલ અંગ્રેજી કીતાબની કીમત જો કે સાડા પાંચ રૂપીયા છે, તોપણ તેનો એટલો બધો ખપ થયો છે કે, તેને ફરી ફરી સાત વખત છાપવી પડી છે, એટલી બધી સંખ્યામાં તેનો ખપ ફકત ખ્રિસ્તી ધર્મ પાળનારાઓમાં આ અસલ ઈસલામી ધર્મની ખુબીદાર કીતાબનો થયો છે, એજ એની લોક-પ્રિયતા તથા ઉત્તમતાની સાબિતી છે, વળી આ અસલ અંગ્રેજી કીતાબના બનાવનાર ઉપરા સર એડવીન આરનોલ્ડ નાઈટને આ પુસ્તક બનાવવા માટે ટરકીના સુલતાને પેહેલા વર્ગનો, "ઓસમાનિઅહ" અને "મસજીદિએહ"નાં માનવંત ખિતાબ અને ચાંદ આપ્યા તેમજ ઇરાનનાં નામદાર શાહે પણ ખાસ ખિતાબને ચાંદ આપ્યાં છે. એક અંગ્રેજ પણ ઇસલામ સંબંધી કેટલું માન ધરાવે છે તથા આ આપણા મજહબ સંબંધી અજવાળું પાડે છે, તે સઘળું આ પુસ્તક જોતાં રોશન થશે. આશા છે કે આપણા ઈસલામી ભાઇઓ પણ આવી ચીજોની કદર કરવાથી પછાત પડશે નહિ. પુસ્તક ઈનશાઅલ્લાહ બરાબર તા૦ ૧ લી સપટેમ્બર ૧૯૦૦ એ બહાર પડશે. અગાઉથી તા૦ ૩૦ મી આગસ્ટ ૧૯૦૦ સુધીમાં નામ નોંધાવનાર પાસેથી ફકત રૂ ૧।। પુસ્તક તૈયાર થએ લેવામાં આવશે. પછવાડેથી રૂ ૨ પડશે. પોસ્ટેજ તથા વેલ્યુ પેબલ વગેરે બેઉ વખત માટે વધુ પડશે. નામ નોંધાવવાનું તથા બીજું સઘળુ કામકાજ નીચલે સરનામે પોસ્ટથીજ કરવો.

હાજી મહમદ અલારખિયા શિવજી.

મલબાર હીલ પોસ્ટ. પેડર રોડ, **મુંબઈ.**

આએ કીતાબ મળવાના ઠેકાણાં.

મુંબઈ—અમારે ત્યાં તથા બુકસેલર શેઠ લાલજીભાઈ વછયાણી ઠે૦ માંડવીના પુલપર.

ભાવનગર—વોરા અબ્દુલહુસેન આદમજી બુકસેલર ઠે૦ રૂવાપરીનાં દરવાજા પાસે.

વરતેજ—ખોજા જાફરઅલી જુશબ મામદ મુખી ઠે૦ ફોજદારી નજીક.

જંગબાર—શેઠ જાફરભાઈ ગુલામહુસેન ઠે૦ મદરેસામાં.

મહુવા—મે૦ બહારે મજાલીસનાં અધીપતી માસુમઅલી સાહેબ ઠે૦ મદરેસા.

તળાજા—મે૦ રફીકના અધિપતિ (ઐન-ગૈન) સાહેબ ઠે૦ શેઠ નથુભાઈ હીરજીની દુકાન.

ઉપલે ઠેકાણેથી સવળ પડતાઓને પરચુરણ કરતાં સામટી નકલ ૧૦) ખરીદનારને ૧) વધારે આપવામાં આવશે લેનારે સગવડ જોવી.

લી૦ સેવક,

ઠે૦ ફરનીચર બજાર પદમાબાઈ સ્કુલના હેડ માસ્તર **મુંબઈ.**

ઇબ્રાહીમ જુસબ મામદ મુખી.

"હયદર હુલાસ" તથા "કાસમ વિરહ" ના કર્તા.